بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**તા. ૦૧-ફેબ્રુઆરી-૨૦૧૧**

સફરુલ મુઝફ્ફર-રબીઉલ અવ્વલ શરીફ

હિજરી સન : ૧૪૩૨

વર્ષ : ૦૮, અંક : ૦૨, સળંગ અંક : ૮૬

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | ઈદે મીલાદુન્નબી વિશે મક્કા મદીનાના...... | ૦૨ |
| ૦૨ | મુસ્લિમો સામેની ચેલેંજો પ્રતિ જિમ્મેદારોનો રોલ કાલે અને આજે ....... *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૮ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૦ |
| ૦૫ | શિફા શરીફ | ૧૨ |
| ૦૬ | હદાઈકે બખ્શિશ | ૧૪ |
| ૦૭ | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ تعالیٰ علیہم اجمعین | ૧૬ |
| ૦૮ | અવલિયા અલ્લાહની કરામતો | ૧૭ |
| ૦૯ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૧૮ |
| ૧૦ | ૭૩માં એક કોણ ? | ૨૧ |
| ૧૧ | કાનૂને શરીઅત | ૨૫ |
| ૧૨ | ઈસ્લામી સજાઓ તથા કિસાસ બાઈબલ..... | ૨૭ |
| ૧૩ | નબી કરીમ ﷺ ની સામાજિક સેવાઓની...... | ૩૪ |
| ૧૪ | ઈમામ અહમદ રઝા અને કડક વલણ વિશે...... | ૩૮ |
| ૧૫ | દીની મદ્રસાઓ પર અમેરિકાની કૃપાદષ્ટિ શાથી ?! | ૪૪ |
| ૧૬ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૬ |


## ★ નબી આજ પૈદા હુવા ચાહતા હે ★

નબી આજ પૈદા હુવા ચાહતા હે    યે કા'બા ઘર ઉસ કા હુવા ચાહતા હે
ન ક્યૂં આજ કા'બા બને રશ્કે ગુલશન    વો ગુલ જલ્વા ફર્મા હુવા ચાહતા હે
યે રો રો કે આપસ મેં બુત કેહ રહે હૈં    ખુદા જાને અબ કયા હુવા ચાહતા હે
નિદા આ રહી હે કે હક્ક઼ કે ક઼મર કા    જહાં મેં ઉજાલા હુવા ચાહતા હે
ખરીદેગા ઈસ્યાં કો રહમત કે બદલે    ખરીદાર પૈદા હુવા ચાહતા હે
જો આલમ કો કતરે સે સૈરાબ કર દે    રવાં ઐસા દરયા હુવા ચાહતા હે
ફલક કે સિતારે ઝુકે આ રહે હૈં    કે પૈદા વો મૌલા હુવા ચાહતા હે
ખુદા કે ખઝાનોં કા મુખ્તાર હાકિમ    શહે દીનો દુન્યા હુવા ચાહતા હે
મલાઈક મઅુદ્દબ રહેં હુકમે રબ હૈં    કે મહબૂબ પૈદા હુવા ચાહતા હ
સલાતો સલામ અર્ઝ કર એ જમીલ અબ    ઈજાબત કા દરબાં હુવા ચાહતા હે

# ઈદે મીલાદુન્નબી વિશે મક્કા મદીનાના મુફ્તીઓના ફત્વા

કાર્યાલય

મીલાદુન્નબી ﷺ મનાવવાને વહાબી દેવબંદી જમાઅતવાળા નાજાઈઝ તથા બુરી બિદઅત કહે છે તથા તેને "બિન ઈસ્લામી તહેવાર" કહે છે ! પણ જ્યારે આ નજદી, વહાબી, દેવબંદી ફિર્કાનું અસ્તિત્વ પણ ન હતું અને મક્કા મદીના પર અહલે સુન્નત વ જમાઅતની હુકૂમત હતી ત્યારના ત્યાંના સુન્ની ઉલમાના મીલાદુન્નબી ﷺ મનાવવા વિશે શું ફત્વા છે તે જોતા ચાલો :–

**સવાલ** : "નીચેના મસ્અલામાં આપનો શો આદેશ છે કે પેદાઈશે મુસ્તફાનો ઝિક્ર કરવો અને વિલાદતના ઝિક્રની વખતે ક્રિયામ કરવો એ રીતે કે એમાં દિવસની નિશ્ચિતતા, મકાનની સજાવટ, ખુશ્બુનો ઉપયોગ, કુર્આનની કોઈ સૂરતની તિલાવત અને મુસલમાનોના માટે ખાવાનો બંદોબસ્ત પણ હોય. શું આવા સ્વરૂપમાં મીલાદની મેહફિલ ગોઠવવી જાઈઝ છે ? અને તેની ગોઠવણ કરનાર સવાબનો હક્કદાર થશે કે નહીં ? વર્ણન કરશો, અલ્લાહ તઆલા બેહતર બદલો આપે.

આ પ્રશ્ન પર **મક્કા મુકર્રમાના મુફ્તિયાને એઝામ** તથા ઉલમાએ કેબારે નીચે પ્રમાણે જવાબ આપ્યો :–

"નિ:શંક ! આ ઉપર જણાવેલ સ્વરૂપમાં મીલાદ શરીફનો મા'મૂલ અતિશય પસંદીદા અને મુસ્તહબ છે એટલા માટે ઉલમાએ મુતકદ્દેમીન (આગલા)એ પણ એને મુસ્તહસન કહ્યું અને વિલાદતે મુબારકાના ઝિક્ર વખતે ક્યામ પણ મુસ્તહસન છે અને તેનો મુન્કિર (નકારનાર) બિદઅતે સૈયેઅહ (બુરી બિદઅત)માં સપડાયેલો છે. કેમ કે તે એવી ચીજનો મુન્કિર છે જે અલ્લાહ તઆલા અને જમહૂર મુસલમાનો નજીક મુસ્તહસન છે. અષર ઈબ્ને મસ્ઊદમાં છે કે **મુસલમાનો જે ચીજને પસંદ કરે તે અલ્લાહ તઆલાની નજીક પણ પસંદીદા છે** અને આ સ્થાને **મુસલમાનોથી મુરાદ બાઅમલ ઉલમાએ કિરામ** છે.

અને અરબ, મિસ્ર, સીરિયા, રોમ અને ઉન્દલુસ (સ્પેન)ના તમામ ઉલમાએ કિરામે એને બુઝુર્ગોના કાળથી આજ સુધી મુસ્તહસન જ કહેલ છે, જેથી આ રીતે એના પર **ઉમ્મતનો ઈજમાઅ** થઈ ગયો. જેથી મીલાદની મેહફિલ ગોઠવવી નિ:શંક ! હક્ક છે.

નબી કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે મારી ઉમ્મત કદી ગુમરાહી પર એકમત થશે નહીં **જેથી શરીઅતના હાકિમ પર લાઝિમ છે કે તેના મુન્કિરને સજા આપે.** અલ્લાહ બેહતર જાણનાર છે."

આ ફત્વા પર મક્કા મુકર્રમાના ચારેવ મઝહબના ૪૨ મુફતીઓની સહીઓ છે.

હવે નીચે બરાબર આ જ પ્રમાણે ઉપરોક્ત પ્રશ્ન પર **મદીના મુનવ્વરાના મુફ્તિયાને કિરામ**નો સર્વસમંતિવાળો ફત્વો જોઈ લો : "મીલાદ શરીફમાં જે ચીજોની વ્યવસ્થા કરવામાં આવે છે, દા.ત. સદકા ખૈરાત આપવા, સારાં ભોજનો તથા મીઠાઈ વગેરે વહેંચવી, રસૂલે કરીમ ﷺ ના ઝિક્ર તથા તિલાવતના સમયે ક્રિયામ કરવો, ગુલાબનો છંટકાવ કરવો, અગરબત્તીઓ સળગાવવી, મકાનને શણગારવું, કુર્આને અઝીમની આયતોની તિલાવત કરવી, નબી કરીમ ﷺ ની બારગાહમાં સલાતો સલામ પઢવી અને ખુશી આનંદને ભરપુર રીતે પ્રદર્શિત કરવું, કશીય શંકા વિના આ અતિશય પસંદીદા અને અજ્ર તથા ફઝીલતવાળી ચીજ છે. **તેનો ઈન્કાર કોઈ બિદઅતી જ કરશે.** તેની વાત પર કદી પણ ધ્યાન ધરવામાં ન આવે. બલ્કે **ઈસ્લામના હાકિમ પર લાઝિમ છે કે તેને સજા આપે.** અલ્લાહ બેહતર જાણનાર છે.

આ ફત્વા પર મદીના મુનવ્વરાના ૩૦ ઉલમાએ કિરામ અને મુફતિયાને એઝામની મોહરો લાગેલી છે. **જિદ્દાના મુફતીઓએ** મૌલાના અબ્દુર્રહીમ દહેલ્વીના પ્રશ્નનો નીચે પ્રમાણે જવાબ આપ્યો : "ઉપર જણાવ્યાનુસારના સ્વરૂપમાં મેહફિલે મીલાદની ગોઠવણ કરવી શરીઅતની રૂએ બિદઅતે હસના (સારી બિદઅત) અને મુસ્તહબ છે. **તેના મુન્કિરના દિલમાં યકીનન ! નબી કરીમ ﷺ થી નિફાક તથા કીનો અને અદાવત છે.** તેનાથી ઈન્કારની શક્યતા કઈ રીતે જાઈઝ રાખી શકાય છે જ્યારે કે ઈર્શાદે ઈલાહી છે કે અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ દિલોની પરહેઝગારી છે."

આ ફત્વા પર જિદ્દા શરીફના દસ મુફતિયાને કિરામની મોહરો અને સમર્થનમાં સહીઓ વધુ પેજ નં. ૦૭....પર

# મુસ્લિમો સામેની ચેલેંજો પ્રતિ જિમ્મેદારોનો રોલ કાલે અને આજે

| | |
|---|---|
| યહ શહાદત ગહે ઉલ્ફતમેં કદમ રખના હય<br>લોગ આસાન સમઝતે હંય મુસલમાં હોના | ઈન્હીં પથ્થરોંપે ચલકે અગર આ સકો તો આઓ<br>મેરે ઘર કે રાસ્તેમેં કોઈ કહકશાં નહીં હય ! |




ઈસ્લામ અને મુસલમાનો સમક્ષ શરૂથી આજ સુધી વિકટથી વિકટ સમસ્યાઓની હારમાળા ચાલતી રહી છે અને જે તે સમયમાં ક્રમે ક્રમે સહાબા, તાબઈન, તબે તાબઈન બુઝુર્ગાને દીન તથા જે તે સમયના ઉલમાએ કિરામે ઈસ્લામી અકીદા તથા નિયમો પર અડગતાથી રહીને તેનો ભરપુર સામનો કરીને ઈસ્લામની શમ્અને તેજથી તેજતર રાખી છે. ક્યારેક સર્વ માન્ય ઈસ્લામી અકીદાઓમાં નવી વાતો ઊભી કરી મુસ્લિમોને ગુમરાહ કરવાની કોશિશ થઈ, તો ક્યારેક ઈસ્લામી કાનૂનો સામે ગૈરોએ વાંધા વચકા ઊભા કરી અવનવા આક્ષેપો કર્યા, તો ક્યારેક અજ્ઞાન મુસ્લિમ પબ્લિકને દીને ઈસ્લામથી જ ફેરવી મુર્તદ બનાવી બાતિલ મઅબૂદો સામે નમતા કરવાની કોશિશો થઈ, પણ રબ્બે કરીમ અગણિત રહમતોની વર્ષા કરે તે મર્દે મુજાહિદ બુઝુર્ગો તથા ઉલમાની કબ્રો પર જેમણે જાનની બાજી લગાડીને દીને મુસ્તફવીની રક્ષા કરી જેના લીધે આજે આપણે મુસલમાન રહ્યા છીએ. એના અનુસંધાનમાં હું મુનાસિબ સમજુ છું કે મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી مدظلہ العالی ના શબ્દોમાં એનો સંક્ષિપ્ત ચિતાર રજૂ કરું.

### ★ ભૂતકાળમાં મુસ્લિમોને ઈસ્લામથી વિમુખ કરવા થયેલ અવનવી કોશિશો ★

''ઈસ્લામી જગત અને ખાસ કરીને એશિયા ખંડના મુસ્લિમો માટે ૧૯મી અને વીસમી સદીની અર્ધ શતાબ્દી અગણિત સમસ્યાઓ, મુશ્કેલીઓ તથા ચેલેંજોથી ભરપૂર હતી. રાજનૈતિક એતબારથી તુર્કસ્તાન અને તેના હેઠળના અમુક પ્રદેશો સિવાય આખુ ઈસ્લામી જગત બ્રિટન, ફ્રાંસ, જર્મની, હોલેન્ડ તથા અન્ય યૂરોપી દેશોની કોલોનીઓમાં ફેરવાઈ ચૂક્યુ હતું અને ઈસ્લામ વિરોધી તાકતો પોતાના રાજકીય પ્રભાવની સાથોસાથ ઈસ્લામનું સદંતર અસ્તિત્વ મિટાવી દેવાના માટે પોતાની સર્વ શક્તિઓ તથા માધ્યમોનો ઉપયોગ કરી રહી હતી. પોતાના તાબા હેઠળના દેશોમાં તેઓ દરેક શક્ય તરીકાઓ વડે ઈસ્લામને કમજોર કરવાની કોશિશોમાં લાગેલી હતી. ક્યાંક એમના (મુસ્લિમો) પર પોતાની સંસ્કૃતિ સવાર કરવાની કોશિશ કરવામાં આવી રહી હતી, તો ક્યાંક એમને દુનિયવી પ્રગતિનો હરીયાળો બાગ બતાવીને પોતાના દીનથી બગાવત માટે ઉશ્કેરવામાં આવતા હતા. ક્યાંક ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ ﷺ પર વાંધાઓના અંબાર લગાડવામાં આવી રહ્યા હતા. તે લોકો જેઓ પશ્ચિમી વિચારધારામાં ઉછરેલા હતા તેમનું વલણ માફી માંગનારના જેમ હતું કે તેઓ ઈસ્લામના દુશ્મનોનો જવાબ આપવાના બદલે પોતાના પૂર્વજ બુઝુર્ગો પર આક્ષેપબાજી કરી રહ્યા હતા ! તેમનો લબો લહેજો કાંઈક એ પ્રકારનો હતો કે હે પશ્ચિમી આકાઓ ! અસલમાં અમારા પૂર્વજ બુઝુર્ગોએ કુર્આન તથા દીનને સમજવામાં ગલતી કરી છે !

હવે અમે તે ઈસ્લામ રજૂ કરી રહ્યા છીએ જે પશ્ચિમના મિજાઝને તદ્દન અનુરૂપ છે ! સર સૈયદ અહમદ તથા ઘણા અંગ્રેજોથી મોટા મોટા લક઼બો પામેલા તથા તેમની મદદ પામેલા લોકોનો એ જ હાલ હતો.

### ★ ઉલમાએ મુનાઝરાઓ થકી ઈસ્લામી જ્યોતને ઝળહળતી રાખી ★

અંગ્રેજોની પોલિસીઓથી દીની મામલે આ ગૈરોની શરણાગતિ સ્વીકારનાર તબક઼ા સિવાય જે તબક઼ો કેવળ ધર્મપરાયણતાનો દાવેદાર હતો તે તબક઼ાના અગ્રેસરોએ ન જાણે કઈ ભાવના હેઠળ અને હિંમત વડે પયગંબરે ઈસ્લામ ﷺની ઝાતે ગિરામીને પોતાના લખાણોનો વિષય બનાવ્યો અને આપની અઝમતના સંબંધે એમનો અંદાઝ નકારાત્મક તથા ગુસ્તાખીમય હતો. નબુવ્વતના મન્સબ (સ્થાન), ઈલ્મે નબુવ્વત, ઈખ્તિયારાતે મુસ્તફ઼ા તથા શફ઼ાઅત વગેરે સર્વસંમત તથા ઈજમાઈ અક઼ીદાને ઈખ્તેલાફ઼ી બનાવીને મુસ્લિમ ઉમ્મતમાં વિખવાદ તથા વિવાદનું બીજ રોપ્યું. બીજી બાજુ અંગ્રેજોએ હિંદુસ્તાનની હિંદુ બહુમતિને મુસ્લિમો વિરુદ્ધ ઉશ્કેરીને કુર્આન તથા પયગંબરે ઈસ્લામ ﷺ તેમજ ઈસ્લામની સાંસ્કૃતિક મજબૂતીઓ વિરુદ્ધ ઝહેર ફેલાવવા તૈયાર કર્યા. યૂરોપના પાદરીઓને બોલાવીને મુનાઝરા કરાવવામાં આવ્યા અને જયારે આ મેદાનમાં તેમને અહલે સુન્નત વ જમાઅતના મહાન આલિમે દીન તથા મુનાઝિર હઝરત મૌલાના રહમતુલ્લાહ કીરાનવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ સખત હાર આપી તો આર્યો અને સનાતન ધર્મીઓને મુનાઝરાના મેદાનમાં ઉતારવામાં આવ્યા. પણ આ વિરોધી શક્તિઓને એ ખબર ન હતી કે કુદરતે પોતાના પસંદીદા દીન અને પોતાના મહાન રસૂલ ﷺની મહાનતા તથા નબુવ્વતના સ્થાનની રક્ષાના માટે એવી વ્યક્તિઓ પેદા કરી આપી છે જેઓ બાતિલ શક્તિઓને દરેક મેદાનમાં હાર આપવાની ક્ષમતા ધરાવે છે. ખુદાએ ક઼દીરો જબ્બારે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની દર્સગાહની કેળવણી પામેલી વ્યક્તિઓ તથા તેમના સમકાલિન ઉલમા તથા મશાઈખને એવી તૌફ઼ીક઼ અતા ફ઼ર્માવી કે તેઓ નેચરી, વહાબી, દેવબંદી તથા ગૈર ક઼ૌમોના તબક઼ાના હુમલાઓના જડભાતોડ જવાબ આપી શકે અને આ રીતે અખંડ ભારતના કરોડો મુસલમાનોના અક઼ીદાઓની રક્ષા કરી શકે. તેઓએ ચોતરફથી ઈસ્લામ પર થનારા હુમ્લાઓનો પોતાના લખાણો, તક઼રીરો તથા મુનાઝરાઓ વડે ભરપુર જવાબ આપ્યો અને ઈસ્લામ વિરોધી શક્તિઓને મુનાઝરાના મેદાનમાં સખત હાર આપીને હમેશાંના માટે ખામોશ કરી દીધી.

### ★ ઈસ્લામથી ફરી ગયેલાઓને ફરી દીન પર લાવ્યા ★

મુનાઝરાઓમાં હાર પછી ગૈર કૌમોએ જંગનું મેદાન બદલી નાખ્યું અને "શુદ્ધિ ચળવળ"ના થકી અજ્ઞાન તથા ગરીબ મુસલમાનોને ધર્મ પરિવર્તન કરાવવાની શરૂઆત કરી. અને ધર્મથી ફેરવવાનો આ ફ઼િત્નો ઘણો જ ભયાનક અને હચમચાવી દેનારો હતો. હિંદુસ્તાનના વિવિધ વિસ્તારોમાં હજારો મુસલમાન મુર્તદ થઈને ધર્મથી બહાર થઈ ચૂકયા હતા. ધર્મ પરિવર્તન કરનારાઓની સંખ્યા દિન પ્રતિ દિન વધી રહી હતી. એ સંજોગોમાં "જમાઅતે રઝાએ મુસ્તફ઼ા"ના પ્લેટફોર્મથી ઈસ્લામની રક્ષાની શરૂઆત કરવામાં આવી. સરકાર હુઝૂર મુફ઼તીએ આ'ઝમ رحمۃ اللہ علیہની સરપરસ્તીમાં ઉલમાએ એહલે સુન્નતે "શુદ્ધિ ચળવળ"ની અસર હેઠળના વિસ્તારોનો દૌરો કર્યો. આ કાર્યમાં હઝરત પીર સૈયદ જમાઅત અલીશાહ મુહદ્દિષ અલીપુરીથી લઈને હિંદુસ્તાનના મોટા મોટા ઉલમા શરીક હતા, જેમ કે સદરુલ અફ઼ાઝિલ હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી, શેરબેશએ અહલે સુન્નત હઝરત હશ્મત અલી

પીલીભીતી رِضْوَانُ اللّٰہِ تَعَالیٰ عَلَیْہِمْ اَجْمَعِیْن વગેરે. તેમણે પંડિત રામચંદ્ર તથા સ્વામી શ્રદ્ધાનંદ વગેરેથી મુનાઝરો કરીને તેમને મેદાન છોડવા મજબૂર કરી દીધા અને મુર્તદ થઈ જનારા મુસલમાનોના વિસ્તારોમાં સતત દૌરા કરીને અને અમુક ઠેકાણે મહિનાઓ સુધી ધામા નાખીને તેમને ફરીથી ઈસ્લામમમાં દાખલ કર્યા. જો એ ઉલમાએ એ ફિત્નાનો પ્રતિકાર આ પ્રમાણે જવાંમર્દીથી ન કર્યો હોત તો મુસલમાનોનો એક ઘણો જ મોટો તબક્રો દીનથી ફરી જઈને ગૈરોનો મઝહબ અપનાવી ચૂક્યો હોત અને અત્યારના હાલાત અતિશય બદતર હોત. *(ફતાવા સદરુલ અફાઝિલ, પેજ : ૨૪, ૨૫)*

## ★ મુસ્લિમોની વર્તમાન હાલત અને માર્ગદર્શનના ક્ષેત્રે સન્નાટો ! ★

શું ભૂતકાળમાં મુસલમાનોને દીનથી વિમુખ કરનારી તથા મુસલમાનોને પોતાના જ દીનમાં શંકાકુશંકા પેદા કરનારી જે પ્રવૃત્તિઓ તથા ચળવળો ચાલતી હતી તે શું ખત્મ થઈ ગઈ ?! નહીં ! આજે પણ અવનવા સ્વરૂપે એ ચળવળ પોતાનું કામ કરી રહી છે અને તેમાં પુષ્કળ લોકો ભોળપણમાં પોતાના ઈમાન તથા ઈસ્લામથી હાથ ધોઈ રહ્યા છે. અને અફસોસ તો એ છે કે એમને ઈસ્લામી વર્તુળથી પોતે ફેંકાઈ રહ્યા છે તેની પણ જાણ નથી ! હજી પોતાને મુસલમાન સમજી રહ્યા છે ! અને આ બધુ મુસલમાનોની ભલાઈના નામ પર થઈ રહ્યું છે ! ગૈર મુસ્લિમોના ધાર્મિક તહેવારોમાં, પૂજા અર્ચનાના કાર્યક્રમોમાં ક્યાંક મુસ્લિમો જોડાઈ રહ્યા છે તો વળી ક્યાંક તેમના ધાર્મિક સરઘસોમાં કહેવાતા મુસ્લિમ નેતાઓ, આગેવાનો પબ્લિક સાથે જોડાયને મૂર્તિઓને હારતોરા કરે છે, તો ક્યાંક મંદિરમાં મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠાના કાર્યક્રમમાં ઉત્સાહભેર કોઈ મોલ્વી પહોંચી જતા જોવા મળે છે, તો વળી ક્યાંક અલ્લાહના વલીની દરગાહમાં ભજન કિર્તન તથા ગૈરોના મઅબૂદોની જય જયના ગીતો ગવાઈ રહ્યાં છે ! આવા દીની બાબતોમાં ભેળસેળના ઘણા પ્રોગ્રામ થઈ રહ્યા છે, છતાં મુસ્લિમોના ઈમાનની રક્ષા માટે સહી માર્ગદર્શન કોઈ હિકમતે અમલીથી કરવાની બાબતે સન્નાટો જણાય છે ! ઈલ્લા માશાઅલ્લાહ ! બેશક ! વતની ભાઈઓ સાથે બંધુત્વની ભાવના રાખવામાં આવે અને તેમની લાગણી, સહાનુભૂતિ રાખી તેમનાથી મેળમેળાપ સતત જાળવવામાં આવે, પણ ધાર્મિક બાબતોમાં અલ્લાહ વ રસૂલના ફર્માનોને જ અનુસરવામાં આવે. પણ આજે "એકતા ! એકતા !"નો નારો મારીને દીન, ઈમાન, ધર્મની કોઈ કદર જ કરવામાં નથી આવતી, છતાં મુસ્લિમ પબ્લિકને આ ક્ષેત્રે માર્ગદર્શન આપનાર કોઈ જણાતુ નથી. ઈલ્લા માશાઅલ્લાહ !

## ★ મુસલમાને કોઈની વાત નહીં, ખુદા વ રસૂલની વાતને અનુસરવું ★

ગુજરાત સમાચાર દૈનિક પત્ર તા. ૨૮–૧૨–૨૦૧૦ (રાજકોટ આવૃત્તિ, પેજ–૧૫)માં છે કે :–

રાજકોટમાં મહાજન પાંજરાપોળ દ્વારા મુસ્લિમ સમાજના લોકો અને કસાઈના ધંધામાં જોડાયેલા લોકો માટે જૈન ધર્મવાળા થકી પરસ્પર પ્રેમ અને ભાઈચારો વધે એ આશયથી પ્રવચન યોજાયું જેમાં મુસ્લિમ સમાજના ભાઈઓ તથા બહેનો, મૌલાના અનસ સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. જૈન મુનિએ કહ્યું કે, "મુહમ્મદ પયગંબરે પણ કુર્આનમાં જણાવેલું છે કે કોઈપણ જીવની હિંસા કરવી તે નાપાક છે. હજ્જ કરતી વખતે પણ મુસ્લિમ લોકો એક કીડી જેવા નાના જીવની પણ દયા પાળતા હોય છે........" *(ગુજરાત સમાચાર, ૨૮–૧૨–૨૦૧૦, રાજકોટ આવૃત્તિ, પેજ : ૧૫)*

આ બાબતે અમો નમ્રતાપૂર્વક જણાવીએ છીએ કે હજ્જમાં જ નહીં, સામાન્ય સંજોગોમાં પણ કોઈપણ

જાતની નિરર્થક હિંસા એટલે સુધી કે કીડીને કચડવી કે વિના કારણે પક્ષીનો માળો વિખેરવો ઈસ્લામમાં મના છે. જેમ કે હદીષોમાં એના સંબંધે રસૂલેપાક ﷺનાં ફર્માનો આવેલાં છે. પણ એ પણ જાણી લો કે હજ્જમાં એહરામથી બહાર નીકળવાની ક્રિયામાં હાજીને એ પણ હુકમ છે કે "જાનવરની કુર્બાની કરે." પછી આગળની વિધિ થશે, અને એ એહરામથી નીકળી સામાન્ય પોશાક પહેરી શકશે.

હા ! વિના કારણે કોઈ માનવી કે જાનવરને તકલીફ આપવી જાઈઝ નથી, પણ રબ તઆલાએ જે જાનવરો હલાલ કર્યાં છે તેને ઝબહ કરી શકાય છે. આ દુનિયાની સર્વ ચીજો માનવીના માટે છે તેમાંથી જેનો ઉપયોગ જે રીતે કરવાનો રબે હુકમ આપ્યો તે મુજબ કરવામાં આવે. આ એક લાંબી ચર્ચાનો વિષય છે જેની અત્રે ગુંજાઈશ નથી, પણ મુસલમાનોએ ઈસ્લામના કાનૂનને અનુસરવું જોઈએ અને મુસલમાન સિવાય કોઈ અન્ય ધર્મીને દબાણ નથી કે તે પણ તેના પ્રમાણે ચાલે. હલાલ જાનવરને ઝબહ કરી તેનું માંસ ખાવાની છૂટ પાછળ અગણિત હિકમતો છે અને એ હક઼ીક઼ત છે કે જગતભરમાં થોડાક આવી માન્યતાવાળા સિવાય સર્વ ધર્મના લોકો માંસાહારી છે. અને મુસલમાને તો અલ્લાહે જેને હલાલ કે હરામ દર્શાવ્યું, રસૂલે પાક ﷺએ જે ખાવાની ઈજાઝત આપી તેના તરફ ધ્યાન રાખવું જોઈએ. વળી માફી સાથે જણાવું છું કે ખોટુ લાગે તો માફ કરજો પણ એમાં જણાવેલ મૌલાના અનસ સાહબ તથા કહેવાતા મુસ્લિમ અગ્રણીઓએ તો જૈન મુનિની સામે સીધી શરણાગતિ જ સ્વીકારી કેવળ લેકચરબાજી જ કરી છે, એ સિવાય ઈસ્લામિક રીતે આ વિષય સંબંધે એ વાતોનું કોઈ તથ્ય નથી, તેમના તરફથી તો તાલમેલ વિનાની વાતો જ કહેવામાં આવી છે.

### ★ મુસલમાનો ! ઈસ્લામમાં સંપૂર્ણપણે દાખલ થઈ જાવ ! ★

અહીં મુસલમાનોના બોધ માટે જેના પર તેઓનું ઈમાન છે તે અલ્લાહની કિતાબ કે જે તેણે પોતાના પ્યારા નબી ﷺ પર ઉતારી તેની એક આયતના સંબંધે ચર્ચા રજૂ કરું છું.

"અહલે કિતાબમાંથી હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને આપના સાથીદારો હુઝૂર ﷺ પર ઈમાન લાવ્યા પછી હઝરત મૂસા علیہ السلامની શરીઅતના અમુક હુકમો પર અમલ કરતા રહ્યા. શનિવારની ઈજ્જત કરતા અને તે દિવસે શિકાર કરવાથી બચતા હતા, તેમજ દૂધ તથા માંસથી પણ દૂર રહેતા હતા અને વિચારતા કે આ બાબતો ઈસ્લામમાં માત્ર મુબાહ છે, એમનું કરવું જરૂરી તો નથી, અને તૌરાતમાં એનાથી બચવું જરૂરી કહેવામાં આવ્યું છે તો એને છોડવામાં ઈસ્લામનો વિરોધ પણ નથી અને હઝરત મૂસાની શરીઅત પર પણ અમલ થશે. ત્યારે આ આયત ઉતરી :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا ادْخُلُوْا فِى السِّلْمِ كَاۤفَّةً وَّلَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ۝

"હે ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં સંપૂર્ણપણે દાખલ થઈ જાવ ! અને શયતાનના પગલે ન ચાલો, બેશક ! તે તમારો ખુલ્લો દુશ્મન છે." આ રીતે ફર્માવવામાં આવ્યું કે ઈસ્લામના હુકમોનું સંપૂર્ણપણે પાલન કરો. એટલે કે તૌરાતના હુકમ મન્સૂખ (રદ) થઈ ચૂક્યા જેથી હવે તેના પર અમલ ન કરો."

*(સૂ. બક઼રહ, આ. ૨૦૮, કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન)*

આ કુર્આની પ્રસંગમાં ભટકી રહેલા મુસલમાનો માટે હિદાયતનો ભરપુર ભંડાર ભરેલો છે કે જ્યારે આસ્માની કિતાબ તૌરાત પર પણ હાલ અમલ જાઈઝ નથી તો અન્યની વાતનું શું વજન ગણવુ ?!

## ★ મુસલમાનોને અંતિમ દર્દભરી ગુઝારિશ ! ★

અંતમાં દર્દભરી અપીલ છે કે મુસલમાનો વતની ભાઈઓ સાથે ભલે ગમે તે જાતિના હોય બંધુત્વની ભાવના કેળવે પણ શરીઅતના વર્તુળમાં રહીને. અને એટલા માટે એકતાના નામે ધાર્મિક બાબતોમાં ચંચૂપાત કે ભેળસેળ કરવા બાબતે ઈલ્મવાળાઓથી શીખે, સમજે કે એમાં કઈ વાતો હરામ છે ? કઈ વાતો કુફ્ર તથા શિર્ક ઠરે છે ? અને હા ! કહેવાતા વર્તમાન મૌલ્વીઓ કે બેશરઅ પીરોથી ન શીખે જેઓ સ્ત્રી, પુરૂષોથી ભરેલા સર્વ ધર્મના લોકોથી ભરચક, સર્વ ફિર્કાવાળાના **"એકતા સંમેલન"** કે **"શાંતિ સંમેલન"** કે **"હિંદુ મુસ્લિમ સમૂહ લગ્ન", "સુન્ની વહાબી મિક્સ સમૂહ લગ્નો"**ના મેળાવડાઓ યોજીને ત્યાં આમંત્રિત કહેવાતા મુસ્લિમ કે ગૈર મુસ્લિમ વક્તાઓનાં કુફ્રી કે શિર્કિયા બયાનો ખામોશ થઈ સાંભળતા રહે છે અને મુસ્લિમ ભોળી પ્રજા તેમના બયાનોને તાળીઓથી વધાવતી રહે છે ! કહેવાતી હસ્તીઓ સમક્ષ બેપર્દા સ્ત્રીઓ આડેધડ લેકચરો આપે છે અને પોતે ધ્યાનથી સાંભળતા રહે છે ! સુન્ની વહાબી સૌના નિકાહ પઢાવી દેનારા બનાવટી પીર મુલ્લા નહીં, બલ્કે કુર્આનના આમિલ તથા આલિમ સુન્ની બાશરઅ સાચા પીરો તથા આલિમોથી દીન શીખે અને સમજે કે સર્વ ધર્મવાળાથી ભેળસેળ કરવામાં કેટલી હદ સુધી જઈ શકાય છે, કેટલી હદે સંબંધો રાખી શકાય છે. નહીં તો બે ઘડીની વાહ વાહ કે થોડાક દુનિયવી લાભો તેમજ રાહતો પામવામાં ક્યાંક હમેશાંની જિંદગી આખેરતને બર્બાદ ન કરી બેસાય તે ધ્યાન રાખશો. અને જિમ્મેદાર ઉલમા હિકમતે અમલીથી પ્રેમપૂર્વક અવામને ઈમાન માટેનાં ભયસ્થાનોથી ચેતવે અને હરામ બાબતોથી માહિતગાર કરે, અને શરીઅતના વર્તુળમાં રહી સૌની સાથે સુલેહ શાંતિ, મેળ મેળાપ કઈ રીતે રાખવો તે સમજાવે જેથી કૌમ ભટકવાથી બચે. રબ્બે કરીમ મને તમને સૌને ઈમાન પર રાખે અને ઈમાન પર આપણા સૌનો ખાત્મો ફર્માવે. (આમીન)

પેજ નં. **૦૨** નું ચાલુ...

છે. **જદીદાના મુફ્તીઓ**એ એ જ ઉપરોક્ત સવાલનો જવાબ આ પ્રમાણે આપ્યો : "ઉપરોક્ત ચીજોની વ્યવસ્થા સાથે મીલાદ શરીફ પઢવી ન કેવળ જાઈઝ છે બલ્કે મુસ્તહબ છે અને એની ગોઠવણ કરનાર સવાબનો હક્કદાર છે. ઉલમાએ આ વિષય પર મજબૂત કિતાબો લખી છે અને એને ગોઠવવા પ્રોત્સાહન આપ્યું છે તેમજ તેમણે ફર્માવ્યું કે **એનો ઈન્કાર કોઈ બિદઅતી જ કરી શકે છે. શરીઅતના હાકિમ પર જરૂરી છે કે મીલાદના મુન્કિરને સજા આપે."**

આ ફત્વા પર જદીદા શરીફના ૧૨ મુફ્તિયાને કિરામની મોહરો તથા સહીઓ છે. હિજાઝ મુકદ્દસના આ ફત્વાઓની રોશનીમાં મેહફિલે મીલાદ જાઈઝ તથા મુસ્તહબ હોવાનો હુકમ ૧૪ મીના ચાંદની જેમ રોશન તથા મુનવ્વર થઈ ગયો. તેમ છતાં પણ કોઈ કલ્મો પઢનારો સંતોષ ન પામે તો તેણે પોતાની ઈમાની હાલત પર વિચાર કરવો જોઈએ કે યકીનન ! તેનું દિલ રસૂલુલ્લાહ ﷺ ની પ્રતિ મુનાફિકત અને ઉઘાડી દુશ્મનીમાં સપડાયું છે. *(હવાલો : ભારતખંડમાં મુસ્લિમોમાં વિખવાદના સબબો, લેખક : મૌલાના મુબારકહુસૈન મિસ્બાહી–મુબારકપુર)*

આ ચર્ચામાં સચોટ પુરાવા ઐતિહાસિક તથા શરઈ રીતે "ઈદે મીલાદુન્નબી" મનાવવું જાઈઝ તથા મુસ્તહસન હોવા વિશે રજૂ કર્યા. તો જે એને "બિન ઈસ્લામી તહેવાર" કહે તે ખૂદ બિદઅતી તથા સજાને પાત્ર તથા દિલમાં નિફાક તથા કીનો ધરાવનાર અને પોતે જ બિન ઈસ્લામી હોવું પુરવાર થયું. બસ આ શબ્દો પર વાત ખત્મ કરીએ છીએ કે :–

**ઔર તુમ પર મેરે આકા કી ઈનાયત ન સહી**
**નજદીયો ! કલ્મા પળ્હાનેકા ભી એહસાન ગયા !**

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

قُلْ اَؤُنَبِّئُكُمْ
بِخَيْرٍ مِّنْ ذٰلِكُمْ ؕ لِلَّذِيْنَ اتَّقَوْا عِنْدَ رَبِّهِمْ
جَنّٰتٌ تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا
وَ اَزْوَاجٌ مُّطَهَّرَةٌ وَّ رِضْوَانٌ مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ
بَصِيْرٌۢ بِالْعِبَادِ ﴿۱۵﴾ اَلَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَآ اِنَّنَآ اٰمَنَّا
فَاغْفِرْلَنَا ذُنُوْبَنَا وَقِنَا عَذَابَ النَّارِ ﴿۱۶﴾ اَلصّٰبِرِيْنَ وَ
الصّٰدِقِيْنَ وَ الْقٰنِتِيْنَ وَالْمُنْفِقِيْنَ وَالْمُسْتَغْفِرِيْنَ
بِالْاَسْحَارِ ﴿۱۷﴾ شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَ
الْمَلٰٓئِكَةُ وَ اُولُوا الْعِلْمِ قَآئِمًۢا بِالْقِسْطِ ؕ لَآ اِلٰهَ اِلَّا
هُوَالْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۱۸﴾ اِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ قف
وَمَا اخْتَلَفَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ اِلَّا مِنْۢ بَعْدِ
مَاجَآءَهُمُ الْعِلْمُ بَغْيًۢا بَيْنَهُمْ ؕ

### ત.....ર્જુ.....મો.....

(હે મારા રસૂલ !) આપ ફર્માવો, શું બતાવું તમને એનાથી બેહતર ચીજ તેમના માટે જેઓ મુત્તક઼ી બને એમના રબના ત્યાં બાગો છે, તેના નીચે નહેરો વહે છે. હમેશાં રહેશે (મુત્તક઼ી) એમાં અને (એમના માટે) પાકીઝા બીવીઓ હશે, અને હાંસલ થશે તેમને ખુશ્નૂદી અલ્લાહની[૧૭] અને અલ્લાહ તઆલા સારી રીતે જોનારો છે પોતાના બંદાઓને. આ તે લોકો છે જેઓ કહે છે, હે અમારા રબ ! યક઼ીનન અમે ઈમાન લાવ્યા, તું માફ ફર્માવી આપ અમારા માટે અમારા ગુનાહ અને બચાવી લે અમને આગના અઝાબથી. (એઓ મુસીબતોમાં) સબ્ર કરવાવાળા છે[૧૮] અને (દરેક હાલતમાં) સત્ય બોલનારા છે અને ઈબાદતમાં આજિઝી કરનારા છે અને (અલ્લાહની રાહમાં) ખર્ચ કરનારા છે અને (પોતાના ગુનાહોની) માફી માંગનારા છે સહરીના સમયે. શહાદત આપી અલ્લાહ તઆલાએ (એ વાતની કે) બેશક ! કોઈ ખુદા નથી તેના સિવાય[૧૯] (એ જ ગવાહી આપી) ફરિશ્તાઓએ અને ઈલ્મવાળાઓએ. (તે સૌએ એ પણ ગવાહી આપી કે તે) સ્થાપિત કરનાર છે[૨૦] અદ્લો ઈન્સાફને. નથી કોઈ મઅ્બૂદ એના સિવાય (જે) ઈજ્જતવાળો હિકમતવાળો છે. બેશક ! દીન અલ્લાહ તઆલાની નજીક કેવળ ઈસ્લામ જ છે[૨૧] અને ન ઝઘડો કર્યો[૨૨] જેમને આપવામાં આવી હતી કિતાબ, પણ એના પછી કે આવી ગયો હતો એમની પાસે સહીહ ઈલ્મ. (અને આ ઝઘડો) આપસમાં હસદના કારણે હતો.

### તફસીર..............

**૧૭.** શું આનાથી વધીને પણ કોઈ ઈનામ છે જેની ઈન્સાન આરઝૂ પણ કરી શકે. વાસ્તવિક્તા સમજનારાં દિલો માટે એ જ જીવનનો સાર છે, એ જ જીવન ધ્યેય છે. માનવ ઉચ્ચતાનો આ જ તે સૌથી ઉચ્ચ મક઼ામ છે જેનાથી ઉચ્ચતર કોઈ અન્ય ચીજની કલ્પના પણ નથી કરી શકાતી.

**૧૮.** મુત્તક઼ી લોકો જેમના માટે જન્નત પોતાની સર્વ સાઝ શણગાર અને હ્દયાકર્ષક્તાઓ સાથે રાહ જોઈ રહી છે, જેમના પર રઝાએ ઈલાહીનો સાયો થઈ રહ્યો છે તેમના અમુક ગુણોનું વર્ણન થઈ રહ્યું છે જેથી તક઼્વાનો ભાવાર્થ સ્પષ્ટ થઈ જાય અને સાથોસાથ એ પણ માલૂમ થઈ જાય કે એમના પર આ ઈનામો ઈકરામ વિના

કારણે નથી.

**૧૯.** દુનિયાની સૌથી મોટી અને મહત્વની શહાદત તૌહીદની શહાદત (ગવાહી) છે. અલ્લાહ તઆલા ખૂદ પોતાની વહાદાનિયતનો સૌથી મહાન ગવાહ છે, અને એના ઉપરાંત તેની માસૂમ મખ્લૂક઼ ફરિશ્તા અને અહલે ઈલ્મ (ઈલ્મવાળા) આ ઉઘાડી સચ્ચાઈના ગવાહ છે. અલ્લાહ તઆલાની પોતાની તૌહીદ પર શહાદત વિશે અલ્લામા બયઝાવી ફર્માવે છે : ''અલ્લાહ તઆલાએ કાઈનાતની કિતાબના દરેક પૃષ્ઠ પર પોતાની તૌહીદની એવી રોશન તથા અટલ દલીલો અંકિત ફર્માવી દીધી છે જેનાથી કોઈ બુદ્ધિશાળી સદ્‌બુદ્ધિવાળો ઈન્કાર નથી કરી શકતો. અને તદ્ ઉપરાંત તેણે પોતાની કિતાબોમાં તૌહીદના મસ્અલાને એ પ્રમાણે દલીલપૂર્ણ વર્ણન કર્યો છે કે શંકાકુશંકાનો અવકાશ જ નથી રહી જતો. કુર્આને કરીમે દરેક મુનાસિબ મોક઼ા પર ઈલ્મની મહાનતા તથા ઈલ્મવાળાઓની શાન બયાન કરીને પોતાનાં માનવાવાળાઓને ઈલ્મ હાંસલ કરવા પ્રોત્સાહિત કરે છે. અહીં પણ તૌહીદના ગવાહોમાં ઈલ્મવાળાઓની ગણના કરીને તેમની ઈજ્જતમાં વધારો કરી આપ્યો.

**૨૦.** قَآئِمًا بِالْقِسْطِ ؕની એક તરકીબ એ છે કે આ ''હાલ'' છે અને શબ્દ અલ્લાહ ''ઝુલ હાલ.'' અને બીજી તરકીબ એ છે કે لَآ اِلٰهَ اِلَّا هُوَમાં هُوَ ઝમીર એનો ઝુલ હાલ છે અને આ હાલ મઅનન્ એની સિફત છે, આ સ્થિતિમાં એ અશહૂદ બિહમાં દાખલ થશે. એટલે કે એ સર્વ ગવાહોએ એની વહદાનિયતની પણ ગવાહી આપી અને એની સાથે એના અદ્‌લો ઈન્સાફની પણ ગવાહી આપી. (બયઝાવી) તર્જુમો આ બીજી તરકીબના પ્રમાણે કરવામાં આવ્યો છે. અલ્લાહનો અદ્‌લો ઈન્સાફ કોઈ એક ચીજની સાથે ખાસ નથી બલ્કે કાઈનાતની તખ્લીક઼ (સર્જન) ફિતરતના કુલ ક઼ાયદાઓ, અક઼ીદાઓ તથા શરીઅતના ક઼ાનૂનો........સારાંશ કે દરેક તે ચીજ જેને એની સાથે નિસ્બત છે તે તેના અદ્‌લો ઈન્સાફની જીવતી જાગતી તસ્વીર છે. **تبارك الله احسن الخالقين**

**૨૧.** અલ્લામા ઈબ્ને કષીરે ઈસ્લામના ભાવાર્થને ખૂબ જ સરળ તથા સ્પષ્ટ શબ્દોમાં આ પ્રમાણે વર્ણન કર્યો છે :–

**هـو اتباع الرسل فيما بعثهم الله به فى كل حين حتى كتموا بمحمد صلى الله تعالٰى اليه وسلّم الذى سدجميع الطريق اليه الامن جهة محمد ﷺ**

''દરેક જમાનાના નબી પર અલ્લાહ તઆલાએ જે નાઝિલ કર્યું એની ઈતાઅત (આજ્ઞાપાલન) તથા ઈત્તેબાઅ (અનુસરણ)ને ''ઈસ્લામ'' કહે છે, ત્યાં સુધી કે સૈયદના મુહમ્મદુર્રસૂલલ્લાહ ﷺના આગમનથી જ્યારે નબુવ્વતનો ક્રમ ખત્મ થયો તો ઈસ્લામ નામ થઈ ગયું મુહમ્મદ ﷺના અનુસરણનું.'' **એ ઝાતે પાકને છોડીને કોઈ શખ્સ જો કોઈ અન્ય માર્ગ અપનાવશે તો તે ગુમરાહીનો માર્ગ હશે.** આ આયતથી તારીખે અદયાન (દીનનો ઈતિહાસ)ના વિદ્યાર્થીઓના માટે કુર્આને એક ઘણી જ મહાન ગુંચવણ ઉકેલી આપી છે. તેણે બતાવી આપ્યું કે વિવિધ અંબિયા વિવિધ સમયોમાં અલગ અલગ દીન લઈને નથી આવ્યા બલ્કે દરેકે પોતપોતાના સમયમાં એક જ દીનની દા'વત આપી અને એક જ દીનની તબ્લીગ કરી. તે સૌ હક્ક઼ના પયગંબરો હતા, હક્ક઼ની તરફ બોલનારા હતા, હક્ક઼ની સાથે મોકલવામાં આવ્યા હતા, અને હક્ક઼ એક જ છે એટલા માટે સૌ એક જ દીનના મુબલ્લિગ બનીને આવ્યા હતા. હવે ખાતિમુલ અંબિયા પણ એ જ દીનના નિમંત્રક (દાઈ) બનીને આવ્યા છે, કોઈ નવો દીન લઈને નથી આવ્યા એટલા માટે હવે હુઝૂર ﷺનો દીન જ ઈસ્લામ છે **હુઝૂર ﷺની ગુલામીને છોડીને જે શખ્સ પણ કોઈ બીજો દીન અપનાવશે તે અલ્લાહ તઆલાની નજીક મક઼બૂલ (સ્વીકાર્ય) ન થશે.**

**૨૨.** હવે અહીં આપોઆપ એ સવાલ પેદા થાય છે કે જો દીન એક જ છે તો દીનના નામ પર જે અગણિત ફિર્ક઼ાઓ જાહેર થઈ ગયા છે અને તેમના આપસમાં મતભેદની આગ ઘણી વાર માહોલની શાંતિ તથા સલામતીમાં ભંગાણ ઊભુ કરી દે છે એનું શું કારણ છે ? આ આયતમાં એનો જવાબ આપવામાં આવ્યો કે આ મતભેદ કોઈ નેક નિયતી અથવા ગલત ફહમી પર આધારિત નથી બલ્કે તેનું કારણ હસદ તથા દુશ્મની છે. (એની વિગત અગાઉ સૂરએ બક઼રહ, આયત–૨૧૩માં વર્ણન થઈ ચૂકી છે.)

દર્સે હદીષે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે નબી ﷺ એ ફર્માવ્યું કે જ્યારે માણસ મૃત્યુ પામે છે તો તેના અમલો પણ ખત્મ થઈ જાય છે[૧] સિવાય ત્રણ અમલોના. એક કાયમી ખયરાત અથવા તે અમલ જેનાથી ફાયદો ચાલુ રહે અથવા તે નેક બાળક જે એના માટે ભલાઈની દુઆ કરતો રહે[૨]. *(મુસ્લિમ)*

એમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે ફર્માવ્યુ રસૂલુલ્લાહ ﷺ એ, જે કોઈ મુસલમાનને દુનિયાવી તકલીફથી મુક્તિ આપે તો અલ્લાહ એનાથી કયામતના દિવસની મુસીબત દૂર કરશે[૩]. અને **જે કોઈ તંગીવાળા પર આસાની કરે અલ્લાહ દીન તથા દુનિયામાં એના પર આસાની** ફર્માવશે[૪]. અને **મુસલમાનની પર્દાપોશી કરે અલ્લાહ દીન તથા દુનિયામાં તેની પર્દાપોશી કરશે[૫]. અને અલ્લાહ બંદાની મદદ પર રહે છે જ્યાં સુધી બંદો પોતાના ભાઈની મદદ પર રહે[૬]**. જે ઈલ્મની તલાશમાં કોઈ માર્ગ પાર કરે તેની બરકતથી **અલ્લાહ એના પર જન્નતનો માર્ગ આસાન** કરી આપશે[૭]. અને કોઈ કૌમ અલ્લાહના ઘરોમાંથી કોઈ ઘરમાં કુર્આન પઢે અને આપસમાં કુર્આન શીખવા શીખવાડવાના માટે નથી ભેગી થઈ[૮] પણ તેમના પર દિલનું ચૈન ઉતરે છે અને તેમને રહમત ઢાંકી લે છે અને ફરિશ્તા ઘેરી લે છે[૯]. અને અલ્લાહ તેને તે જમાઅતમાં યાદ કરે છે જે એની પાસે છે[૧૦]. જેને અમલ પાછળ કરી આપે તેને નસબ (વંશ) વધારી શકે નહીં[૧૧]. *(મુસ્લિમ)*

## સ....મ....જૂ....તી....

**૧.** ઈન્સાનથી મુસલમાન છે, અમલથી મુરાદ નેકીઓનો સવાબ, જેવું કે આગલા લખાણથી જાહેર છે. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે અમુક મકબૂલ બંદાઓ કબ્રમાં નમાઝ તથા કુર્આન પઢે છે જેમ કે હદીષોમાં છે. કેમ કે એ અમલો પર સવાબ નથી એટલા માટે જ મુર્દાઓ જીવતાંથી સવાબ બખ્શવાની તમન્ના કરે છે, જેમ કે રિવાયતોમાં છે, કેમ કે સવાબ જિંદગીના અમલો પર છે.

**૨.** આ તે ત્રણ ચીજો છે જેનો સવાબ મૃત્યુ બાદ આપોઆપ પહોંચતો રહે છે, કોઈ ઈસાલે સવાબ કરે કે ન કરે. સદકાએ જારિયાથી મુરાદ વકફો છે, જેમ કે મસ્જિદો મદ્રસા, વકફ કરવામાં આવેલા બાગો જેનાથી લોકો ફાયદો ઉઠાવતા રહે છે, એ જ પ્રમાણે ઈલ્મથી મુરાદ દીની કિતાબો, નેક શાર્ગિદો જેમનાથી દીની ફયઝાન પહોંચતો રહે. નેક ઔલાદથી મુરાદ આલિમ આમિલ પુત્ર. મિર્કાતે ફર્માવ્યું : **يَدْعُوْا**ની કૈદ તરગીબી છે. એટલે **પુત્રએ જોઈએ કે પિતાને દુઆએ ખૈરમાં યાદ રાખે,** ત્યાં સુધી કે નમાઝમાં મા–બાપને દુઆઓ પહેલી આપે પછી સલામ ફેરવે. નહીં તો જો નેક પુત્ર દુઆ ન પણ કરે છતાં મા–બાપને સવાબ મળતો રહેશે. યાદ રાખશો કે હદીષ એની વિરૂધ્ધ નથી જેમાં ઈર્શાદ થયો કે જે ઈસ્લામમાં સારો તરીકો ખડો કરે તેને કયામત સુધી સવાબ મળતો રહેશે. ફર્માવવામાં આવ્યું કે નમાઝીને હમેશાં સવાબ મળતો રહે છે, કેમ કે તે સર્વ ચીજો સદકાએ જારિઆ છે અથવા નફાકારક ઈલ્મમાં સામેલ છે.

**૩.** એટલે તમે કોઈની ફાની મુસીબત દૂર કરો તો અલ્લાહ તમારી બાકી (આખેરતની) મુસીબત દૂર ફર્માવશે, તમે મોમિનને ફાની દુનિયાવી આરામ (રાહત) પહોંચાડો, અલ્લાહ તમને બાકી આખેરતનો આરામ આપશે, કેમ કે એહસાનનો બદલો એહસાન છે. આ હદીષ ખૂબ જ સમૃધ્ધ છે. **કોઈ મુસલમાનના પગેથી કાંટો કાઢવાનું પણ નિરર્થક નથી જતું.** હદીષનો મતલબ એ નથી કે કેવળ કયામતમાં જ બદલો મળશે, બલ્કે કયામતમાં બદલો જરૂર મળશે, ભલે કદીક દુનિયામાં પણ મળી જાય.

**૪.** એટલે કે **જે કરજદારને માફી આપે અથવા**

**મોહલત આપે, ગરીબની ગરીબી દૂર કરે તો ઈન્શાઅલ્લાહ દીન તથા દુનિયામાં તેની મુશ્કેલીઓ આસાન થશે.** મિર્કાતમાં ફર્માવ્યું કે આ હુકમમાં મોમિન કાફિર સૌ સામેલ છે. કાફિર મુસીબતમાં સપડાયેલાની મુસીબત દૂર કરવા પર પણ સવાબ માળી જાય છે, બલ્કે હદીષ શરીફમાં છે કે **એક રંડીએ તરસ્યા કૂતરાને પાણી પીવડાવીને જાન બચાવી, તો અલ્લાહે એને પણ બખ્શી આપી.**

**૫.** અથવા તો એવી રીતે કે નાગાને કપડાં પહેરાવે, અથવા એવી રીતે કે એના છુપા અમલો જાહેર ન કરે એ શરતે કે એ જાહેર ન કરવામાં દીન કે કૌમનું નુકસાન ન હોય, નહીં તો જરૂરથી જાહેર કરી આપે. કાફિરોના જાસૂસોને પકડાવી આપે, ગુપ્ત સાઝિશ કરવાવાળાઓના રાઝને જાહેર કરી આપે, જુલ્મની રીતે કત્લની મુક્તિ કરવા વિશેની મઝલૂમોને ખબર આપી દે. અખ્લાક અલગ છે, મામલાત અને રાજનીતિ કાંઈ ઓર છે.

**૬.** આ શબ્દો ખૂબ જ સમૃધ્ધ છે જેમાં દીન તથા દુનિયાની સર્વ ઈમદાદો સામેલ છે. ઈમદાદ શરીરથી હોય અથવા ઈલ્મ અથવા માલ વગેરેથી.


**૭.** એટલે કે જે ઈલ્મે દીન શીખવા અથવા દીની ફત્વો હાંસલ કરવાના માટે આલિમના ઘરે જાય સફર કરીને અથવા અમુક કદમો ચાલીને તો એની બરકતથી અલ્લાહ દુનિયામાં તેના પર જન્નતનાં કામ આસન કરશે, મરતી વખતે ઈમાન નસીબ કરશે, કબ્ર તથા હશ્રના હિસાબમાં કામયાબી તથા પુલસિરાત પર આસાની અતા ફર્માવશે. જન્નતના માર્ગમાં સર્વ ચીજો સામેલ છે. એનાથી જાણવા મળ્યું કે ઈલ્મના માટે સફર કરવામાં ઘણો જ સવાબ છે. મૂસા علیہ السلام ઈલ્મની તલાશના માટે ખિઝર علیہ السلامની પાસે સફર કરીને ગયા. હઝરત જાબિર **એક હદીષના માટે એક મહિનાની સફર ખેડીને અબ્દુલ્લાહ બિન કૈસની પાસે પહોંચ્યા.** (મિર્કાત)

**૮.** અહીં અલ્લાહના ઘરથી મુરાદ મસ્જિદો મદ્રસાઓ અને સૂફિયાએ કિરામની ખાનકાહો છે. જે અલ્લાહના ઝિક્રના માટે વકફ છે. યહૂદીઓ તથા નસારાનાં પ્રાર્થનાલયો એનાથી બહાર છે કે **ત્યાં તો મુસલમાને વિના જરૂરતે જવુ પણ મના છે.** દર્સે કુર્આનથી મુરાદ કુર્આન શરીફની તિલાવત, તજવીદ તથા અહકામ શીખવું છે. જેથી એમાં કેવળ નહ્વ, ફિકહ, હદીષ, તફસીર વગેરેના દર્સ સામેલ છે, જેમ કે મિર્કાત વગેરેમાં છે. એટલા માટે તિલાવત પછી દર્સનો અલગથી ઉલ્લેખ કર્યો.

**૯.** 'સકીના' અલ્લાહની એક મખ્લૂક છે. જેના ઉતરવાથી દિલોને ચૈન નસીબ થાય છે. કદીક વાદળના રૂપમાં જાહેર થાય છે અને જોઈ પણ શકાય છે, એની બરકતથી દિલથી ગૈરેખુદાનો ડર જતો રહે છે. રહમતથી ખાલિસ રહમત મુરાદ છે જે ઝિક્ર વખતે ઝાકિરને ચોતરફથી ઘેરી વળે છે, ફરિશ્તાઓથી સૈર કરનારા ફરિશ્તા મુરાદ છે જેઓ ઝિક્રની મજલિસો શોધતા ફરે છે, નહીં તો અમલો લખનારા અને હિફાઝત કરવાવાળા ફરિશ્તા દરેક વખતે માણસની સાથે રહે છે. મકસદ એ છે કે જ્યાં આગળ મજમા સાથે ઝિક્રુલ્લાહ થઈ રહ્યું હોય ત્યાં આ ત્રણ રહમતો ઉતરે છે. એનાથી માલૂમ થયું કે એકલા ઝિક્ર કરવા કરતાં જમાઅતનું ભેગા મળી ઝિક્ર કરવું અફઝલ છે. જમાઅતની નમાઝનો દરજ્જો અધિક છે કે જો એકની કબૂલ તો સૌથી કબૂલ થશે.

**૧૦.** એટલે ફરિશ્તાઓની જમાઅત. એની શરહ (સમજૂતીમાં) તે હદીષ છે કે નબી ﷺ એ ફર્માવ્યું, ''જે રબને એકલો યાદ કરે રબ પણ તેને એ જ પ્રમાણે યાદ કરે છે, જે જમાઅતમાં યાદ કરે રબ તેને ફરિશ્તાઓમાં યાદ કરે છે.'' કુર્આને કરીમ ફર્માવે છે : فَاذْكُرُونِي أَذْكُرْكُمْ રબની યાદની અસર એ પડે છે કે મખ્લૂક એ બંદાને યાદ કરવા લાગે છે. બુઝુર્ગોના મઝારો પર મુલાકાતીઓની ભીડ, ત્યાં ઝિક્રુલ્લાહની ધૂમ એવી યાદનું પરિણામ છે.

**૧૧.** એટલે નસબ (વંશ)ની શરાફત અમલની કમીને પૂર્ણ કરશે નહીં. શું તમને ખબર નથી કે **નૂહ** علیہ السلام **ની કશ્તી (નાવ)માં કૂતરાં, બિલાડાં માટે જગા હતી પણ તેમના કાફિર પુત્ર કિન્આનના માટે જગા ન હતી. મકસદ એ છે કે શરીફુન્નસબ (ઉચ્ચ વંશવાળા) અમલથી લાપરવા ન થઈ જાય,** એ આશય નથી કે વંશની શરાફત કોઈ ચીજ નથી. એની તેહકીક અમારી કિતાબ ''અલ કલામુલ કુબૂલ ફી તહારતિન્નસબુર્રસૂલ''માં જુઓ. મોમિનને રસૂલનો વંશ જરૂર ફાયદો આપશે. તમામ જગતની સ્ત્રીઓ હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا ના કદમે પાક સુધી નથી પહોંચી શકતી. રબે બની ઈસ્રાઈલને ફર્માવ્યું : إِنِّي فَضَّلْتُكُمْ عَلَى الْعَالَمِينَ ''બની ઈસ્રાઈલનુ સર્વ આલિમો પર અફઝલ હોવાનું એ જ કારણ હતું કે તે અંબિયાની ઔલાદ છે. જેથી આ હદીષ દર્શાવેલ આયતની વિરૂધ્ધ નથી.



# શિફા શરીફ

વિભાગ : ૨

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

## શફાઅત અને મકામે મહ્મૂદ

હઝરત અબૂ હુરૈરાહ رضی اللہ عنہની રિવાયતમાં છે કે અલ્લાહ તઆલા ફર્માવશે, "હે મુહમ્મદ ! તમારુ માથુ ઉઠાવો જે માંગશો તે આપવામાં આવશે ! અને શફાઅત કરો કે તમારી શફાઅત કુબૂલ કરવામાં આવશે !" રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે, હું મારું માથુ ઉઠાવીશ અને અરજ કરીશ, ઉમ્મતી ! યા રબ્બ ઉમ્મતી ! હુકમ થશે કે હું મારા ઉમ્મતીઓમાં જેનો હિસાબ પાક છે જમણી તરફવાળા દરવાજાથી જન્નતમાં દાખલ કરી દઉં અને બાકીના દરવાજાથી દાખલ થવામાં તે બીજા લોકો સાથે પણ સામેલ છે.

હઝરત અનસ رضی اللہ عنہની રિવાયતમાં શફાઅતનો પ્રસંગ બીજી રીતે ચર્ચાએલ છે. તેમાં છે કે પછી હું સજદામાં પડી જઈશ તો અલ્લાહ તઆલા ફર્માવશે, "હે મુહમ્મદ ! પોતાનું માથુ ઉઠાવો અને કહો તમારી વાત સાંભળવામાં આવશે, શફાઅત કરો કે તમારી શફાઅત કબૂલ કરવામાં આવશે, માગો તે અર્પણ કરવામાં આવશે." રસૂલ ફર્માવે છે કે હું અરજ કરીશ, "યા રબ્બ ઉમ્મતી ! યા રબ્બ ઉમ્મતી" ફર્માવવામાં આવશે કે **જેના દિલમાં એક ઘઉં અથવા જવના દાણા બરાબર પણ ઈમાન હોય તેને દોઝખમાંથી કાઢી લો !"** પછી **હું જઈને એવા તમામ લોકોને દોઝખમાંથી કાઢીશ** જેમના દિલમાં ઘઉં અથવા જવના દાણા બરાબર પણ ઈમાન હશે.

તેના પછી બીજી વખત હું બારગાહે ખુદાવંદીમાં તરફ રજૂ થઈશ અને અગાઉ જેમ મદહ તથા ષના (પ્રશંસા) બયાન કરવાનું શરૂ કરી દઈશ અને ઉમ્મતની બખ્શિશ માટે અરજ કરીશ. હુકમ થશે **જેમના દિલમાં રાઈના દાણા બરાબર પણ ઈમાન છે તેને દોઝખથી કાઢી લો !** પછી આવા તમામ લોકોને કાઢી લઈશ. અને ત્રીજી વખત હમ્દો ષનાના પછી ઉમ્મતની બખ્શિશનો સવાલ રજૂ કરીશ, હુકમ થશે **જેના દિલમાં ઈમાનના રજકણ બરાબર ભાગ હોય તેને દોઝખમાંથી કાઢી લો ! જેથી હું તેવું જ કરીશ.**

ચોથી વખત જ્યારે હું સજદામાં પડી હમ્દો ષના બયાન કરીશ તો ફર્માવવામાં આવશે, અય હબીબ ! પોતાનું માથુ ઉઠાવો અને જે કહેવા ઈચ્છો છો કહો ! તમારી વાત માનવામાં આવશે. શફાઅત કરો ! તમારી શફાઅત કબૂલ કરવામાં આવશે. માંગો તે અર્પણ કરવામાં આવશે ! હું અરજ કરીશ, અય પરવરદિગાર ! મને તે લોકોને જહન્નમમાંથી કાઢવાની પરવાનગી આપ જેમણે એક જ વખત ઝબાનથી **લા ઈલાહ ઈલ્લલ્લાહ** કહ્યું. હુકમ થશે, અય હબીબ ! આ વાતનો સંબંધ તમારા સાથે નથી. પરંતુ મને મારી ઈઝ્ઝતે કિબ્રિયાઈ, અઝમત અને જબ્રુતની કસમ છે કે આવા દરેક શખ્સને આગમાંથી કાઢી લઈશ જેણે **લા ઈલાહ ઈલ્લલ્લાહ** કહ્યું છે.

હઝરત અનસ رضی اللہ عنہવાળી હદીષ રિવાયત સાથે ઈમામ કતાદાહ رحمۃ اللہ علیہમાં છે કે રસુલલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે ત્રીજી અથવા ચોથીવાર અરજ કરીશ કે અય પરવરદિગાર ! હવે જહન્નમમાં એ જ લોકો રહી ગયા છે જેમને કુર્આને રોકી રાખ્યા છે, એટલે કે જેમનું હમેશાં જહન્નમાં રહેવું વાજિબ છે.

ઉપરની રિવાયતના પ્રમાણે હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત ઉત્બાહ બિન આમિર, હઝરત અબૂ સઈદ ખુદરી અને હુઝૈફહ બિન અલયમાન رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી પણ મરવી છે કે લોકો જમા થઈ સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની બારગાહમાં હાજર થશે તો આપને શફાઅત કરવાની પરવાનગી મળી જશે અને અમાનત તથા રહમ આવીને પુલસિરાતના બંને તરફ ઉભા થઈ જશે.

અબી માલિક رحمۃ اللہ علیہની તે રિવાયતમાં છે કે હઝરત હુઝૈફહ رضی اللہ عنہથી મરવી છે કે લોકો નબી કરીમ صلی اللہ علیہ وسلمની બારગાહમાં હાજર થઈ જશે તો આપ

શફાઅત ફર્માવશે. જેથી તે વખતે પુલસિરાત કાયમ કરી દેવામાં આવશે અને લોકો તેના ઉપરથી પસાર થવાનું શરૂ કરી દેશે. સૌ પ્રથમ પસાર થવાવાળા વીજળીવેગે પસાર થઈ જશે. પછી હવા, પક્ષીઓ, તેજ ઘોડાની જેમ. નબી કરીમ ﷺ અલ્લાહુમ્મ સલ્લિમ સલ્લિમ (અય અલ્લાહ ! બચાવ ! બચાવ !) ફર્માવતા હશે. ત્યાં સુધી કે લોકો પસાર થઈ જશે. પછી આપે તે શખ્સનું બયાન કર્યું જે સૌથી છેલ્લે પસાર થશે. *(અલ્હદીષ)* હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વાળી રિવાયતમાં છે, **રસૂલલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સૌથી પ્રથમ હું પુલસિરાત પરથી પસાર થઈશ.**

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હઝરાત અંબિયાએ કિરામ علیہم السلام ના માટે મિમ્બર મૂકવામાં આવશે અને તેના પર જલ્વા અફરોઝ થઈ જશે. જ્યારે કે મારું મિમ્બર ખાલી રહી જશે. હું તેના પર બેસીશ નહીં, બલ્કિ સરાપા સવાલ બનીને પોતાના પરવરદિગારની બારગાહમાં ઉભો રહીશ. અલ્લાહ તઆલાનો ઈર્શાદ થશે, અય હબીબ ! પોતાની ઉમ્મત માટે શું ઈચ્છો છો ? હું ઉમ્મત સાથે તે જ સુલૂક કરીશ જે તમે કહેશો. હું અરજ કરીશ કે અય પરવરદિગાર ! તેમને હિસાબથી જલ્દી નિવૃત્ત કરી દેવામાં આવે. પછી તેઓને બોલાવવામાં આવશે કે તેમનો હિસાબ કિતાબ શરૂ થઈ જશે. કેટલાક લોકો એવા હશે જેમને (હિસાબ વગર) કેવળ તેની રહમતથી જન્નતમાં મોકલી દેવામાં આવ્યા હશે, કેટલાક મારી શફાઅતના કારણે જન્નતમાં જશે, અને બરાબર શફાઅત કરતો જ રહીશ ત્યાં સુધી કે કેટલાક એવા લોકો મળશે જેમને દોઝખમાં નાખવા માટેના પરવાના આપી દેવામાં આવ્યા હશે (હું તેમની શફાઅત પણ કરીશ તો) જહન્નમનો રક્ષક (ખાઝિન) મને કહેશે કે અય મુહમ્મદ ! ﷺ આપે તો અલ્લાહના અઝાબથી પોતાની ઉમ્મતના માટે કાંઈ પણ રહેવા દીધું નથી !

ઝિયાદતુન્નમીરી رحمۃ اللہ علیہ ની સનદ સાથે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **જેટલા લોકો જમીનમાંથી ઉઠશે હું તેમાં સૌથી પ્રથમ હોઈશ.** અને આ વાત ગર્વથી કહતો નથી. **કિયામતના દિવસે તમામ ઈન્સાનોનો સરદાર હું હોઈશ,** અને હું આ ગર્વથી કહેનો નથી. **તે દિવસે લવાએ હમ્દ મારા હાથમાં હશે, અને હું પહેલો શખ્સ છું જેના માટે જન્નત ખોલવામાં આવશે !** અને હું આ ગર્વથી કહેતો નથી. જન્નતના પાસે આવીને તેના ઘેરાવ પકડીશ તો પૂછવામાં આવશે, આપ કોણ છો ? હું જવાબ આપીશ મુહમ્મદ છું (ﷺ) પછી **મારા માટે દરવાજો ખોલી દેવામાં આવશે.** તે સમયે મને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો દીદાર થશે તો હું તેના હુઝૂર સજદામાં પડી જઈશ. આગળના બનાવો એવી રીતે છે જેવા કે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ વાળી રિવાયતમાં વર્ણવેલા છે.

અનીસ رضی اللہ عنہ થી રિવાયત છે કે મેં રસૂલ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે **કિયામતના દિવસે એટલા મુસલમાનોની શફાઅત કરીશ જે જમીનનાં પથ્થરો અને ઝાડોથી પણ વધુ હશે.** (ﷺ)

ઉપરોક્ત તમામ હદીષો અને નિશાનીઓથી જો કે તેના શબ્દો જુદા જુદા છે પરંતુ એ વાત સ્પષ્ટ બની રહી છે કે રસૂલુલ્લાહ ﷺ કિયામતના દિવસે શુરૂથી અંત સુધી શફાઅત કરતા રહેશે અને મકામે મહમૂદ પર જલ્વા અફરોઝ રહેશે. એટલે કે તમામ લોકોને જમા કરવામાં આવશે અને તેમનો દમ ઘૂંટાવાનું શરૂ થશે અને આવી હાલતમાં સૂરજની ગરમી અને પરસેવાનું પૂર અંત સુધી પહોંચી ગયું હશે. આ હિસાબથી પહેલાંની હાલત છે, તો આ મેદાનથી છૂટકારો દેવડાવવા માટે શફાઅત કરશે. જેથી કે પુલસિરાત મૂકી લોકોનો હિસાબ કિતાબ શરૂ થઈ જશે જેવું કે હઝરત અબૂ હુરૈરહ અને હઝરત હુઝૈફહ رضی اللہ عنہ ની રિવાયતમાં આવેલું છે અને આ સૌથી મજબૂત હદીષ છે. આના પછી પોતાની ઉમ્મતના માટે એ વાતની શફાઅત કરશે કે તેમને જલ્દી હિસાબ કિતાબથી નિવૃત્ત કરી જન્નતમાં મોકલી દેવામાં આવશે. જો કે કેટલાક લોકો હિસાબ કિતાબ વગર જન્નતમાં દાલખ કરી દેવામાં આવશે જેવું કે પાછળની એક રિવાયતમાં આવેલું છે. તેના પછી શાફએ યવમુન્નુશૂર ﷺ તે લોકોની શફાઅત કરશે જેના પર સહીહ હદીષોના કારણે અઝાબ વાજિબ છે અને તેઓ જહન્નમમાં દાખલ થઈ ગયા હશે. તેના પછી આપ તે લોકોની શફાઅત ફર્માવશે જેમણે **લા ઈલાહ ઈલ્લલ્લાહ** કહ્યું હશે, અને આવા લોકોની શફાઅતનો આપના સિવાય કોઈને અધિકાર નથી.

# હ઼દાઈકે઼ બખ્શિશ

અઝ

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા

મૌલાના સાદિક઼ સાબરી દહેગામી

**લુત્ફ઼ ઉન્કા આમ હો હી જાએગા**
**શાદ હર નાકામ હો હી જાએગા**

*(લુત્ફ઼ =મહેરબાની, આમ =સર્વ વ્યાપી, શાદ =ખુશ)*

**અર્થ** : હુઝૂર પુરનૂર ﷺ ની કૃપાઓ, મહેરબાનીઓ આમ થઈ જશે, બધા માટે જ આપની રહમતના દરવાજા ખુલી જશે તો દરેક નામુરાદ ખુશ થઈ જશે.

આ શેઅરમાં લુત્ફ઼થી મુરાદ શફ઼ાઅતે કુબરા પણ થઈ શકે છે કે જ્યારે બધી જ ઉમ્મતો ક઼યામતના દિવસે દરેક નબી પાસે જઈ પરેશાનીઓ દૂર કરવાની અપીલ કરશે પરંતુ દરેક નબી જવાબમાં ''બીજા પાસે જાવ'' કહેશે, જ્યારે હુઝૂર ﷺ ની બારગાહમાં પહોંચશે તો આક઼ા ﷺ ફ઼ર્માવશે, હું આ કામ માટે જ છું ! જ્યારે આપની રહમત સર્વવ્યાપી થશે ત્યારે જ બધી જગ્યાએ નાકામ થયેલ ઉમ્મતો ખુશ થઈ જશે. શફ઼ાઅત વિષે વિગતવાર ખુલાસો પાછલા અંકમાં થઈ ગયો.

**જાન દે દો વઅ્દએ દીદાર પર**
**નક઼્દ અપના દામ હો હી જાએગા**

*(જાન દે દો = પ્રાણ આપી દો, વઅદએ દીદાર = દર્શનનો વાયદો, નક઼્દ = રોકડ, દામ = કીંમત)*

**અર્થ** : દરેક મરનારને કબ્રમાં ત્રણ સવાલો કરવામાં આવે છે : (૧) તારો રબ કોણ ? (૨) તારો દીન કયો ? (૩) આ મર્દ વિશે તું શું કહેતો હતો ? ત્રીજા સવાલ વખતે હુઝૂર ﷺનો દીદાર કરાવવામાં આવે છે જે જગજાહેર છે, અને આ દીદારનો વાયદો દરેક મોમિનને કરવામાં આવ્યો છે. જ્યારે મોમીન કબ્રમાં હુઝૂર ﷺ ની ઝિયારત કરશે તો તરત જ જવાબ આપશે, આ તો અલ્લાહના નબી અને તેના રસૂલ ﷺ છે. પરંતુ કાફિર કહેશે કે મને કશી જ ખબર નથી ! મોમિનનો જવાબ સાંભળી ફરિશ્તા કહેશે, ''તેં સાચું કહ્યું ! હવે સૂઈ જા એવી રીતે જેવી રીતે દુલ્હન સૂએ છે કે તેના માલિક સિવાય કોઈ તેને જગાડી શક્તો નથી. આ'લા હઝરત ફ઼ર્માવે છે કે હુઝૂર ﷺ ના દીદાર પર જાન કુર્બાન કરી દો કે કિંમતી જાન બેકાર નહીં જાય, કેમ કે જાન જતાં જ હુઝૂર ﷺ નો દીદાર થશે અને કિંમત રોકડી મળી જશે.''

**શાદ હૈ ફ઼િરદોસ યઅ્ની એક દિન**
**ક઼િસ્મતે ખુદ્દામ હો હી જાએગા**

*(ફ઼િરદોસ = જન્નત, ક઼િસ્મત = નસીબ, ખુદ્દામ = ખાદિમો, ખિદમત કરનાર)*

**અર્થ** : જન્નતુલ ફ઼િરદોસ ખુશ છે કે એક દિવસ તે હુઝૂર ﷺ ના ખાદિમો, ગુલામોને નસીબ થઈ જશે કારણ કે ખુદા પાકે ફ઼ર્માન જારી કર્યું છે, ''નિઃશંક ! જે લોકો ઈમાન લાવ્યા અને નેક કામ કર્યું તો જન્નતુલ ફ઼િરદોસ તેમની મહેમાની માટે તૈયાર છે, તેઓ હમેશાં તેમાં રહેશે.'' *(પારા–૧૬, રુકૂઅ–૩)*

**યાદ રહ જાએંગી યે બે બાકિયાં**
**નફ઼સ તૂ તો રામ હો હી જાએગા**

*(બે બાકિયાં = દિલેરીઓ, નીડરતાઓ, રામ = ફ઼ર્માબરદાર, તાબેદાર)*

**અર્થ** : જવાની ગુજર્યા પછી ગુનાહોની નીડરતાઓ ફક્ત યાદ રહી જશે અને નફ઼સ તું તો ખુદાનો ફ઼ર્માબરદાર બની જશે, તો હમણાં જ તૌબા કરી લે અને ખુદાનો તાબેદાર બની જા.

**બે નિશાનોં કા નિશાં મિટતા નહીં**
**મિટતે મિટતે નામ હો હી જાએગા**

**અર્થ :** જે લોકો હુઝૂર ﷺ ની મહોબ્બતમાં કુર્બાન થઈને બેનિશાન થઈ જાય, જાન–માલ બધુ હુઝૂર ﷺ પર ફિદા કરી બેનામ થઈ જાય છે તેવા બે નામોનિશાન લોકોનું નિશાન મટતુ નથી બલ્કે મિટતા મિટતા એટલા મશહૂર થઈ જાય છે કે દરેક તેમને ઓળખી લે છે. દા.ત. સહાબાએ કિરામ અને અવલિયા કિરામ વગેરે.

**યાદે ગૈસૂ ઝિક્રે હક્ક઼ હૈ આહ કર**
**દિલ મેં પૈદા લામ હો હી જાએગા**

**અર્થ :** અલ્લાહ શબ્દમાં ચાર ا-ل-ل-ه હુરૂફ છે હુઝૂર ﷺ ની ઝુલ્ફો મુબારક જે ل (લામ) જેવી છે તેને યાદ કરી આહ કર (આહ)માં બે હર્ફ છે. ا-ه જ્યારે તું આહ કરશે તો હુઝૂર ﷺ ની ઝુલ્ફોના બે લામ ا-ه વચ્ચે પૈદા થઈ જશે અને ઝિક્રે ખુદા એટલે الله (અલ્લાહ) થઈ જશે.

**એક દિન આવાઝ બદલેંગે યે સાઝ**
**ચહચહા કોહરામ હો હી જાએગા**

*(સાઝ = વાજુ, ચહચહા = પક્ષીઓનો મીઠો કલરવ, કોહરમ = વાવેલો)*

**અર્થ :** એક દિવસ વાજાઓ (એટલે દુનિયાની રંગીલીઓ) પોતાનો અવાજ બદલી નાખશે અને પક્ષીઓના મીઠા સૂરો (કલરવ) ચીસો તથા કોહરામ બની જશે. એટલે ક઼યામત આવશે તો બધુ ખતમ થઈ જશે.

**સાઈલો ! દામન સખીકા થામ લો**
**કુછ ન કુછ ઈન્આમ હો હી જાએગા**

(સાઈલો = સવાલ કરનારાઓ, સખી = દાનવીર, ઈન્આમ = ઈનામ)

**અર્થ :** અય સવાલીઓ ! સખી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ નો દામન પકડી રાખો, કાંઈ ન કાંઈ ઈનામ મળી જ જશે કે આ સખીદાતાના દરવાજાથી કોઈ ખાલી જતુ નથી.

**યાદે અબરૂ કરકે તળપો બુલબુલો**
**ટુકળે ટુકળે દામ હો હી જાએગા**

*(અબ્રુ = ભવાં, બુલબુલ = કોયલ, દામ = જાળ, ફંદો)*

**અર્થ :** અય મુસ્તફા ﷺના ગીત ગાનાર આશિક઼ો ! જો તમે દુનિયાની તકલીફો અને પરેશાનીઓની જાળમાં ફસાઈ ગયા હોઉ તો તલવાર જેવી દેખાતી હુઝૂર ﷺની ભવાં મુબારકની યાદમાં તડપો, તમારી જાળ ટુકડે ટુકડા થઈ જશે.

**મુફ઼લિસો ઉન્કી ગલીમેં જા પળો**
**બાગે ખુલ્દ ઈકરામ હો હી જાએગા**

*(બાગે ખુલ્દ = જન્નત, ઈકરામ = ઈનામ, ઈજ્જત)*

**અર્થ :** અય જન્નતના તલબગારો ! હુઝૂરની ગલીઓમાં પડાવ નાખી દો જન્નત ઈનામમાં મળી જશે.

**ગર યુહીં રહમત કી તાવીલેં રહીં**
**મદહ હર ઈલ્ઝામ હો હી જાએગા**

*(તાવીલ = ખુલાસો, મદહ = પ્રશંસા, ઈલ્ઝામ = તોહમત)*

**અર્થ :** જો હુઝૂર સરાપા નૂર ﷺની રહમત ખુદાની બારગાહમાં અમારા ગુનાહો વિશે તાવીલો કરતી રહેશે તો દરેક તોહમત પ્રશંસામાં બદલાઈ જશે, એટલે કે ગુનાહો નેકીઓમાં તબદીલ થઈ જશે.

**બાદહ ખ્વારી કા સમાં બંધને તો દો**
**શૈખ દુર્દ આશામ હો હી જાએગા**

*(બાદહ ખ્વારી = શરાબપીવું, સમાં બંધને તો દો = રંગ જામવા તો દો, આશામ = પીનાર, શૈખ = સૂફી, દુર્દ = પ્રવાહીના નીચે બેસી વહેતો, ઠરતો કાંપ)*

**અર્થ :** હુઝૂર ﷺ ની મહોબ્બતની શરાબનો રંગ જામવા તો દો ! શેખ જે હુઝૂર ﷺની મહોબ્બતથી પરિચિત નથી તે શરાબે મહોબ્બતમાં રંગાઈ જશે તો રગડો પણ પી જશે.

**ગમ તૂ ઉનકો ભૂલ કર લિપટા હૈ યૂં**
**જૈસે અપના કામ કો હી જાએગા**

**અર્થ :** અય ગમ ! તું હુઝૂરને ભૂલીને મારી સાથે વળગેલો છે જાણે કે તારું કામ થઈ જશે અને તારી મુરાદ પૂરી થશે, પણ તું ભૂલી ગયો કે હુઝૂર મારી ગમ ખ્વાહી વધુ પેજ નં. ૪૩....પર

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

رحمۃ اللہ تعالی علیہم اجمعین

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### (મજલિસ : ૧૩)

*(અનીસુલ અરવાહ : મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ)*

### ★ રાતમાં નમાઝ પઢવા વિશે ★

ત્યારબાદ રાતમાં કયામ કરવા વિશે ચર્ચા ચાલી. આપે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, "જે શખ્સ રાત્રે કયામ કરે (નમાઝ પઢે) અને દુનિયાવાળા સૂઈ રહ્યા હોય તો ખુદાવંદે તઆલા ફરિશ્તાઓને હુકમ આપે છે જેથી બીજી રાત સુધી તેનું ધ્યાન રાખે અને રાતથી લઈને દિવસ નીકળતા સુધી તેના માટે બખ્શિશ તલબ કરતા રહે."

એક અન્ય રિવાયતમાં આવ્યું છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે શખ્સ જુમ્આના દિવસે વીસ રકાત નમાઝ અદા કરે અને દરેક રકાતમાં સૂરએ ફાતિહા તથા સૂરએ ઈખ્લાસ એકવાર પઢે તો કયામતના દિવસે લાખ સિદીકો તથા શહીદોની સાથે ઉઠશે. અને દરેક રકાત પછી દિવસ રાતનો સવાબ તેને મળશે, દરેક અક્ષરના બદલામાં નૂર પામશે અને પુલસિરાત પરથી સરળતાપૂર્વક પસાર થઈ જશે.

પછી ફર્માવ્યું કે જે શખ્સ કયામ કરે ભલે ઊંટની ગરદનની જેમ ગરદન હલાવે તે એનાથી બેહતર હોય છે કે તે સાઈઠ હજ્જ તથા ઉમરા કરે. અને રહમતના દરવાજા તેમના માટે ખુલી જાય છે.

પછી ફર્માવ્યું કે એકવાર હું સમરકંદમાં મુસાફર હતો. એક બુઝુર્ગ હતા જેમને શયખ અબ્દુલવાહિદ સમરકંદી કહે છે. એમનાથી મેં સાંભળ્યું કે, "ઈમાનમાં કાંઈ મજા નથી જ્યાં સુધી દિવસે તથા રાત્રે કયામ ન કરવામાં (નમાઝો ન પઢવામાં) આવે. તો જે શખ્સ આ બંનેવ કામો કરે છે તે ઈમાનની મજા ચાખે છે."

પછી ફર્માવ્યું કે, "ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ૩૦ વરસો સુધી રાત્રે નથી સૂતા અને આપનુ મુબારક પાસુ (કરવટ) જમીનથી નથી સ્પર્શ્યું !"

પછી ફર્માવ્યું કે જ્યારે તેમણે અંતિમ હજ્જ કરી તો ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ કા'બાના દરવાજા પર આવ્યા અને કહ્યું કે દરવાજા ખોલો ! આજની રાત ખુદાવંદે તઆલાની ઈબાદત કરી લઈએ, કોણ જાણે છે કે મને બીજી વખતે હજ્જની કુદરત હાંસલ થાય કે ન થાય ! દરવાજો ખુલી ગયો. ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ અંદર ચાલ્યા અને ખાનાએ કા'બાના બે સુતૂનો વચ્ચે નમાઝ અદા કર્યા બાદ ઊભા થયા જમણા પગનો ડાબા પગ પર રાખીને અડધુ કુર્આન શરીફ પઢીને રુકૂઅ તથા સજદા પૂરા કરીને કહ્યું, હે ખુદાવંદા ! મેં તારી ઈતાઅત (આજ્ઞાપાલન) એવી નથી કરી જેવો કે ઈતાઅતનો હુકમ હતો, અને મેં નથી ઓળખ્યો તને જેવો કે તને ઓળખવાનો હક્ક હતો. તો ગયબથી અવાજ આવ્યો કે હે અબૂ હનીફા ! તેં ઓળખ્યો જેવો કે ઓળખવાનો હક્ક હતો ! મેં તને તથા તે લોકોને જે તારા અનુયાયી છે અને જેઓ તારા મઝહબ પર ચાલશે તેમને બખ્શી આપ્યા. (સુબ્હાનલ્લાહ !)

પછી ફર્માવ્યું કે યૂસુફ ચિશ્તી رحمۃ اللہ علیہ ચાલીસ સાલ સુધી ન સૂતા અને આપની પીઠ મુબારક જમીન પર ન સ્પર્શી.

પછી ફર્માવ્યું કે ખ્વાજા અહમદ ચિશ્તી رحمۃ اللہ علیہએ ૩૦ વરસો સુધી રાતના વધુ પેજ નં. ૨૦....પર

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ કાસિમ અબ્દુલકરીમ
બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

### ★ હવામાં હાથ મારી ઘન પદાર્થ મુઠ્ઠીમાંથી કાઢતા ! ★

મેં અહમદ તાબરાનીને પૂછયું, શું તમારાથી કોઈ કરામત જાહેર થઈ ? ફર્માવ્યું, જ્યારે હું મુરીદ થયો અને મારો પણ શરૂનો સમય હતો, તો હું ઈસ્તિંજાના માટે પથ્થર શોધતો હતો. જ્યારે મને કાંઈ ન મળતુ તો હું હવામાંથી કાંઈ પકડી લેતો જે ઘન પદાર્થ બની જતી અને તેના વડે હું ઈસ્તિંજા કરીને તેને ફેંકી દેતો. પછી ફર્માવ્યું, કરામતમાં શી મહાનતા સમાયેલી છે ?! કરામતથી હેતુ કેવળ એ જ કે તૌહીદના વિશે માણસનું યકીન મજબૂત થઈ જાય. જેથી જે શખ્સ અલ્લાહ તઆલા સિવાય કોઈ અન્યને મૂજિદ (સર્જક) નથી માનતો તેના માટે એક જ વાત છે ચાહે રોજનીશીની જેમ વાત લોકોને કરી બતાવે, ચાહે રોજના નિયમથી વિરુદ્ધની વાત (આશ્ચર્યમય) દેખાડે.

### ★ રેતાળ જમીન સોનુ બની ગઈ ! ★

મેં મુહમ્મદ બિન અહમદ સૂફીથી સાંભળ્યું કે અબ્દુલ્લાહ બિન અલીએ કહ્યું કે અબુલ હસન બસરી ફર્માવતા હતા કે અબ્બાદાનમાં એક શ્યામ વર્ણનો ફકીર હતો જે કોઈ વેરાન જગામાં રહેતો હતો. મેં એના માટે કાંઈક લીધુ અને એની તલાશમાં નીકળ્યો. જ્યારે એની નિગાહ મારા પર પડી તો સ્મિત વેર્યું અને જમીનની તરફ હાથ વડે ઈશારો કર્યો, મેં જોયું કે આખી જમીન સોનાથી ચમકી રહી હતી. પછી ફર્માવ્યું, શું લાવ્યા છો ? મેં એ ચીજ તેમને આપી દીધી અને હું ડરનો માર્યો નાસી આવ્યો.

### ★ ટૂંકી લાકડી ખેંચતાં લાંબી થઈ ગઈ ! ★

અબૂ બક્ર અન્માતી કહે છે કે હું જંગલમાં મારા ઉસ્તાદની સાથે હતો એવામાં વરસાદ આવ્યો. અમે વરસાદથી બચવા એક મસ્જિદમાં ચાલ્યા ગયા. તેની છત ટપકી રહી હતી. અમે એક લાકડી લઈને છત પર ચઢી ગયા જેથી છતને ઠીક કરીએ, પણ લાકડી નાની હોવાના કારણે દીવાલ સુધી ન જતી હતી. મારા ઉસ્તાદે મને કહ્યું, એને ખેંચો ! મેં એને ખેંચી તો આ બાજુથી તે બાજુ સુધી દીવાલ પર ચઢી ગઈ !

### ★ શરીઅત વિના હકીકત કાંઈ નથી ★

મેં મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીથી સાંભળ્યું કે મુહમ્મદ અહમદ નજ્જારે કહ્યું કે મેં રકીથી સાંભળ્યું કે અબૂ બક્ર દકાક ફર્માવતા હતા કે હું બની ઈસ્રાઈલના જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો એવામાં મારાં દિલમાં ખયાલ આવ્યો કે હકીકતનો ઈલ્મ કાંઈ ઓર છે અને શરીઅતનો ઈલ્મ કાંઈ ઓર છે. એના પર એક ઝાડ નીચેથી અવાજ આવ્યો, દરેક તે હકીકત જેનું સમર્થન શરીઅતથી નથી થતું તે કુફ્ર છે.

### ★ ઈશારામાં જકડાઈ ગયેલો હાથ છૂટી ગયો ! ★

એક શખ્સનું બયાન છે કે હું ખયર નસ્સાજની પાસે હતો એવામાં એક શખ્સ આવ્યો અને કહેવા લાગ્યો, હે શયખ ! મેં કાલે તમને જોયા કે તમે સૂતર વેચીને બે દિરહમ હાંસલ કર્યા છે અને હું આપની પાછળ થઈ ગયો, અને આપના તેહબંદથી ખોલીને લઈ ગયો. હવે મારો હાથ જકડાઈ ગયો છે. આ સાંભળીને નસ્સાજ હસ્યા અને તેના હાથ તરફ ઈશારો કર્યો તો તે મુક્ત થઈ ગયો. પછી ફર્માવ્યું, જા ! તારાં બીવી બચ્ચાં માટે એ દિરહમોથી કાંઈ ખરીદી લે અને હવે પછી આવું ન કરતો. *(ક્રમશઃ)*

(ચાલુ)

**મુનાફિક઼ત તે આનુ નામ !**

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂ. ઈનામ !**

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી બરકાતે ખ્વાજા*

## દેવબંદી મૌલ્વીના ખાદિમ દીવાનજીનું ઈલ્મે ગયબ !

દીવાનજી નામના શ્રીમાનના સંબંધે મૌલ્વી મનાઝિર અહસન ગીલાની કિતાબ "સવાનેહે ક઼ાસિમી"માં એક કહાની લખે છે, તેમાં લખ્યું છે કે :–

*"મૌલાના મુહમ્મદ તૈયબ સાહેબે આ ખબર આપી કે, "યાસીન" નામના બે સાહેબોનો ખાસ સંબંધ સૈયદના ઈમામુલ કબીર (એટલે મૌલ્વી ક઼ાસિમ નાનોત્વી) સાથે હતો, જેમાંથી એક તો એ જ દીવાનજી દેવબંદના રહેવાસી હતા અને મૌલાના તૈયબ સાહબના કથન અનુસાર દેવબંદમાં હઝરતેવાલા (મૌલ્વી ક઼ાસિમ નાનોત્વી)ના અંગત અને ખાનગી દૌરનો સંબંધ તેમની સાથે હતો. લખ્યું છે કે દીવાનજી સાહિબે નિસ્બત બુઝુર્ગ હતા, પોતાના ઝનાના મકાનમાં હુજરામાં ઝિક્ર કરતા હતા, મૌલાના હબીબુર્રહમાન માજી મુહતમિમ્ દારુલ ઉલૂમ દેવબંદ ફર્માવતા હતા કે, એ જમાનામાં "કશ્ફી હાલત" દીવાનજી એટલી હદે પ્રગતિ કરી ગઈ હતી કે,* **તેમને બહાર સડક પર આવતા જતા રાહદારીઓ બરાબર નજર આવતા રહેતા હતા, દરો દીવારનો હિજાબ તેમની વચ્ચે ઝિક્ર કરતી વખતે બાકી ન રહેતો હતો."** *(હાશિયા "સવાનેહે ક઼ાસિમી", જિલ્દ–૨, પેજ–૭૩)*

અલ્લાહુ અકબર ! જોઈ રહ્યા છો ને ? દેવબંદના દારુલ ઉલૂમના સ્થાપક મૌલ્વી ક઼ાસિમ સાહેબ નાનોત્વીના એક ખાનગી ખાદિમની આ કશ્ફી હાલત કે **દીવાલો તેમની આંખો સામે આયનાની જેમ સાફ રહેતી હતી !** પરંતુ સમજદારી અને અક઼ીદતમંદીની આ ગુમરાહી પર માથું પટકવાનું દિલ થાય છે, કે એ "શ્રીમાનો"ને ત્યાં ચુના માટીની **એ દીવાલો સરકારે રિસાલત (ﷺ)ની નિગાહે પાક સામે પડદો બનીને આડ રહેતી હતી,** જેમ કે "દેવબંદી વર્તુળ"ના વિશ્વાસપાત્ર વકીલ મૌલ્વી મંઝૂર સાહેબ નુઅમાનીએ લખ્યું છે કે :–

*''અગર હુઝૂર ﷺને દીવાલની પાછળની બધી વાતોની ખબર થઈ જતી હતી તો હઝરત બિલાલને (દરવાજા પર ઊભી રહેનારી ઔરતો)ના નામો પૂછવાની શું જરૂરત હતી ?'' (ફૈસલાકુન મુનાઝરહ્, પેજ–૧૩૬)*

આ દલીલ હુઝૂર ﷺના ઈલ્મે ગયબના ઈન્કાર માટે તો વાપરવામાં આવી, જ્યારે કે પોતાના મૌલ્વીના અદના ખાદિમના ઈલ્મની મહાનતા તો આ રીતે રજૂ થઈ રહી છે ! આને **''મુનાફિક્ત''** તથા દિલમાં **''હુઝૂર ﷺથી કીનો''** હોવાનું ન કહીએ તો શું કહીશું ?!

## ઈલ્મના સમંદરમાં તોફાન ! દેવબંદી મૌલ્વીઓનો કમાલનો ઈલ્મે ગયબ !

મૌલ્વી મનાઝિર અહસન ગીલાનીએ પોતાની કિતાબ ''સવાનેહે કાસિમી''માં કિતાબ ''અરવાહે ષલાષા''ના હવાલાથી એક ખૂબ જ હૈરતઅંગેઝ બનાવ નક્લ કર્યો છે, લખ્યું છે કે, ''દેવબંદમાં છત્તાવાળી મસ્જિદમાં'' લોકો એકઠા થયા હતા, એવી મજલિસમાં એક દિવસે મૌલ્વી યાકૂબ નાનોત્વી (મુહતમિમ્ દારુલ ઉલૂમ દેવબંદ) ફર્માવવા લાગ્યા :–

*''ભાઈ ! આજ સુબ્હની નમાઝમાં અમે મરી ગયા હોત ! બસ ! થોડી જ કસર રહી ગઈ. લોકો આશ્ચર્યથી પૂછવા લાગ્યા કે આખર શું થયું હતું એવું ?! તો કહ્યું કે, સાંભળવાની વાત એ છે કે, આજે સવારે હું ''સૂરએ મુઝમ્મિલ'' પઢી રહ્યો હતો કે અચાનક ઈલ્મનો એક ઉછળતો સમંદર મારા દિલ પર ગુજર્યો કે હું બરદાશ્ત કરી શક્યો નહીં, મને એવું લાગ્યું કે હમણા જ મારો આત્મા ઉડી જશે ! એ તો સારું થયું કે એ સમંદર જેવી રીતે એકાએક આવ્યો હતો તેવી જ રીતે પસાર થઈ ગયો, એટલે હું બચી ગયો. ઈલ્મનો એ દરિયો જે તેમના દિલ પરથી પસાર થયો એ શું હતું ? તેની સ્પષ્ટતા પણ તેમના શબ્દોમાં જોવામાં આવી કે, ''નમાઝ પછી મેં વિચાર્યું કે, એ બાબત છે શું ? તો જણાયું કે,* **હઝરત (મૌલાના મુહમ્મદ કાસિમ નાનોત્વી) એ ઘડીઓમાં મારા તરફ મેરઠમાં ધ્યાનમગ્ન થયા હતા તેની આ અસર છે** *કે ઈલ્મનો દરિયો બીજાઓના દિલો પર મોજાં મારવા લાગે અને બરદાશ્ત કરવાનું મુશ્કેલ થઈ જાય !'' (''સવાનેહે કાસિમી, ભાગ–૧, પેજ–૩૪૫)*

આ મૂળ બનાવ લખ્યા પછી તેમણે લખ્યું છે કે :–

*''તમે જ બતાવો કે, વિચારકો અને દિમાગી ઈલ્મવાળા ભલા આનો મતલબ સમજી શકે ખરા ?!* **ક્યાં મરેઠને ક્યાં છત્તાની મસ્જિદ ?** *મેરઠથી દેવબંદ સુધીનું અંતર વચ્ચે નડતર રૂપ થઈ શક્યું નહીં.'' (''સવાનેહે કાસિમી'', ભાગ–૧, પેજ–૩૪૫)*

તમે જ કહો કે આ અનકહીને શું કહેવું ? આ રહસ્ય તો ગીલાની સાહબ અને તેમના (દેવબંદી) વર્તુળના ઉલ્માઓ જ ઉકેલી શકે છે કે, મેરઠ અને દેવબંદ વચ્ચેનું અંતર મૌલ્વી યાકૂબ નાનોત્વીની વચ્ચે નડતરરૂપ થયું નહીં, એ જ અંતર એ શ્રીમાનોની નજીક અંબિયા અને સરદારે અંબિયાના પૂરતુ મર્યાદિત છે, નાનોત્વી સાહબને માટે નથી. અને મૌલ્વી યાકૂબ સાહેબ નાનોત્વીની ગયબી શક્તિનું શું કહેવું, તેમણે તો દેવબંદમાં બેઠા બેઠા મૌલ્વી મુહમ્મદ કાસિમ સાહબ નાનોત્વીનું એ ગયબી ધ્યાન પણ જાણી લીધું જે તેમણે મેરઠથી તેમના તરફ કર્યું હતું, અને તે પણ એટલી ઝડપથી કે નમાઝ પછી વિચાર્યું અને તમામ બાબતો એક જ પલમાં જાહેર પણ થઈ ગઈ ! દિવસો, સપ્તાહો અને મહીનાઓની વાત તો અલગ રહી ! પરંતુ શરમથી માથું ઝુકાવી લ્યો કે, ઘરના બુઝુર્ગોના માટે આ પ્રકારની માન્યતા બતાવવામાં આવે છે, અને રસૂલે મુજતબા ﷺના સંબંધે એ (દેવબંદી) વર્તુળનો આ અકીદો છે કે :–

"કેટલીક બાબતોમાં આપનું ખાસ વ્યવસ્થાપૂર્ણ રીતે ધ્યાન મગ્ન થવું, બલ્કે ચિંતા અને પરેશાનીમાં ફસાઈ જવું તેમ છતાં એ બાબતોનું છૂપું રહેવું સાબિત છે. "ઈફક"ના કિસ્સામાં આપનું સંશોધન અને ધ્યાનસ્થતા હદીષોમાં આલેખાયેલી છે, માત્ર એમ થવાથી રહસ્ય પામી શકાયું નહીં, બલ્કે એક મહીના પછી "વહી" દ્વારા પૂર્ણ સંતોષ થયો." (હિફ્ઝુલ ઈમાન, પેજ-૭, મુઅલ્લિફ અશ્રફઅલી થાન્વી)

હવે આ બેવફાઈનો ઈન્સાફ તો રસૂલે અરબીની વફાદાર ઉમ્મત જ કરશે કે, **તેઓ એક પલમાં સેંકડો માઈલ દૂરથી દિલોના ભેદો જાણી લે છે પરંતુ રસૂલે અન્વર ﷺ એક મહીનાની લાંબી મુદ્દત સુધી ધ્યાનમગ્ન અને પરેશાન રહ્યા** અને ઈફકના બનાવ બાબતમાં સ્પષ્ટ હુકમની જાણકારી તેમને પૂરા એક મહીના પછી વહી મારફત જાણવા મળી જેથી આપને સંતોષ થયો હતો.

વળી દેવબંદીઓનો આ અકીદો છે કે જેમ કે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે :-

"નબવી યુગમાં મુનાફિકોએ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا પર આક્ષેપ થોપેલો. એનાથી આપ ﷺને ઘણુ દુઃખ થયું. આપે ઘણા દિવસો સુધી બનાવની ખરી હકીકત જાણવા તપાસ કરી પણ કાંઈ જાણી શકાયું નહીં........" (ગુજરાતીમાં તકવિયતુલ ઈમાન, દારુલ ઉલૂમ : કંથારીયા-ભરૂચ, પેજ-૬૭)

પોતાના ઘરના મૌલ્વીના ખાદિમનો ઈલ્મે ગયબ કેવો હતો તે તમે જોયું અને પોતાના ઘરના મોલ્વી પર નમાઝમાં ઈલ્મના સમંદરો હુમ્લો કરતા હતા ! જ્યારે **રસૂલે ખુદા ﷺ કોશિશો કરવા છતાં ઈલ્મથી અજ્ઞાત રહેતા હતા ! બતાવો ! આ રજૂઆત કોઈ નબી ﷺને અલ્લાહના રસૂલ માનનારની હોઈ શકે છે ? તમારા દિલને સવાલ કરો ?! અને જે ફેંસલો નીકળે દિલથી તેને અપનાવો.**

આટલી ખુલ્લી શહાદતો (ગવાહીઓ) પછી પણ હક્ક અને બાતિલની રાહોમાં ફરક મેહસૂસ કરવાને માટે બીજી કોઈ નિશાનીની જરૂરત બાકી રહે છે ખરી ? **મહેશરની તપતી જમીન પર રસૂલે અરબીની શફાઅતના ઉમેદવારો ! જવાબ આપો ! જવાબ આપો !**

પેજ નં.૧૬ નું ચાલુ...

સમયે કયામ કર્યો (નમાઝ પઢી) અને દરેક રાતે દરેક બે રકાતમાં બે બે વાર કુર્આન મજીદ કરતા હતા.

પછી ફર્માવ્યું, કહે છે એમણે ખુદાવંદે તઆલાને ખ્વાબમાં જોયો, ત્યાર બાદ બાકીની ઉમરમાં સૂતા નથી, સિત્તેર વરસો સુધી અધિક જીવતા રહ્યા. જ્યારે આપના ઈન્તેકાલનો સમય નજીક આવ્યો તો એક બુઝુર્ગે આપને ખ્વાબમાં જોઈને પૂછયું, આપની શું હાલત છે ? કઈ રીતે આપ જઈ રહ્યા છો ? આપે ફર્માવ્યું કે હું મર્દાના તૌર પર જાઉં છું, હે અઝીઝો ! આજે સિત્તેર વરસનો અરસો વહી ગયો છે કે મેં તે ખ્વાબ જોયો હતો તેનો આ જ સુધી મેં કોઈને એનો ઉલ્લેખ નથી કર્યો, આજે પણ હું તે જ ખ્વાબમાં ડૂબીને જઈ રહ્યો છું.

પછી ફર્માવ્યું કે હે દરવેશ ! દુનિયામાં પણ નૂર છે અને પુલસિરાતમાં પણ જન્નતમાં પણ નૂર છે.

પછી ફર્માવ્યું કે જે શખ્સ રાતમાં કયામ કરે (નફ્લ નમાઝો પઢે) છે, જે દુઆ કરે છે તે કબૂલ થઈ જાય છે, અને એનો ખ્વાહિશમંદ હોય છે અને ખુદાવંદે તઆલા એનાથી ખુશ હોય છે.

પછી ફર્માવ્યું કે એક વખતે હું બુખારાની તરફ સફર કરી રહ્યો હતો. એક દરવેશને મેં જોયો જે અત્યંત વૃદ્ધ હતો. કેટલોક સમય હું તેની સોહબતમાં રહ્યો. કોઈ રાત મેં ન જોયો કે તેને નમાઝમાં ન ગુજારતા હોય. છેવટે સાંભળ્યું કે ચાલીસ વરસોથી તે દરવેશે કરવટ (પાસુ) જમીન સાથે નથી લગાડયું.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા.

الحمد الله علی ذٰلك

# ૭૩માં એક કોણ ?

હપ્તો : છેલ્લો

અઝ : મોહક્કિકે મસાઈલે જદીદા **હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ નિઝામુદીન રઝવી** (સદર મુફતી : જામિઆ અશરફિયા—મુબારકપુર)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા—માસિક)*

મારો ખયાલ છે કે હાઝિર તથા નાઝિર હોવાના સંબંધે ખાસ્સી બધી વાત તમને સમજાવી આપી છે. અમારે દર્શાવવું કેવળ એટલુ છે કે હુઝૂર ﷺ ગયબદાં (ગયબ જાણનાર) નબી છે, હાઝિર છે, નાઝિર છે અને આપને સર્વ વાતો મા'લૂમ છે, એ જ સહાબીઓનો મઝહબ છે, એ જ રસૂલુલ્લાહ ﷺનો મઝહબ છે, એ જ આપણો અક઼ીદો છે. એટલા માટે આપણે હુઝૂર ﷺના મઝહબ પર છીએ, આપણે સહાબાના મઝહબ પર છીએ, એટલા માટે આપણે હક્ક઼ પર છીએ અને વહાબી દેવબંદી વગેરે જહન્નમી છે, નાહક્ક઼ પર છે, બાતિલ પર છે. એઓ કોઈ અન્યના મઝહબ પર તો હોઈ શકે છે પણ સહાબાના મઝહબ પર અને હુઝૂર ﷺના મઝહબ પર નથી. અને એમાં એમને અમારાથી શિકાયતનો કોઈ હક્ક઼ નથી, કેમ કે એમણે પોતાનું નામ જાતે પોતે જ કાંઈક જુદુ રાખી લીધું છે. અહલે સુન્નત વ જમાઅત નામ આપણુ છે તેમનું નથી, તેઓ પોતાનું આ નામ પસંદ જ નથી કરતા ! અને પસંદ કરી પણ નથી શકતા. (શેઅર) :—

*ઈ સઆદત બઝોરે બાઝૂ નેસ્ત*
*તા ન બખશંદ ખુદાએ બખ્શંદા*

સહીહ મુસ્લિમ શરીફમાં છે :—

**عَنْ أَبِى هُرَيْرَةَ قَالَ قَالَ رَسُولُ اللَّهِ ـ صلى عليه وسلم ـ لَقَدْ رَأَيْتُنِى فِى الْحِجْرِ وَ قُرَيْشٌ تَسْأَلُنِى عَنْ مَسْرَاىَ فَسَأَلَتْنِى عَنْ أَشْيَاءَ مِنْ بَيْتِ الْمَقْدِسِ لَمْ أُثْبِتْهَا ـ فَكُرِبْتُ كُرْبَةً مَا كُرِبْتُ مِثْلَهُ قَطُّ قَالَ فَرَفَعَهُ اللَّهُ لِى أَنْظُرُه إِلَيْهِ مَا يَسْأَلُونِى عَنْ شَىْءٍ إِلَّا أَنْبَأْتُهُمْ بِهِ**

હઝરત ! અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે : તે ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે હું હતીમે કા'બા શરીફમાં મૌજૂદ હતો અને કુરૈશ મારાથી મેઅરાજની સફરના સંબંધે સવાલો કરી રહ્યા હતા. તેમણે મારાથી બયતુલ મુક઼દસના સંબંધે કેટલીક ચીજોના બારામાં સવાલ કર્યો જેમના સવાલો મારી નિગાહોમાં મેહફૂઝ ન હતા તો મને એના સબબે ઘણી તકલીફ થઈ, એવી તકલીફ જે કદી ન થઈ હતી (કેમ કે જો તેમના બિનજરૂરી સવાલોના જવાબ ન આપતો તો મેઅરાજના મો'જિઝાનો ઈન્કાર કરી આપતા ) સરકાર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે :—

**فَرَفَعَهُ اللهُ لِى اَنْظُرُ اِلَيْهِ مَا يَسْأَلُونِّى عَنْ شَىْءٍ أَنْبَأْتُهُمْ بِهِ**

''તો અલ્લાહ جل جلالہએ બયતુલ મુક઼દસને મારી સમક્ષ કરી આપ્યું અને કુરૈશના કાફિરો મારાથી જે કાંઈ પણ સવાલ કરતા હતા હું બયતુલ મુક઼દસને જોઈ જોઈને એના જવાબો આપી દેતો.'' *(સહીહ મુસ્લિમ શરીફ, પેજ—૯૬, ભાગ—૨, બાબુલ અસ્રા)*

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہની રિવાયતના શબ્દો આ પ્રમાણે છે :—

**فَجَلَا اللَّهُ لِى بَيْتَ الْمَقْدِسِ فَطَفِقْتُ أُخْبِرُهُمْ**
**عَنْ آيَاتِهِ وَأَنَا أَنْظُرُ إِلَيْهِ**

''અલ્લાહ તઆલાએ બયતુલ મુક઼દસને રોશન કરી આપ્યું અને હું તેની નિશાનીઓ જોઈ જોઈને કુરૈશના કાફિરોને બતાવી રહ્યો હતો.'' *(હવાલો : ઉપર મુજબ)*

એક વાત અન્ય કહો, અમે બતાવ્યું હતું કે નમાઝમાં હુઝૂર ﷺની તા'ઝીમ થવી જોઈએ. આપણા ઈસ્લામથી એને સંબંધ છે, આપણા ઈમાન સાથે એને સંબંધ છે. એનાથી ઉલ્ટુ વહાબીઓ

દેવબંદીઓનો પણ મઝહબ સાંભળો ! એ બંનેવ ફિર્કાઓનો મઝહબ છે કે, "નમાઝમાં જો ગાય, બળદ, ગધેડાંનો ખયાલ આવી જાય તો નમાઝ થઈ જશે." ધ્યાનથી સાંભળજો ભાઈ ! બંનેવ (દેવબંદી, અહલે હદીષ) ફિર્કાઓનો અકીદો છે કે, "નમાઝમાં જો ગાય, બળદ, ગધેડાંનો ખયાલ આવી જાય તો નમાઝ થઈ જશે અને જો હુઝૂર ﷺનો ખયાલ નમાઝમાં આવી જાય તો નમાઝ નહીં થાય ! બલ્કે આ ખયાલ નમાઝીને શિર્કની તરફ ખેંચીને લઈ જશે. નમાઝમાં હુઝૂરનો ખયાલ ગાય, બળદ, ગધેડાંના ખયાલ કરતાં અનંતગણો અધિક બુરો છે." આ અકીદો આ બંનેવ ફિર્કાઓના ચહીતા અને વિશ્વસનીય મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ "સિરાતે મુસ્તકીમ"માં છે. સિરાતે મુસ્તકીમમાં એ વાત લખી છે અને એની દલીલ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ શું આપી છે તે સાંભળો ! તે લખે છે કે, "નમાઝમાં જો ગાય, બળદ, ગધેડાંનો ખયાલ આવી જાય તો તા'ઝીમ સાથે નહીં આવે એટલા માટે નમાઝ થઈ જશે, અને જો હુઝૂર ﷺનો ખયાલ આવશે તો તા'ઝીમની સાથે આવશે. અને નમાઝમાં રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ અથવા ગૈરુલ્લાહની તા'ઝીમ એ શિર્ક છે, એટલા માટે જો કોઈ નમાઝમાં હુઝૂર ﷺનો ખયાલ લાવે તો એ ખયાલ તા'ઝીમની સાથે લાવશે એટલા માટે એ શિર્કની તરફ એને ખેંચી જશે. એનો સાર એ નીકળ્યો કે હુઝૂર ﷺનો ખયાલ આવ્યા બાદ ન નમાઝ રહી ન ઈમાન રહ્યું, કાંઈપણ બાકી ન રહ્યું ! આ અકીદો અસલમાં વહાબીઓનો છે અને તેની સાથે એ લોકોનો પણ છે જેમને આપણે દેવબંદી નામથી ઓળખીએ છીએ એ લોકો પણ તેમની સાથે છે.

હવે આપણે હદીષોની રોશનીમાં એ જાણી લેવું છે કે શું સહાબાનો આ મઝહબ છે ? મઆઝલ્લાહ ! શું કુર્આનમાં ક્યાંક છે ? શું હદીષમાં ક્યાંક છે ? તો હું હજી પણ એ જ વાત કહું છું કે સર્વ વહાબી તથા દેવબંદી જમાઅતના નાના મોટા સૌ આલિમો એડીથી લઈને ચોટી સુધી, આજથી લઈને કયામત સુધી શોધતા રહેશે પણ યકીન માનો ન કિતાબુલ્લાહમાં એમનો આવો કોઈ અકીદો મળશે, ન બુખારીમાં મળશે, ન મુસ્લિમ શરીફમાં આવો કોઈ અકીદો મળશે, ન હદીષની કોઈ કિતાબમાં આવો કોઈ અકીદો મળશે, ન સહાબાના ત્યાં આવો કોઈ અકીદો મળશે, બલ્કે પૂરી મુસ્લિમ ઉમ્મતમાં આવો ક્યાંય પણ કોઈ અકીદો મળશે નહીં, મળશે તો ક્યાં ? કેવળ વહાબી દેવબંદીમાં ! તો જે ક્યાંય ન મળે, ન કુર્આનમાં, ન હદીષમાં, ન સહાબામાં, તો તે આપણામાંનો હશે કે એમનામાંનો ? તે અલગ થશે, તે બોત્તેરમાંનો હોઈ શકે છે પણ નાઝી (નજાત પામનાર) ફિર્કા અહલે સુન્નત વ જમાઅતમાં નથી હોઈ શક્તો.

હવે હદીષો સાંભળો ! અમે તમોને એક એવી હદીષ સંભળાવીએ છીએ જેને સૌ માને છે. તેઓ પણ નમાઝ પઢે છે, આપણે પણ નમાઝ પઢીએ છીએ. અને નમાઝમાં તશહ્હુદ (અત્તહિય્યાત) પઢવામાં આવે છે. સમય લાગી જશે જો તમને લોકોને ઊભા કરું અને કહું કે મને અત્તહિય્યાત સંભળાવો, એટલા માટે હું પણ આખી સંભળાવીશ નહીં. અત્તહિય્યાતનું અંતિમ જે વાક્ય છે એને હું સંભળાવું છું :– "السَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ "સલામ થાય આપના પર હે નબી ! અને અલ્લાહની રહ્મત અને બરકતો." તશહ્હુદ પઢવી વાજિબ છે. હદીષોથી તો હુઝૂર ﷺને નમાઝમાં સલામ કરવું પણ વાજિબ થઈ ગયું. હવે જો કોઈ દિલ લગાડીને નમાઝ પઢે છે તો યકીનન ! બારગાહે રિસાલતમાં આ સલામ પેશ કરતી વખતે તેના દિલમાં હુઝૂર ﷺનો ખયાલ આવશે. અમે એ લોકોની વાત નથી કરતા જેમનું શરીર મસ્જિદમાં રહે છે અને ખયાલ તથા દિમાગ ક્યાંક અન્ય ઠેકાણે રહે છે, અમે એ લોકોની વાત કરીએ છીએ જેઓ દિલ લગાડીને નમાઝ અદા કરે છે, તો જ્યારે હુઝૂર ﷺનો ખયાલ દિલમાં આવશે તો તા'ઝીમની સાથે આવશે. અમે મુસલમાનોની વાત કરીએ છીએ, મુસલમાનના દિલમાં ખયાલ આવશે તો તા'ઝીમની સાથે આવશે. તો મુસલમાન નમાઝ પણ પઢી રહ્યો છે અને નબી ﷺને સલામ મોકલીને નબીનો ખયાલ પણ દિલમાં

તા'ઝીમની સાથે લાવી રહ્યો છે. અને આખી દુનિયાના મુસલમાનોના દિલમાં હુઝૂર ﷺનો ખયાલ તા'ઝીમની એ વખતે આવે છે જ્યારે તે પોતાના નબી ﷺને સલામ અર્ઝ કરે છે :– **اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِىُّ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ** હવે તે વહાબીઓ તથા દેવબંદીઓને પૂછો કે તમે લોકો બુખારી અને મુસ્લિમ શરીફની આ હદીષના પ્રમાણે અત્તહિય્યાત પઢો છો કે નહીં ? અને પઢો છો તો પોતાના નબી પર સલામ મોકલો છો કે નહીં ?! અને મોકલો છો તો ખયાલ આવે છે કે નહીં ? ખયાલ આવે છે તો તા'ઝીમની સાથે કે તૌહીનની સાથે ? જો કહે કે તૌહીનની સાથે ! (મઆઝલ્લાહ !) તો ગયા ! આખી દુનિયાના મુસલમાન શહાદત (ગવાહી) આપશે કે ગયા ! ક્યાં ગયા ? જહન્નમમાં ! ક્યાં ગયા ? ઈસ્લામથી. અને જો કહે કે તા'ઝીમની સાથે. તો એમના ઈમામ (ઈસ્માઈલ દહેલ્વી) કહે છે કે મારા ત્યાં તમારું સ્થાન નથી !

તો વહાબી જમાઅત તથા દેવબંદી જમાઅતના ભોળાભાળા લોકો ! સાંભળો ! તમારો ઈમામ જ તમારો સાથ છોડી આપશે, જો તમે હદીષ પર અમલ કરી લીધો તો. આ લોકો કહેવા પૂરતા તો કહે છે કે અમે અહલે હદીષ છીએ, પણ હદીષ પર રજ માત્ર પણ તેમનો અમલ નથી જોવા મળતો. જો અમલ છે તો અત્તહિય્યાત પઢતી વખતે હુઝૂર પર અદબ તથા તા'ઝીમના સાથે સલામ મોકલે.

સારું, અહીં એક ચીજ અધિક સમજમાં આવી. સલામ કોને કરવામાં આવે છે, મુડદાંઓને ? કેમ ? સમજમાં આવી વાત ? અહીં તે લોકો કહી શકે છે કે હા ! ભાઈ મુડદાંઓને પણ સલામ કરવામાં આવે છે. જે મુસલમાન કબ્રસ્તાનમાં દફન છે, અમને હુકમ છે કે જ્યારે ત્યાં જાય તો કહે : **اَلسَّلَامُ عَلَيْكُمْ يَا اَهْلَ الْقُبُوْرِ** તો ત્યાં મુડદાંઓને સલામ કરી ? અમે કહીશું કે જે મુડદાં છે તે તો શરીર છે અને તમે જેને સલામ કરી રહ્યા છો તે રૂહ છે, અને રૂહ ઝિંદા છે. મુડદાને ક્યાં સલામ કરી ? સારું, કોઈ હૈસિયતથી તે મુર્દા છે કેમ કે શરીર મુર્દા છે જો કે રૂહ જીવંત છે. તો ત્યાં જશો ત્યારે સલામ કરશો ને ! અને આપણે મુસલમાન ચાહે મદીના શરીફ હુઝૂર ﷺના રોઝા પર જઈએ ચાહે ન જઈએ, આપણે જ્યાં રહીએ છીએ ત્યાંથી સલામ અર્ઝ કરીએ છીએ. અને હદીષનો હુકમ એ જ છે, જ્યારે **નમાઝ પઢો તો ખાસ કરીને પોતાના નબીને જરૂર સલામ કરો.** તો આ સલામ એને જ કરવામાં આવશે જે જીવંત હોય. સારું ભાઈ ! તમે સૌ લોકો જીવંત છો અને અમે માની લો કે એક ફરલાંગ દૂરી પર ચાલ્યા જઈએ અને ત્યાં કહીએ, ભાઈઓ ! અસ્સલામુ અલૈકુમ ! તો એ સહીહ થશે ? કેમ સહીહ નહીં થાય ? જ્યારે તમે લોકો સાંભળતા જ નથી અને જ્યારે તમે લોકો જવાબ જ નહીં આપો, અને જ્યારે અમે તમને લોકોને જોઈશું જ નહીં તો સલામ કેવી રીતે કરીશું ? માણસ સલામ તેને કરે છે જેને જુએ. કમસે કમ એટલું તો જાણો કે અમે જેને સલામ કરી રહ્યા છીએ તે અમને જોઈ રહેલ છે, અથવા અમારા સલામને સાંભળી રહેલ છે, તે જીવંત છે. તો નમાઝમાં **اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِىُّ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ** પઢવાનો હુકમ આપીને સરકાર علیہ الصلوٰۃ والسلامએ એ વાતનો નિર્દેશ આપી દીધો છે કે હે મારા ઉમ્મતીઓ ! તમો મને સલામ કરતા રહેજો, એવું ન સમજશો કે હું તમારાથી દૂર છું આ રીતે આ હદીષથી સાબિત થાય છે કે હુઝૂર ﷺ ઝિંદા છે અને આપણાથી નજીક છે, અને આપણા સલામને સાંભળે છે. (શેઅર) :–

*તૂ ઝિંદા હૈ વલ્લાહ ! તૂ ઝિંદા હૈ વલ્લાહ !*
*મેરી ચશ્મે આલમ સે છૂપ જાને વાલે*

કુર્આન પાકનો હુકમ છે કે નમાઝમાં કા'બા શરીફની તરફ ચહેરો કરવો ફર્ઝ છે, તો આ નમાઝમાં કા'બા શરીફની તા'ઝીમ થઈ કે નહીં ? જરૂર તા'ઝીમ થાય છે. તો નમાઝ પણ થઈ રહી છે અને નમાઝમાં ગૈરુલ્લાહની તા'ઝીમ પણ થઈ રહી છે. એના માટે સાબિતી આપવાની જરૂર નથી. સૂરએ બક઼રહ પઢી લો એમાં પૂરી આયત મૌજૂદ છે. જો નમાઝમાં ગૈરુલ્લાહની તા'ઝીમ શિર્ક હોય તો આખા જગતના મુસલમાન મુશ્રિક થશે ! અને વહાબીઓ પોતાના

સિવાય સર્વ મુસલમાનોને મુશ્રિક સમજે પણ છે.

સારું ભાઈ ! જો શિર્ક છે તો તમારા મઝહબમાં ! તો એવું કરો કે અમે લોકો કિબ્લાની તરફ મોઢું કરીને નમાઝ પઢીએ છીએ, તમે કોઈ બીજી બાજુ મોઢું કરીને નમાઝ પઢો. એ જ હોવું જોઈએ ને ! અમે લોકો કિબ્લાની તરફ મોઢું કરીને નમાઝ પઢી રહ્યા છીએ, તમે લોકો પૂર્વની તરફ મોઢું કરીને નમાઝ પઢજો, દક્ષિણ બાજુ મોં કરીને નમાઝ પઢજો, ઉત્તર દિશામાં મોં કરીને નમાઝ પઢજો, અમારા કિબ્લાને છોડી દો ! શા માટે એવું કામ કરો છો જેનાથી નમાઝમાં ગૈરુલ્લાહની તા'ઝીમ થાય ? કે જે તમારા મઝહબમાં શિર્ક છે !

એકવારનો બનાવ છે કે સરકાર علیہ الصلوٰۃ والسلام પોતાના હુજરા (રૂમ)માંથી નીકળ્યા તો જોયું કે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ નમાઝના માટે ઊભા થઈ ગયા અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ તકબીર કહેવા લાગ્યા. તો હુઝૂર ﷺએ મના ફર્માવ્યું : لَاتَقُوْمُوا حَتّٰی تَرَوْنِی મુસ્લિમ શરીફની સહીહ હદીષ છે કે જ્યાં સુધી તમે લોકો મને જોઈ ન લો કે હું બહાર આવી રહ્યો છું નમાઝની માટે ત્યાં સુધી તમે લોકો ઊભા ન થશો. આ (વહાબી) લોકો કહે છે કે, નહીં ! પહેલેથી જ ઊભા રહો ! જાણો છે એમાં હિકમત શું છે ? હું આજે એ હિકમતને ટૂંકાણમાં સમજાવીશ. ઈન્શાઅલ્લાહુ તઆલા ! સરકાર علیہ الصلوٰۃ والسلامએ શા માટે ફર્માવ્યું હતું : لَاتَقُوْمُوا حَتّٰی تَرَوْنِی નમાઝના માટે ઊભા ન થશો જ્યાં સુધી મને જોઈ ન લો કે હું જમાઅત કાયમ કરવા માટે બહાર આવી રહ્યો છું. એટલા માટે કે એમાં હિકમત છે, એક રાઝ છે. સરકાર علیہ الصلوٰۃ والسلامએ એ રાઝની તરફ નિર્દેશ કરી આપ્યો છે. સમજનારા સમજે છે કે જ્યારે હુઝૂર ﷺ હુજરાની બહાર મસ્જિદમાં આવશે તો તેમને જોઈને લોકો ઊભા થશે. તો ઊભા થશે નમાઝના માટે અને તા'ઝીમ થશે મુસ્તફા જાને રહમત ﷺની. વહાબીઓ દેવબંદીઓને હુઝૂર ﷺની તા'ઝીમ એક પલ માટે માન્ય જ નથી એટલા માટે કહે છે કે અમે શરૂથી જ ઊભા રહીશું. પણ હે સુન્ની મુસલમાનો ! તમોએ શું કરવાનું છે ? તમારે એ જ કરવાનું છે જે અમારા મુબલ્લિગો બતાવી રહ્યા છે, જે આપણા ઈમામ, ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رحمۃ اللہ علیہએ બતાવ્યું, જે આપણા ફકીહોએ બતાવ્યું કે પ્રથમ બેઠા રહે, જ્યારે ઊભા થવાનો સમય આવે ત્યારે ઊભા થાવ. એ તે જ સમય છે જે સમયે સરકાર علیہ الصلوٰۃ والسلامએ ઊભા થવાનો હુકમ આપ્યો હતો.

સારાંશ કે એમના જેટલા અકીદા છે કોઈ પણ અકીદાની સાબિતી ન કુર્આને પાકથી છે ન હદીષે રસૂલુલ્લાહ ﷺથી છે અને ન તો ઉમ્મતથી. ન તે હુઝૂર ﷺનો મઝહબ છે, ન સહાબાનો મઝહબ છે. અને અલ્હમ્દુલિલ્લાહ ! આપણા જેટલા અકીદા છે એ સર્વ તે જ અકીદાઓ છે જે સહાબાથી સાબિત છે અને રસૂલુલ્લાહ ﷺથી સાબિત છે. તો **ما انا علیه واصحابی** એટલે અહલે સુન્નત વ જમાઅત કોણ ? આપણે ! તોત્તેરમાં એક કોણ ? આપણે ! અને બાકી બોત્તેરમાં કોણ ? તેઓ ! વહાબી, દેવબંદી ! અને વહાબી, દેવબંદીથી મુરાદ તે લોકો છે જેઓ અકીદાના લેહાઝથી વહાબી તથા દેવબંદી છે. બાકી જે ભોળા ભાળા લોકો જેઓ ભટકીને એમના તરફ ચાલી ગયા છે તેઓને અમે આ ઈજલાસથી નબી પાક ﷺની હદીષોના હવાલાથી દા'વત આપીએ છીએ કે જો તમો હક્કને સમજી ગયા છો તો આવો ! આજે જ તૌબા કરીને અહલે સુન્નત વ જમાઅતમાં સામેલ થઈ જાવ, અને કાંઈ પણ શંકા હોય તો અમારા મુબલ્લિગો છે, અમે છીએ, તમને સમજાવીશું. અલ્લાહ અમને, તમને સૌને સારી તૌફીક આપે. આપણે અહલે હક્ક તોત્તેરમાંથી એક છીએ, આપણે અહલે સુન્નત વ જમાઅત છીએ. વહાબી, દેવબંદી, કાદયાની, ચકળાલ્વી વગેરે એઓ સૌ એ બોત્તેર ફિર્કામાંથી છે જેમને સરકાર علیہ الصلوٰۃ والسلامએ જહન્નમી કહ્યા છે. જન્નતી ફિર્કો કેવળ એક **ما انا علیه واصحابی** એટલે આપણે સુન્નત વ જમાઅત છીએ.

**وآخر دعوانا ان الحمد للّٰه رب العالمين**

**હરેક મુસ્લિમે જાણવો જરૂરી હુક્મ**

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## નમાઝ કઈ હાલતોમાં તોડી શકાય છે

**મસ્અલો** : કોઈક મુસીબતમાં ફસાએલો માણસ ફરિયાદ કરી પુકારી રહ્યો હોય, એ જ નમાઝી માણસને જ બોલાવતો હોય અથવા વ્યક્તિગત નામ લીધા વિના ગમે તે માણસને તે પુકારતો હોય અથવા કોઈ માણસ પાણીમાં ડૂબી રહ્યો હોય, અથવા આગમાં કોઈ બળી જવાના ભયમાં હોય અથવા આંધળો રાહદારી માણસ કૂવામાં પડવાની અણી ઉપર હોય આ બધીય પરિસ્થિતિઓમાં નમાઝ તોડી નાખવી વાજિબ છે જ્યારે કે એ નમાઝી એવણને બચાવી શકવાને શક્તિમાન હોય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : પેશાબ, ઝાડો (મળ)ની જરૂરત જણાઈ અથવા કપડાં ઉપર એટલી નાપાકી દેખાઈ કે જેટલી નાપાકી હોવા છતાં નમાઝ જાઈઝ થઈ જતી હોય અથવા નમાઝીને કોઈ પરાઈ ઔરત આવીને અડકી ગઈ તો આવી બધીય હાલતોમાં નમાઝ તોડી નાખવી મુસ્તહબ છે જ્યારે કે જમાઅતનો સમય જતો ન રહેતો હોય. પેશાબ, ઝાડો ખૂબ જોરથી લાગ્યો હોય તો જમાઅત છૂટી જવાની પણ ફિકર ન કરવી. પરંતુ જો નમાઝનો ટાઈમ જતો રહે તેમ હોય તો તેનો ખ્યાલ કરવો. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : સાપ વગેરે ઝેરી જાનવરને મારવા માટે જ્યારે કે કરડવાની ચોક્કસ બીક હોય નમાઝ તોડી દેવી જાઈઝ છે.

**મસ્અલો** : કોઈક જાનવર છૂટી નાસી ગયું તેને પકડવા માટે અથવા બકરીઓ ઉપર વરૂ હુમલો કરશે એ ડર હોય તો નમાઝ તોડવી જાઈઝ છે.

**મસ્અલો** : પોતાના કે પારકા એક દિરહમ જેટલા નુકસાનનો ડર હોય દા.ત. દૂધ ઉભરાઈ જવાનો ડર હોય અથવા એક દિરહમ જેટલી કિંમતની કોઈક ચીજ ચોર ઉઠાવીને ભાગ્યો, આ બધી હાલતોમાં નમાઝ તોડવાની છૂટ છે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી)*

**મસ્અલો** : જો નફલ નમાઝ પઢતા હોય અને મા–બાપ, દાદા–દાદી વગેરેમાંથી કોઈ બોલાવે અને તેમને નમાઝ પઢે છે એવી ખબર ન હોય તો નમાઝ તોડી નાખી તેમને જવાબ આપે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

## મસ્જિદના હુકમોનું વર્ણન

અલ્લાહ તઆલાની નજીક સર્વોત્તમ જગા મસ્જિદ છે, અને સૌથી ખરાબ જગા બજાર છે. જ્યારે મસ્જિદમાં જાઓ તો દુરૂદ શરીફ પઢો અને કહો :– رَبِّ اغْفِرْلِیْ ذُنُوْبِیْ وَافْتَحْ لِیْ اَبْوَابَ رَحْمَتِكَ અને જ્યારે નીકળો તો દુરૂદ શરીફ પઢો અને કહો :–

رَبِّ اغْفِرْلِیْ ذُنُوْبِیْ وَافْتَحْ لِیْ اَبْوَابَ فَضْلِكَ

**મસ્અલો** : કિબ્લા તરફ પગ લાંબા કરવા મકરૂહ છે. ઊંઘવાની હાલતમાં હોય કે જાગવાની હાલતમાં હોય. નાના બાળકોને કિબ્લા તરફ પગ રાખી સૂવાડવા મકરૂહ છે અને એનો ગુનોહ સૂવડાવનારને છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : મસ્જિદના છાપરા પર પણ ગંદકી કરવી હરામ છે. મસ્જિદના છાપરાનો પણ મસ્જિદની જેમ જ અદબ કરવો જરૂરી છે. *(ગુનિયા)*

**મસ્અલો** : મસ્જિદના છાપરા પર જરૂરત વિના ચઢવું મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : મસ્જિદને રસ્તો બનાવવો અર્થાત એમાં થઈને પસાર થવું નાજાઈઝ છે અને જો એ જ રીતે અવરજવરની આદત બનાવી લેશે તો તે માણસ ફાસિક્ (ઉઘાડે છોગે હરામ કામ કરનાર) છે જો કોઈ એ જ નિય્યતથી (બહાર જવાની) મસ્જિદમાં ગયો અને વચમાં પહોંચી દિલમાં પસ્તાયો તો જે દરવાજેથી એને નીકળ વાનું છે તે સિવાયના બીજા દરવાજેથી નીકળે અથવા ત્યાં નમાઝ પઢે પછી નીકળે, અને જો વુઝૂ ન હોય તો જે દરવાજેથી દાખલ થયો છે ત્યાંથી જ પાછો જાય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

મસ્અલો : મસ્જિદમાં કોઈપણ વાસણમાં પેશાબ કરવો કે નસ્તર લગાડી લોહી કાઢવું જાઈઝ નથી.

મસ્અલો : બાળકને અને પાગલને કે જેનાથી ગંદકી કરવાનો શક (ગુમાન) હોય તેને મસ્જિદમાં લઈ જવું હરામ છે અને જો ગંદકીનો ડર ન હોય તો મકરૂહ છે.

મસ્અલો : મસ્જિદની દિવાલો અને મેહરાબો પર કુર્આન શરીફ લખવું સારૂ નથી. એટલા માટે કે ત્યાંથી તે લખાણ ઉખળીને પોપડીઓ રૂપે નીચે પડે અને પગોની નીચે કચડાઈ એવો ચોક્કસ ડર રહે છે. એવી જ બેઅદબીને કારણે તકિયા, બિસ્તરા, દસ્તરખાન, મુસલ્લા ઉપર પણ આયત, હદીષ કે શેઅર વગેરે લખવું મના છે. *(આલમગીરી, બહાર)*

મસ્અલો : મસ્જિદમાં વુઝૂ કરવું કે મસ્જિદની દિવાલો, સાદડીઓની ઉપર કે નીચે લીંટ કાઢવું, થૂકવું, મેલ કે નખ વગેરે નાખવું મના છે અગર નાક છીંકવાની કે થૂકવાની જરૂર પડે તો કપડામાં લઈ લેવું. *(આલમગીરી)*

મસ્અલો : મસ્જિદમાં નાપાકી લઈને જવું મના છે. ભલે તે નાપાકી મસ્જિદમાં ન લાગે. એવી જ રીતે જેનું શરીર નાપાકીવાળું હોય તેણે પણ મસ્જિદમાં જવું જાઈઝ નથી. *(રદ્દુલ મુહતાર)*

મસ્અલો : નાપાક તેલ મસ્જિદમાં બાળવું કે નાપાક ગારો વાપરી ચણતર કરવું પણ મના છે.

મસ્અલો : મસ્જિદને પૂરી કરતાં પહેલાં જ શરૂઆતથી જ કોઈ એક જગ્યાને મસ્જિદના વુઝૂ માટે મસ્જિદના બનાવનારાઓએ બનાવી છે જો તે જગ્યાએ નમાઝ (જમાઅત) થતી ન હોય તો ત્યાં વુઝૂ કરી શકે છે. એવી જ રીતે થાળી કે એવા કોઈ વાસણમાં વુઝૂ કરી શકાય છે. પરંતુ શરત એ કે સંપૂર્ણ સાવચેતી સાથે હોય કે પાણીના છાંટા મસ્જિદમાં ન પડે. *(આલમગીરી)*

મસ્અલો : વુઝૂ કરીને પછી મોં અને હાથના પાણીને લુછી મસ્જિદમાં ખંખેરે છે તે નાજાઈઝ છે. *(બહાર)*

મસ્અલો : મસ્જિદનો કચરો વાળીને કોઈ એવી જગ્યાએ ન નાંખવો કે જ્યાં બેઅદબી થતી હોય. *(દુર્રે મુખ્તાર)*

મસ્અલો : મસ્જિદમાં ઝાડ વાવવાની ઈજાઝત નથી. જો મસ્જિદને એની જરૂરત હોય, જેમ કે જમીનમાં ભેજ છે જેના કારણે થાંભલાઓ સ્થિર નથી રહી શકતા તો એ ભેજને ચૂસવા માટે ઝાડો લગાવી શકાય છે. *(આલમગીરી વગેરે)*

મસ્અલો : મસ્જિદ પૂર્ણ થતાં પહેલાં મસ્જિદનો સામાન મૂકવા માટે મસ્જિદમાં ઓરડી બનાવી શકાય છે. *(આલમગીરી)*

મસ્અલો : મસ્જિદમાં સવાલ કરવો (પોતાને માટે માંગણી કરવી) હરામ છે. અને એ માંગનારને આપવું પણ મના છે.

મસ્અલો : મસ્જિદમાં ખોવાયેલી ચીજ શોધવી મના છે. *(મુસ્લિમ વગેરે)*

મસ્અલો : કાચુ લસણ, પ્યાજ ખાયને મસ્જિદમાં જવું જાઈઝ નથી, જ્યાં સુધી કે એની ગંધ બાકી હોય. એ જ હુકમ તે દરેક ચીજ માટે છે જેનામાં દુર્ગંધ હોય. દુર્ગંધથી મસ્જિદને બચાવવી જોઈએ અને એને દૂર કર્યા વિના મસ્જિદમાં ન જવું ત્યાં સુધી કે જો કોઈ બીમારે દુર્ગંધવાળી દવા જેવી કે ગંધક વગેરે લગાડી હોય તો તેણે પણ મસ્જિદમાં ન જવું. કોઢની બીમારીવાળા અથવા એવી કોઈ ગંદી બીમારીવાળા માણસે બલ્કે તે બદઝબાનવાળાને કે જે પોતાની જીભ વડે બીજાને તકલીફ પહોંચાડતો હોય તો તેને પણ મસ્જિદમાં જવાથી રોકવો જોઈએ. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહારે શરીઅત)*

મસ્અલો : મુબાહ (જેનાથી ન સવાબ ન ગુનોહ થાય) વાતો મસ્જિદમાં કરવાની ઈજાઝત નથી તેમજ જોરથી બોલવું પણ જાઈઝ નથી. *(દુર્રે મુખ્તાર, સગીરી)*

મસ્અલો : મસ્જિદની સફાઈ માટે ચામાચીડિયા કે કબૂતર વગેરેના માળાને કાઢી ફેંકવામાં વાંધો નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

મસ્અલો : મોહલ્લાની મસ્જિદમાં નમાઝ પઢવી, ભલે જમાઅત નાની હોય, જામેઅ મસ્જિદમાં પઢવાથી અફઝલ છે બલ્કે અઝાન અને તકબીર કહી નમાઝ પઢે એ જામેઅ મસ્જિદની જમાઅત કરતાં અફઝલ છે. *(સગીરી વગેરે)*

# ઈસ્લામી સજાઓ તથા ક઼િસાસ

## બાઈબલ તેમજ સદ્‌બુધ્ધિની દષ્ટિએ..........

રજૂકર્તા : **મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી દયાદરવી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

વર્તમાન બુદ્ધિવાદી તથા રૂઢીચુસ્તાની અદાવતવાળા મોર્ડન યુગમાં માનવ અને માનવતાની રક્ષા અત્યંત મુશ્કેલ કામ બનતું જઈ રહ્યું છે. મોર્ડન યુગના વાવાઝોડાં હજાર વરસોથી જામેલાં અને ઝુલતાં વૃક્ષોના મૂળોને ઉખેડવાની કોશિશમાં લાગેલાં છે. પ્રાચીન કાનૂનો અને સિધ્ધાંતોને પૂરાણા અને બેકાર ઠરાવવાના પ્રયત્નો ચાલી રહ્યા છે. ઉત્તમથી ઉત્તમ અને સર્વ સંમત બાબતોને જૂની અને રિટાયર્ડ ઠરાવી દઈ તેને આઉટ ઓફ ડેટ ઠરાવવામાં આવી રહી છે ! સફળતા અને કામયાબીના જામિન વિચારો તથા દ્રષ્ટિકોણને તથા સફળ સામાજિક શૈલીને જૂનવાણીનું લેબલ લગાડી શરમજનક તથા ઘૃણાપાત્ર ઠરાવવામાં આવી રહેલ છે. દુનિયાની પૈદાઈશથી ચાલતા આવી રહેલા જિંદગી તથા હયાતનાં વિસ્તૃત અખ્લાક (સંસ્કારો) તથા કિરદાર માત્ર એટલા માટે બુધ્ધિવાનોની મેહફિલથી કાઢવામાં આવી રહ્યા છે કે તે કોઈ મુલ્હિદ અને અધર્મી વૈજ્ઞાનિકની બુધ્ધિના વિઢધ્ધ છે ! અને આ બધુ પણ એ લોકશાહી તથા તરક્કી પામેલ યુગમાં થઈ રહ્યું છે જે બહુમતિની રાય અને તેઓના વિચારોની હુકૂમતના માનનારા છે. વિચારની આઝાદી અને હક્કોની આઝાદીનો નારો એટલા જોશથી બુલંદ કરવામાં આવી રહ્યા છે કે ઈન્સાનને પોતાનાં તમામ પૂરાણા અખ્લાકી (સાંસ્કૃતિક)તથા સામાજિક બંધનોને પોતાના માટે કેદ તથા જેલ સમજી તેના તોડ માટે ઉત્તેજીત તથા મજબૂર કરવામાં આવી રહ્યો છે, નોબત અહિંયા સુધી પહોંચી ગઈ છે કે એક બુધ્ધિમાન બાપે પોતાના મોર્ડન દીકરાને કોઈ અયોગ્ય કાર્ય ઉપર અટકાવ્યો તો તે દીકરાએ કહ્યું,

"ડેડ ! વધારે જમાવવાની નહીં ! આ એકવીસમી સદી છે ! આઝાદીનો યુગ છે !" ડેડી અને મમ્મીના છેવટથી ડ મિટાવી એકવીસમી સદીના માબાપને આ પૈગામ આપવામાં આવ્યો કે "યા" સાથે તેમના બધા અધિકારો ખત્મ કરી દેવામાં આવ્યા છે !

આ મોડર્ન યુગના ઉજ્જવળ ખ્યાલો છે કે હવે દરેક વસ્તુ નવી લાવો ! અને એક ટેલરના કહેવા મુજબ : "ફાટેલું પેન્ટ પહેરવું ફેશન અને ન્યુ સ્ટાઈલ છે, જયારે કે સારું પેન્ટ પહેરવું એ જૂનવાણી થઈ ગયું છે !"

અને હવે તો એ વિચારો તથા દ્રષ્ટિકોણો જેના પર માનવતાની રક્ષા નભેલી છે, એમને પણ એકવીસમી સદીના ઉચ્ચ બુધ્ધિવાનો અને રોશન ખ્યાલોવાળાઓના રોશન ખયાલોના નસ્તરથી ઝખ્મી થઈ રહ્યા છે. શરીરનો વેપાર (વ્યભિચાર, ઝિના) જેના એક બુરુ કૃત્ય અને અયોગ્ય કાર્ય હોવા વિશે હજારો વરસોથી આ જગતમાં બધા ધર્મો અને મઝહબો એકમત રહ્યા, આજે તેને આઝાદી તથા આધુનિકતાના હેઠળ અદાલત થકી કાયદેસરતા અર્પણ કરવામાં આવી રહી છે. કેવળ ઈસ્લામ જ નહીં દુનિયાના બધા જ ધર્મો સાથે દરેક માનવીએ જાનની હિફાઝતની હિકમતને લક્ષમાં રાખી કત્લ અને ઝખ્મીની સજા ક઼િસાસ (ખૂનનો બદલો ખૂન) નક્કી કરેલ છે. સર્વ માનવો "જેવો જુર્મ તેવી સજા"ના કાનૂન ઉપર પેહલાંથી હમણા સુધી એકમત છે, એ જ કારણે લગભગ જગતની દરેક ભાષામાં "જૈસી કરની વૈસી ભરની" Tit for tat كَمَا تَدِيْنُ تُدَان જેવા રૂઢિપ્રયોગો અને વચનોનો ઉપયોગ છે. પરંતુ

હવે દુનિયામાં નવી ઉમંગો, નવા પ્રેમી નવી મંઝિલો, અને નવા મક્સદોનો યુગ ચાલુ છે, જ્યાં સુધી દુનિયાએ ''જૈસી કરની વૈસી ભરની'' ને દેશના કાનૂન અને દસ્તૂરનો મહત્વનો ભાગ માન્યો તો પરિણામ એ હતું કે દુનિયા અમન અને પ્રેમ, સલામતી અને સુકૂનથી ભરપૂર જન્નત નજર આવતી હતી, પરંતુ જયારથી પ્રગતિએ ગતિ પકડી છે અને ઈલ્મ અને સાઈન્સનો પ્રકાશ તેજ થઈ ગયો છે ત્યારથી પૂર્વજો અને બાપદાદાઓની વાતો મૂર્ખતામાં ઠરવા લાગી અને નવા યુગના ઈલ્મવાળા અને પ્રગતિ પામેલ માનવોએ કિસાસ અને મોતની સજાને પૂરાણી અને અભણતાની નિશાની બતાવી એકદમ ખત્મ કરી દીધેલ છે. પરિણામે દુનિયામાં લગભગ પાંચ હજારથી પણ વધુ લોકો દરરોજ કત્લ કરી દેવામાં આવે છે અને આ દુનિયા પ્રગતિના પંથે હોવા છતાં જુલ્મ અને સિતમ, હક્ક મારવું, ગરીબોને સતાવવું, અન્યાય, બેઈમાની અને ચોરી જેવાં બુરાં કામોની ભૂમી બની ગઈ છે અને આજે આદમના સપૂતો આ જ ધરતી ઉપર જહન્નમ વસાવવા ઈચ્છે છે.

*વો અંધેરે હી ભલે થે કે કદમ રાહ પર થે*
*રોશની લાઈ હૈ મંઝિલ એ બહુત દૂર મુઝે*

## ઈસ્લામમાં કિસાસનો હુકમ અને સજાઓ

ઈસ્લામે માનવ વંશ અને તેના શરીરના અંગો અને ભાગોની હિફાઝતના ઉચ્ચ મકસદને લક્ષમાં રાખી, તેના ઉપર કરવામાં આવતા અત્યાચારોની સજા ''કિસાસ'' એટલે કે તેના જેવી જ હોવાનું નક્કી કર્યું છે. (એટલે જાનના બદલે જાન તથા અંગના બદલે અંગ)

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવે છે :

**يَا يُّهَا الَّذِيْنَ آمَنُوْا كُتِبَ عَلَيْكُمُ الْقِصَاصُ فِى الْقَتْلٰى**

''હે મોમિનો ! તમારા ઉપર કત્લ કરવામાં આવેલાઓના માંમલામાં તેના જેવાને કરવામાં આવ્યું છે. *(સૂરએ બકરહ, ૧૭૮)*

અને તેની હિકમતો (ભેદો)ને બયાન કરતાં ફર્માવ્યું : **وَلَكُمْ فِى الْقِصَاصِ حَيٰوةٌ يَّأُوْلِى الْاَلْبَابِ** ''હે બુધ્ધિવાનો ! તમારા માટે કિસાસમાં જ જિંદગી છે.'' *(સૂરએ બકરહ, ૧૭૯)*

પરંતુ ટૂંકી દ્રષ્ટિવાળાઓને કિસાસનો આદેશ એક જબરદસ્તી અને જુલ્મ તથા માનવ અધિકારોની વિઢધ્ધ જણાય છે. તેઓ કહે છે કે, ''મોતમાં જિંદગી'' એ કઈ રીતે થઈ શકે છે પણ અક્લમંદીના દરિયામાં ડૂબકી મારીને છીપ કાઢનારાઓ અને એ મોતીઓની ચમકથી સમગ્ર વિશ્વની બુધ્ધિને આશ્ચર્યચકિત કરનારા ઉલ્માએ ઈસ્લામ અને મુફસ્સિરો ફર્માવે છે :

કિસાસના હુકમમાં જ માનવ જાતની હિફાઝત અને રક્ષા સમાયેલી છે, કેમ કે જ્યારે કોઈ વ્યકિતને એ વાતનો ખૌફ હશે કે કોઈ વ્યકિતની હત્યા કરવાના બદલામાં તેને પણ કત્લ કરી દેવામાં આવશે. કોઈ બીજા વ્યકિતના હાથ, પગ, કાન, નાક, આંખ વગેરે અંગોને નષ્ટ કરવાની સજા રૂપે તેણે પણ એવી જ દર્દનાક સજાઓને સહન કરવી પડશે, તો તે જોશ અને જઝબાતમાં આવું કાર્ય કરતાં પહેલાં હજારો અને લાખોવાર વિચારશે અને કોઈ પણ બુધ્ધિવાળાની બુધ્ધિ તેને આવું પગલુ ભરવા દેશે નહીં અને આ રીતે હત્યા તથા લૂટમાર અને ખુદાની હસીન મખ્લૂક ઉપર તેજાબ નાખવો અને માનવના કોઈ અંગને કાપવા જેવા મામલા ઓછા જ નહિ બલ્કે નહિંવત થઈ જશે, અને આ ધરતી માનવીના ખૂનથી મેહફૂઝ થઈ જશે. પણ આની વિઢધ્ધ જો કિસાસનો હુકમ ન હોય અને જુર્મ કરવા માટે તૈયાર વ્યક્તિને એ માલૂમ હોય કે તે બીજા વ્યક્તિની હત્યા કર્યા પછી પણ જિંદગીની મજા માણી શકશે અને મોડર્ન ન્યાય તેનો જામિન થશે, તો પછી તેને મામૂલી અને બેકાર વાતો ઉપર પણ માનવજાતની હત્યા કરવા અને ગુસ્સાની હાલતમાં બીજાઓને આગમાં સપડાવવાથી કોઈ નથી રોકી શકતું, એટલા માટે કે રોકનારો માત્ર વર્તમાન કાનૂન હોય છે અને વર્તમાન કાનૂનમાં ને ક્ષમતા રહી નથી !

એવી જ રીતે ઈસ્લામે માનવીના વંશની હિફાઝત માટે શાદીશુદા મર્દ અને ઔરતને વ્યભિચારની સજામાં રજમ (પથ્થરો મારી ખત્મ કરવા)નો હુકમ

આપ્યો છે.

الشَّيۡخُ وَالشَّيۡخَةُ اِذَا زَنَيَافَارۡ جِمُوۡ اهُمَا نَكَالًا مِنَ اللّٰهِ

"શાદી શુદા મર્દ અને શાદી શુદા ઔરત જો વ્યભિચાર કરે તો તેઓને સંગસાર કરવાની (પથ્થર મારવાની) આ સજા બીજા માનવીઓ માટે અલ્લાહ ત્આલા તરફથી સબક઼ અને નસીહત માટે છે."

જેથી બદ્‌કારીનું બજાર બંધ રહે તો માનવવંશની હિફાઝત અને સુશીલ (સભ્ય) સમાજનું ઘડતર આસાન અને સરળ રીતે કરી શકાય. એવી જ રીતે કુર્આને કરીમમાં દેશ અને શહરોની હિફાઝત માટે ડાકૂઓને ક઼ત્લ અને ચોરોના હાથ કાપી નાખવાનો હુકમ આપ્યો છે, જે માનવ બુદ્ધિના એકદમ મુતાબિક઼ છે (અને ખૂદ બાઈબલની રૂએ બરાબર છે, જેમ કે આગળ આવશે) એટલા માટે કે અસહ્ય સજાઓનો વિચાર અને તેનો હરઘડી ખયાલ જ જુર્મથી રોકવાનો સૌથી મોટો માર્ગ અને હથિયાર છે. બોધપાત્ર સજાઓને જોઈ લીધા પછી કોઈ પણ વ્યક્તિ એ વસ્તુઓ તરફ કદાપિ આકર્ષિત નહીં થાય, એથી ઉલ્ટુ જો ક઼ાનૂન કરોળિયાની જાળની જેમ હોય અથવા તેની પકડ ઢીલી હોય તો પછી "અરાજકતા" નો જો ક઼ાનૂન ચાલશે અને હુકૂમતના હાકિમો કૌભાંડી હશે અને તેમના જ ગૃપ અને સંગઠનને હુકૂમતની ખુરશી પ્રાપ્ત થશે. જેમ કે આજના મોડર્ન અને પ્રગતિ પામેલ યુગમાં થઈ રહ્યું છે કે રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીથી વધુ અધિકારો કૌભાંડી તથા તેમના અત્યાચારી રાજકારણીઓને પ્રાપ્ત છે.

**ઈસ્લામી સજાઓ અને ક઼િસાસ બાઈબલની દ્રષ્ટિએ**

બુદ્ધિજીવીનો વહેમ, પૂર્વજોથી બગાવત, અને મોડર્ન યુગની ઝેરીલી હવાઓથી સમગ્ર વિશ્વની આબોહવાને ખરાબ કરવારી અને ક઼િસાસના ક઼ાનૂનને લીધે (માત્ર ક઼િસાસ જ નહીં બલ્કે એના સિવાય બીજી ઘણી બધી વસ્તુઓમાં ઈસ્લામનો રાત દિવસ વિરોધ કરનારી) ઈસ્લામ અને પૈગંબરે ઈસ્લામ ﷺ, કુર્આન, હદીષ અને અલ્લાહ ત્આલાની દુશ્મની વહોરી લેનારી ક઼ૌમ ઈસાઈઓની પવિત્ર કિતાબ બાઈબલ પણ ક઼િસાસ અને સજાએ મૌત સમેટ બીજી શિક્ષાઓ અને સજાઓમાં ઈસ્લામ અને ઈસ્લામી શરીઅતથી સમાનતા કરતી, અને આલમગીર પૈગામ કુર્આને કરીમના ક઼દમથી ક઼દમ રાખી ચાલતી જોવા મળે છે.

**કોઈ પણ અંગનો ક઼િસાસ (બદલામાં) અંગ અને સળગાવવાનો ક઼િસાસ સળગાવવું**

ક઼િસાસના વિશે બાઈબલમાં માનપાત્ર હઝરત મૂસા علیہ السلام નું સત્ય કથન આ શબ્દોમાં વર્ણન થયું છે★.

હઝરત મૂસા علیہ السلام નું કથન આ છે : "જાનના બદલામાં જાન, આંખના બદલામાં આંખ, દાંતના બદલે દાંત, હાથના બદલે હાથ, પગના બદલે પગ, કાપવાના બદલે કાપવું, ઝખ્મના બદલે ઝખ્મ અને સળગાવવાના બદલે સળગાવવું." *(Exodus 21/25, Published By American Bible Society New York)*

શું બાઈબલની આ આયત કુર્આને કરીમની નીચે દર્શાવેલ આયત મુજબ નથી ?!

وَقَدۡ كَتَبۡنَا عَلَيۡهِمۡ فِيۡهَا اَنَّ النَّفۡسَ بِالنَّفۡسِ، وَالۡعَيۡنَ فِالۡعَيۡنِ، وَالۡاَنۡفَ بِالۡاَنۡفِ، وَالۡاُذُنَ بِالۡاُذُنِ وَالسِّنَّ بِالسِّنِّ، وَالۡجُرُوۡحُ قِصَاصٌ

"અમોએ બની ઈસરાઈલ ઉપર તૌરાતમાં એ

★ *સૌથી પહેલાં એ યાદ રાખશો કે* ***બાઈબલમાં ત્રણ પ્રકારની આયતો*** *વર્ણન થયેલ છે : (૧)* ***જેના બાતિલ હોવામાં કોઈ શંકા નથી*** *જેમ કે હઝરત હારૂન علیہ السلام વિશે મૂર્તિ પૂજાની અને હઝરત લૂત علیہ السلام વિશે પોતાની દિકરીઓ સાથે બદકારી (વ્યભિચાર)ની નિસ્બત. (૨) જેના હક્ક઼ હોવામાં કોઈ સદેહ નથી, જેમ કે ફિરઓનથી નજાત અને તેના લશ્કર સમેટ ડૂબવાનો કિસ્સો. (૩) જેના હક્ક઼ અને બાતિલ હોવા વિશે ચૂપ રહેવું જ વધુ યોગ્ય છે, જેમ કે હઝરત સુલૈમાન علیہ السلام ની બીવીઓની સંખ્યા"* ***–અંબર મિસ્બાહી***

વાત ફર્ઝ કરી છે કે પ્રાણના બદલે પ્રાણ, આંખના બદલે આંખ, નાકના બદલે નાક, કાનના બદલે કાન, દાંતના બદલે દાંત, અને ઝખ્મોનો ક઼િસાસ પણ તેની સમાન છે." (આ હુકમો ઈસ્લામમાં પણ બાકી છે. *(સૂરએ માએદા, ૪૫)*

જ્યારે બાઈબલ અને કુર્આનમાં સજાઓ તથા ક઼િસાસ એક સમાન છે, તો પછી કઈ રીતે કુર્આન આંતકવાદની દાવત આપનાર અને બાઈબલ શાંતિનો સ્થાપક બની ગયું ?!

બાઈબલ ઉપર ઈમાન રાખનારાઓ જરા એ બતાવે કે ઈન્સાનોને સળગાવવા કેવા છે ? શું આ માનવતાના હક્ક઼ોની હિફાઝત છે ? એક બાજુ તો ન્યાય પ્રિયતા અને બુધ્ધિજીવી હોવાના નારાઓ લગાડી ગરીબ તથા પછાત દેશો સમેટ પ્રગતિ પામેલ દેશોને પણ માનસિક તથા આર્થિક ગુલામ બનાવવાની કોશિશમાં રહે છે. અને બીજી બાજુ એ જ બાઈબલનો તર્જુમો વિશ્વની દરેક ભાષામાં કરી મફત અને સસ્તી કિંમતોમાં વેચવામાં આવે છે અને તેને નજાતનો ઝરીયો સમજવામાં આવે છે કે જેમાં આવા ભયંકર અને અસભ્યતાભર્યા આદેશો છે ! આ ડબલ બાજુની પોલીસી કયાં સુધી ? શું બાઈબલની જેમ કુર્આને કરીમમાં પણ આદમની ઔલાદને જીવંત અથવા મુર્દા સળગાવવાનો હુકમ છે ?

## માં અને બેટી જો એક જ મર્દ સાથે શાદી કરે તો ત્રણેવને સંગસાર (પથ્થરો મારી ખતમ) કરવામાં આવે

જો કોઈ વ્યક્તિએ એક સ્ત્રી અને તેની છોકરી બન્નેવ સાથે નિકાહ કરી લીધા તો તેની સજા *બાઈબલ*માં આ શબ્દોમાં વર્ણન થયેલ છે : " આ પ્રકૃતિના એકદમ વિઢધ્ધ છે કે કોઈ વ્યક્તિ એક સ્ત્રી અને તેની દિકરી બંનેવ સાથે નિકાહ કરે. જો આવું થાય તો ત્રણેવને મરતા સુધી આગમાં રાખો." ***(Leiviticus 20/14, Published By ABS New York)***

ઈસ્લામે પણ આવી શાદીને હરામ ઠરાવી છે. અલ્લાહ ત્આલાનો સ્પષ્ટ ઈર્શાદ છે : وَرَبَآئِبُكُمُ الّتِى فِىْ حُجُوْرِكُم "અને તમારા ઉપર તમારી પત્નીની છોકરીઓ હરામ છે." *(સૂરએ નિસાઅ, ૧૩)*

પરંતુ ઈસ્લામે આવા વ્યક્તિ માટે સળગાવવા જેવો સખ્ત અને આતંકી હુકમ નથી આપ્યો.

## ઝિના (વ્યભિચાર)ની સજા ક઼ત્લ

*બાઈબલ*માં વ્યભિચારીઓની સજાનું વર્ણન કરતાં મૂસા عليه السلام બની ઈસરાઈલને ખુદાનો હુકમ સંભળાવે છે : "વ્યભિચારી મર્દ અને ઔરતને શહેરના દરવાજા પાસે લાવી પથ્થરો મારતા રહો ત્યાં સુધી કે તે મૃત્યુ પામી જાય, તમો આવી રીતે પોતાની સોસાયટીથી આ ગંદકીને દૂર કરો જે એ બંનેવ થકી થઈ છે." ***(Deuteronomy 22/24, Publisher By ABS New Yourk)***

શું આ હુકમ ઈસ્લામના નીચે દર્શાવેલ હુકમ સમાન નથી ?

الشَّيْخُ وَالشَّيْخَةُ اِذَا زَنَيَا فَارْجِمُوْا هُمَا نَكَالًا مِنَ اللهِ

"જ્યારે શાદીશુદા મર્દ અને શાદી શુદા સ્ત્રી વ્યભિચાર કરે તો તેમને સંગસાર (પથ્થર મારીને ખતમ) કરો. આ સજા અલ્લાહ ત્આલા તરફથી (બીજાઓ માટે) બોધપાત્ર છે."

## ઝિના (વ્યભિચાર)ની સજા આગ

*બાઈબલ*માં ઝિનાની એક અજીબો ગરીબ સજાનું વર્ણન મળે છે. બની ઈસરાઈલના બાદશાહ યહૂદાને આ ખાતર આપવામાં આવી, "તમારી વહુએ તવાઈફની જેમ કામ કર્યુ છે અને હવે તેણી સગર્ભા છે. આ સાંભળી યહૂદા એકદમ ગુસ્સામાં બોલી ઉઠયા, તેણીને શહેરની બહાર લઈ જાવ અને સળગાવીને માટી કરી દો ! "એ અલગ વાત છે કે તે ગર્ભ એ જ પવિત્ર અને પાક વ્યક્તિનો હતો." *(હવાલો : સફરુત્તકવીન, ૩૮/૧૮–૩૦, બાઈબલનો ઉર્દૂ તર્જુમો, નામ : "કિતાબે મુક઼દસ" પ્રકાશક : ધ બાયબલ સોસાયટી ઓફ ઈન્ડિયા)*

ઈસ્લામે માત્ર વ્યભિચારીઓ વિશે આ હુકમ આપ્યો :–

اَلزَّانِيَةُ وَالزَّانِىْ فَاجْلِدُوْا كُلَّ وَاحِدٍ مِّنْهُمَا مِائَةَ جَلْدَةٍ

વ્યભિચારી અને વ્યભિચારીણીને સો સો કોરડાઓ મારવામાં આવે. *(સૂરએ નૂર–૨) [(બાઈબલનો ઉર્દૂ તર્જુમો બનામે "કિતાબુલ મુક઼દ્દસ" પ્રકાશન બાયબલ સોસાયટી ચોક બોબર)]* તો આના ઉપર સમગ્ર વિશ્વના ઈસાઈઓ બૂમો પાડવા માંડયા કે ઈન્સાનોને કોરડાઓ મારવા એ માનવતાના વિરૂધ્ધ છે અને એક જંગલીપણુ છે. પરંતુ અહિંયા એક જીવંત અને સગર્ભા સ્ત્રીને સળગાવવાનો હુકમ આપવામાં આવ્યો તો પણ માનવતાની હિફ઼ાઝ઼ત ઉપર આંચ ન આવી ! એના સિવાય કુસૂર અને ગુનોહ તો એ વ્યભિચારી સ્ત્રીનો છે ન કે તેના પેટમાં પરવરિશ પામી રહેલ નાના ફૂલનો જેણે દુનિયા જોઈ પણ નથી, જેને એ પણ ખબર નથી કે નેકી અને બુરાઈ શું છે ? તો પછી એ બાળકનો શું ગુનોહ છે કે તેને દુનિયા અને દુનિયાના જાલિમ અને અત્યાચારી લોકોને જોયા પેહલાં જ આગના હવાલે કરવામાં આવી રહ્યો છે ?! શું આ જ માનવતા છે ? શું આ જ માનવતાના હક્ક઼ોની હિફ઼ાઝ઼ત છે ?

એક બાજુ બાઈબલના આ લેખને ધ્યાનમાં રાખો અને બીજી તરફ હદીષો અને સીરતની કિતાબોમાં મહફૂઝ઼ આ કિસ્સાને નજર સમક્ષ રાખો અને પછી પોતાના દિલ ઉપર હાથ રાખીને પૂછો કે માનવતાના હક્ક઼ોની હિફ઼ાઝ઼ત કરનાર કોણ છે ?

અમીરૂલ મોમેનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની બારગાહમાં એક વ્યભિચારી સ્ત્રી લાવવામાં આવી. જયારે એ સાબિત થઈ ગયું કે તેણીથી વ્યભિચારનું કાર્ય થયું છે. તો અમીરૂલ મોમેનીને એ તેણીને સંગસાર (પથ્થર મારીને હલાક) કરવાનો હુકમ આપ્યો. અમીરુલ મો'મિનીન દ્વારા સંગસારીનો આદેશ મળ્યા પછી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمએ સ્ત્રીને મજલિસથી અલગ લઈ ગયા અને તેનાથી વાતચીત કરી પાછા આવ્યા અને હઝરત ઉમરથી કહ્યું, અમીરુલ મો'મિનીન ! આ સ્ત્રીની સંગસારીની સજા અમુક મહિનાઓ માટે રોકી આપવામાં આવે. હઝરત ઉમર رضی اللہ عنہએ કારણ પૂછયું તો હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ જવાબ આપ્યો, આ સ્ત્રી સગર્ભા છે અને એટલા માટે કે ગુનોહ તેનાથી થયો છે ને કે તેના બાળકથી, એટલા માટે સજાને રોકી દેવામાં આવે જેનાથી સજા માત્ર તેણીને જ મળે અને તેનું બાળક સજાથી મહેફૂઝ઼ રહે. આ સાંભળી હઝરત ઉમરે જે જવાબ આપ્યો તે માનવતાના હક્ક઼ોના નિરક્ષકો માટે એક નમૂનો છે જેના પ્રકાશમાં તેઓને હિદાયત જ મળશે.

હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું :–

لَوْلَا عَلِیٌّ لَهَلَكَ عُمَرُ "આજે જો અલી ન હોત તો એક બે ગુનાહને ક઼ત્લ કરાવી ઉમર હલાક થઈ જાત!"

શું આ સર્વ કાર્યોના હોવા છતાં આવુ કહેવું યોગ્ય થશે કે ઈસ્લામની શિક્ષાઓ અને સજાઓ માનવતાને તોડનારી અને માનવતાના હક્ક઼ો વિરૂધ્ધ છે ?!

અફસોસ !

*ઈસ દોરમેં સબ કુછ હૈ ઈન્સાફ નહીં હૈ*
*ઈન્સાફ કરે કૌન કે દિલ સાફ નહીં હૈ*

## માં બાપની નાફર્માનીની સજા સંગસારી

અને વારંવાર ચેતવણી હોવા છતાં નાફર્માની અને બળવો કરનાર બેટાના વિશે બાઈબલમાં હઝરત મૂસા علیہ السلامની ઝબાનથી અલ્લાહ ત્આલાના હુકમને આ શબ્દોમાં નકલ કરવામાં આવ્યો, "શહેરવાળાઓ એ બળવાખોર છોકરાને મારી મારીને ક઼ત્લ કરી આપે." ***(Deuteronomy 21/21)***

## અપહરણની સજા ક઼ત્લ

અને અપહરણ કરનારાઓની સજાનું વર્ણન કરતાં *બાઈબલમાં બયાન ફર્માવ્યું :–*

"તમો બધા બની ઈસરાઈલના કોઈ વ્યક્તિને અપહરણ અથવા તેમને ગુલામ બનાવવાના ગુનાહના સપડાયા તો તમને ક઼ત્લ કરી દેવામાં આવશે જેથી એ બુરાઈથી સમાજ પવિત્ર થઈ શકે." *(24/7)*

## અપરાધીઓની સજા માત્ર કત્લ છે

અપરાધીઓ વિશે મૂસા عليه السلام ની ઝબાન વડે આ સંદેશો *બાઈબલ*માં આપવામાં આવ્યો : "ગુનાહખોરોને સજાએ મૌત આપ્યા પછી તેઓની લાશોને ઝાડ ઉપર આખી રાત લટકેલી ન રાખો બલ્કે તેમની લાશોને તે જ દિવસે દફન કરી દો એટલા માટે કે એ ગુનેહગારોની લાશોના કારણે જમીન ઉપર અલ્લાહનો અઝાબ ઉતરે છે." *(21/22, 23)*

## ભૂલ કોની સજા કોને ?!

કુર્આને કરીમ ફર્માવે છે :–

لَهَا مَا كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ "દરેક વ્યકિતને સજા અને બદલો તેના પોતાના અમલોની બુનિયાદ પર આપવામાં આવશે." *(સૂરએ બક્રહ્, ૨૮૬)*

પણ *બાઈબલ*ની દુનિયામાં પિકનિક કરવાવાળાઓને એક અજીબ મુશ્કેલ અને આદમખોર કાનૂન નજર આવે છે. બની ઈસરાઈલને સંબોધીને તેમનો ખુદા ફર્માવે છે :–

"જો તમે મારો ઈન્કાર કરશો તો હું તમારા કુટુંબ અને ઘરવાળાઓને ત્રણ અથવા ચાર પેઢી સુધી સજા આપતો રહીશ." *(Exodus 20/5)* ભૂલ બીજાની અને સજા બીજા કોઈને ! કદાચ કોઈ કવિએ આ પ્રકારના ન્યાયને જોઈ નીચે દર્શાવેલ પંક્તિ કરી છે :

*"લમ્હોંને ખતા કી થી સદીઓંને સઝા પાઈ !"*

## શનિવારનો એહતેરામ ન કરવાની સજા કત્લ

બની ઈસરાઈલ માટે શનિવારનો દિવસ અત્યંત પ્રતિષ્ઠિત અને સન્માનનીય હતો એ દિવસ એટલો સન્માનનીય હતો કે તે દિવસે બીમારોનો ઈલાજ કરાવવાની પણ ઈજાઝત ન હતી. ઈસા عليه السلام ઉપર યહૂદીઓના આક્ષેપોમાંથી એક આક્ષેપ એ પણ હતો કે તેઓ શનિવારની પ્રતિષ્ઠાને તોડી શનિવારના દિવસે પણ લોકોની બીમારપુર્સી (અયાદત)નું કામ અંજામ આપતા હતા. જ્યારે શનિવારનો મામલો આટલો કઠિન છે તો યકીનન તેની સજા પણ એટલી સખ્ત હશે ? એક વેળા એક બિચારો વ્યક્તિ શનિવારના દિવસે જંગલમાં લાકડીઓ કાપતાં પકડાઈ ગયો, હવે આગળની કહાની *બાઈબલ*ની જબાનથી સાંભળો :

"તે વ્યક્તિને પકડીને મૂસા عليه السلام, હારૂન عليه السلام અને કૌમના બીજા માણસો પાસે લઈ જવામાં આવ્યો. કોઈને માલૂમ ન હતું કે તેની સાથે કઈ રીતનો સુલૂક કરવામાં આવે, એટલા માટે તેને પવિત્ર સ્થાને રહેવાની ઈજાઝત ન આપવામાં આવી. થોડીવાર પછી ખુદાએ ત્આલાએ હઝરત મૂસા عليه السلام ને સંબોધિત કરી ઈર્શાદ ફર્માવ્યો, તે વ્યક્તિને તંબૂની બહાર લઈ જાવ અને તેના પર પથ્થર ફેંકતા રહો ત્યાં સુધી કે તે જાનથી હાથ ધોઈ નાખે." *(Numbers 15/32-36)*

તે વ્યક્તિએ માત્ર લાકડીઓ કાપી હતી અને શનિવારના દિવસે તે કાર્યથી ન રોકાયો હતો તો તેને સંગસાર કરી આપ્યો ! છતાં પણ માનવતા ન લજાયી ! માનવ અધિકારોની દિવાલ ન તૂટી ! જ્યારે કે તેના તે કાર્યથી કોઈની પણ જાન, માલ, ઈજ્જત, આબરૂને કોઈ જાતનો દાગ ન લાગ્યા હતો. જ્યારે ઈસ્લામે નસલ (વંશ)ની હિફાઝત, માલની હિફાઝત, નફસની હિફાઝત માટે કાતિલો, ચોરો, ડાકૂઓ અને વ્યભિચારીઓ માટે અલગ અલગ પ્રકારની સજાઓ નક્કી કરી દીધી તો તેનાથી માનવતાના હક્કો નષ્ટ અને દુર્દશાગ્રસ્ત થઈ ગયા ! આ ડબલ પોલિસી ક્યાં સુધી ?!

## સજાઓની હિકમતો

અને એ સર્વ સજાઓની હિકમત અને સબબ *બાઈબલે* બયાન કરી કહ્યું, "એટલા માટે કે તેઓએ એ બુરાઈઓના કારણે સમાજમાં ઘણી ગંદકી ફેલાવી છે. તો એ પવિત્ર કરવાનું કામ પણ તેમના જ લોહીથી અંજામ આપવામાં આવે." જેથી આ ખબર સાંભળી અને તેનો અંજામ જોઈ બધા ઈસરાઈલી "એ ગુનાહોને કરવાથી" ભયભીત થઈ જાય. *(Deuteronomy 21/21)*

શું બાઈબલનું આ લખાણ કુર્આને કરીમની આ આયતનો ભાવાર્થ નથી :–

''હે وَلَكُمْ فِى الْقِصَاصِ حَيوٰةٌ يَّاُولِى الْاَلْبَاب બુદ્ધિવાનો ! તમારા માટે કિસાસમાં જ જિંદગી છે. *(સૂરએ બક્રરહ્ , ૧૭૯)*

ઈસ્લામી સજાઓ અને કિસાસ ટૂંકી દ્રષ્ટિએ કિનારા ઉપર બેસી અને જાહેર નજરથી જોવામાં આવે તો બુધ્ધિથી વિઢધ્ધ જણાશે કે મરવાવાળો મરી ગયો, હવે તેના બદલામાં કાતિલને કત્લ કરી દેવામાં આવે અથવા તેને દસ વીસ વરસો સુધી જેલમાં પૂરી દેવામાં આવે તો પણ તે મરનાર જીવંત નહી થઈ શકે, હવે આવી પોઝિશનમાં એક વ્યક્તિને વિના કારણે કત્લ કરવો તે કયાંનું શાણપણ છે ? પણ જયારે બુધ્ધિના દરિયામાં ઉતરી વિચારણા કરવામાં આવે તો એ હકીકત સ્પષ્ટ થાય છે કે દરિયા કિનારાથી જે મામૂલી વસ્તુ નજર આવે છે તે હકીકતમાં છીપ છે, જેમાં માનવતાની હિફાઝતનાં કિંમતી મોતીઓ છુપાયેલાં છે. જો કત્લ અને અપરાધની સજાઓ ન હોય અને અપરાધીઓને લોકોની ઈજ્જત, આબરૂ અને તેમની જાન તથા માલ સાથે દુર્વ્યવહાર કરવાની છૂટ આપી દેવામાં આવે તો પછી આ જગતમાંથી શરીફ અને શરાફતનું ખૂન થઈ જશે અને આ દુનિયા માત્ર અપરાધીઓનું ઘર બની રહી જશે. કાનૂન, ઉસૂલો અને સચ્ચાઈ, અમાનત, ઈન્સાનિયત, માનવતા નામની દરેક વસ્તુનુ નામ અને નિશાન મટી જશે, અને જો અપરાધની સજા સખ્તથી સખ્ત હોય તો રાજસત્તાનું બંધારણ પણ મજબૂત હશે અને દરેક બાજુ અમન અને શાંતિ છવાયેલી રહેશે.

ઈ.સ. ૨૦૦૨માં લાલ કૃષ્ણ અડવાણી જયારે ભારતના ગૃહમંત્રી અને ઉપપ્રધાનમંત્રી બંનેવ પદો ઉપર બેઠા હતા તે વેળા રાજધાની દિલ્હીમાં બળાત્કારનો ખૂબ વધારો થઈ ગયો, આખા દેશમાં એક હંગામો ઉભો થઈ ગયો. દેશી અને વિદેશી મીડિયા ભારતની નિંદા કરતુ હતું તો ગૃહમંત્રી મિસ્ટર અડવાણીએ કુર્આનની હિકમતોને નજર સમક્ષ રાખી સ્ત્રીઓની પવિત્રતા ઉપર હુમલો કરનારાઓ માટે હુકૂમતથી સજાએ મૌતનો કાનૂન બનાવવાની માંગ કરી હતી.

ભારતમાં પાછલા ત્રણ ચાર મહિનાઓથી ઓનર કિલિંગ (**Honour Killing**) એટલે શરમ અને સ્વભિમાનના નામ પર કત્લના મામલાએ ઘણુ જોર પકડયું છે. સામાજિક સ્વાભિમાનના નામ પર દરરોજ નવજવાન જોડાઓને નિશાનો બનાવવામાં આવે છે અને તેમને કત્લ કરવામાં આવી રહ્યાં છે. એપ્રિલ ૨૦૧૦માં પેહલા ઑનર કિલિંગ મામલાની સુનાવણી કરતી વેળા હરીયાણાની એક નીચલી અદાલતે અપરાધીઓને મૌતની સજા સંભળાવતાં આ ટિપ્પણી કરી : ''આ રીતની ઘટનાઓને રોકવા અને ઈન્સાની જાનોની હિફાઝત માટે આ રીતની સખ્ત સજાઓ લાભદાયક થઈ શકે છે, નહીં તો આપણા સમાજના અપરાધી તત્વો વધુ નીડર થઈ સમાજ અને દેશની શાંતિને નુકશાન પહોંચાડતા રહેશે અને રાષ્ટ્રીય કાનૂનને વેર વિખેર કરી નાખશે.''

ઈસ્લામના કાનૂનો તથા બંધારણ અને સજાઓની હિકમત, બાઈબલ તથા બુધ્ધિમાનોની એકદમ મુતાબિક છે. اَلْفَضْلُ مَا شَهِدَتْ بِهِ الْاَعْدَاءُ ફઝ્લો કમાલ એ છે કે જેની ગવાહી દુશ્મન પણ આપે. *(અમજદિયા ત્રિમાસિક, ઓકટો. થી ડિસે. ૨૦૧૦, જિ. આઝમગઢ, ઘોસી, યુ.પી.)*


## ★ મસ્જિદ માટે સહાય કરો ★

**બારડોલી** : મુકામે અહલે સુન્નતની પ્રથમ મસ્જિદ બની છે જેમાં જગા ખરીદી પતરાંનો શેડ ખડો કરીને હાલ નમાઝ ચાલુ કરી દેવામાં આવી છે પણ જગા નાની પડે છે તેથી વધુ જમીન ખરીદવા રૂા. ૧૬ લાખની જરૂરત છે જેથી સુન્ની ભાઈઓ આસાનીથી નમાઝ પઢી શકે. તે ઉપરાંત આગળ બાંધકામ પણ કરવાનું છે. પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે સહાયની અપીલ છે. સંપર્ક કરો :– બહારે મદીના મસ્જિદ, મુહમ્મદ જાવિદ અ. કરીમ પટેલ (સેક્રેટરી) મો. ૯૮૯૮૪૧૪૧૬૦, શેખ અહમદ અબ્દુલ કાદિર (પ્રમુખ) સૂરતી પાર્ક, બારડોલી

# નબી કરીમ ﷺની સામાજિક સેવાઓની ઝલક....

કાર્યાલય

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : وانا لعلیٰ خلق عظیم "બેશક ! આપ ખુલ્કે અઝીમ (ઉચ્ચ અખ્લાક઼ના સ્થાન) પર છે." હઝરત મુલ્લા જીવન (ઉસ્તાદે સુલ્તાન આલમગીર) ફર્માવે છે કે સહીહ એ છે કે ખુલ્કે અઝીમ એ જીવન પધ્ધતિ છે જેનાથી અલ્લાહ તઆલા પણ રાજી થાય અને મખ્લૂક઼ પણ, અને આ ખૂબ જ દુર્લભ છે.

નબી અકરમ ﷺ આ જીવન પધ્ધતિના આ'લાતરીન (શ્રેષ્ઠ) મર્તબા પર બિરાજમાન છે. આપ દરેક વખતે અલ્લાહ તઆલાની યાદમાં વ્યસ્ત રહેતા, એની બારગાહમાં દુઆઓ તથા વિનવણીઓનો ક્રમ ચાલુ રાખતા, અને રાત્રે એટલો લાંબો ક઼યામ કરતા કે મુબારક પગોમાં સોજા થઈ જતા. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, "હે કંબલ ઓઢવાવાળા ! રાતે ક઼યામ કરો પણ થોડો સમય (આરામ પણ કર્યા કરો.)" *(૭૩/૨–૧)*

### ★ જિમ્મેદારીઓથી ભરચક જીવન ★

બીજી બાજુ ખાવા પીવા તથા આરામના થોડાક સમય સિવાય ખુદાની મખ્લૂક઼ના માર્ગદર્શનમાં પસાર કરતા. ગૈર મુસ્લિમોને ઈસ્લામની દાવત આપવી, તેમની શંકા કુશંકાઓને દૂર કરવી, સહાબાએ કિરામને કુર્આને પાકની તાલીમ આપવી, તેમની કેળવણી તથા સુધારણા કરવી, એમની હાલતોની નિગરાની કરવી, આવનારાઓનું સ્વાગત કરવું અને તેમને ઈસ્લામની દાવત આપવી, મદીના મુનવ્વરામાં મુજાહિદોના દળો રવાના કરવાં અને અમુક વખતે જાતે પોતે ગઝવાત (જંગો)માં શરીક થવું, સદક઼ાઓ અને ચંદાનું વસૂલ કરવું અને મુસ્તહિક઼ોમાં વહેંચણી કરવું, નમાઝે પંજગાના, જુમ્આ તથા ઈદોમાં ઈમામત કરવી અને ખુત્બાઓમાં તેમને ઈસ્લામી અહકામ (હુકમો)થી માહિતગાર કરવું, બીમારોની ખબરગીરી કરવી, યતીમો, વિધવાઓ તથા ગુલામોની કાળજી રાખવી, હાજતમંદોની હાજત પૂરી કરવી, ઘરવાળાંઓની દેખભાળ કરવી અને તેમની જરૂરતોને પૂર્ણ કરવી. સારાંશ કે ખિદમતે ખલ્ક઼ના દરેક ક્ષેત્રે જિમ્મેદારીઓને નિભાવવી હુઝૂર સૈયદે આલમ ﷺ નું જ કામ છે.

### ★ જુલ્મપીડિતોના માટે હક્ક઼ની ચળવળ ★

અત્યારે લખાણનો વિષય નબી કરીમ ﷺ ની સામાજિક સેવાઓ છે. આપે નુબુવ્વતના એલાન પહેલાં 'હલફુલ ફઝૂલ'માં ભાગ લીધો. બન્યુ એમ કે ઝુબૈદ શહેરનો એક શખ્સ પોતાનો વેપારનો સામાન મક્કા મોઅઝ્ઝમા લાવ્યો જે આસ બિન વાઈલ સહમીએ ખરીદી લીધો અને કિંમત અદા ન કરી. ઝુબૈદીએ પોતાના સાથીઓથી મદદની અપીલ કરી પણ કોઈએ પણ ઈમદાદ ન કરી. નબી અકરમ ﷺના કાકા ઝુબૈર બિન અબ્દુલ મુત્તલિબની કોશિશ પર અબૂ હાશિમ, ઝહરા તથા બનૂ અસદ બિન અબ્દુલ ઉઝ્ઝા, અબ્દુલ્લાહ બિન જદઆનના ઘરે ભેગા થયા. આ મજલિસમાં હુઝૂરે અક઼દસ ﷺ પણ શરીક થયા. આ મજલિસમાં ફૈંસલો કરવામાં આવ્યો કે "અમે જાલિમની વિરૂધ્ધ જુલ્મપીડિત (મઝલૂમ)ની ઈમદાદ કરીશું, શક્તિશાળી પાસેથી કમજોરનો, મુક઼ીમથી મુસાફિરનો હક્ક઼ અપાવીશું." આ પાયાના માનવ અધિકારની રક્ષાનો તે પ્લાન હતો જેના હેઠળ ઝુબૈદીનો માલ તેને અપાવવામાં આવ્યો.

નબી અકરમ નબુવ્વતના એલાન પછી ફર્માવ્યા કરતા હતા કે આજે ઈસ્લામમાં પણ કોઈ મઝલૂમ (જુલ્મપીડિત) અથવા આલે હલફુલ ફઝૂલ કહીને પોકારે તો હું મદદ આપવા માટે હાજર છું.

હલફુલ ફઝૂલનો ક઼રાર નબુવ્વતના એલાનથી વીસ વરસો પહેલાં ઝીક઼અદા મહિનામાં થયો અને ઘણા બધા મઝલૂમ (જુલ્મ પીડિતો) તેનાથી લાભ પામ્યા.

### ★ હુઝૂર ﷺ ના ફેંસલાથી ખૂનરેજી ટળી ★

આ પણ નબુવ્વતના એલાન પહેલાંનો બનાવ છે કે કુરૈશના વિવિધ કબીલાઓએ બયતુલ્લાહ શરીફના બાંધકામના માટે તૈયારી કરી તો દરેક કબીલાએ પોતાની રીતે પથ્થરો એકત્ર કર્યા. જ્યારે બાંધકામ હજરે અસ્વદ સુધી પહોંચ્યું તો દરેક કબીલાની માગણી હતી કે અમે એને ગોઠવીશું, અને વાત ત્યાં સુધી પહોંચી કે તેઓ લડાઈ કરવા, માટે તૈયાર થઈ ગયા. બનૂ અબ્દુદ્દાર અને બનૂ અદીએ લોહીના ભરેલા પ્યાલામાં હાથ ડૂબાડીને પ્રતિજ્ઞા કરી કે અમે મરી જઈશું પરંતુ કોઈ બીજા કબીલાને હજરે અસ્વદ ફીટ કરવાની મહાનતા હાંસલ કરવા નહીં દઈએ ! ચાર પાંચ દિવસ ઝઘડો ચાલતો રહ્યો, છેવટે એક દિવસ મસ્જિદમાં ભેગા થઈને મીટિંગ કરી કે આ મતભેદનો અંત શી રીતે લાવવામાં આવે ?! કુરૈશના સૌથી વયોવૃધ્ધ વ્યક્તિ અબૂ ઉમૈયા ઈબ્ને મુગીરાએ મશ્વરો આપ્યો કે આ દરવાજેથી (સવારે) સૌ પ્રથમ આવનારા શખ્સને અધિકાર આપી દો કે તે ફેંસલો કરે.

અલ્લાહની કુદરત કે સૌ પ્રથમ રસૂલુલ્લાહ ﷺ એ દરવાજેથી દાખલ થયા. સૌ એકી જીભે બોલી ઉઠયા, "અમે આ અમીન પર રાજી છીએ, આ મુહમ્મદ છે !" જ્યારે હુઝૂરે અન્વર ﷺ તેમની પાસે પહોંચ્યા તો તેઓએ વસ્તુ સ્થિતિ વર્ણવી અને ફેંસલાની ફર્માઈશ કરી. આપે ફર્માવ્યું, એક કપડુ લાવો ! કપડુ લાવવામાં આવ્યું તો આપે હજરે અસ્વદ એના પર મૂકી દીધો અને ફર્માવ્યું, દરેક કબીલો કપડાનો એક છેડો પકડે સૌએ મળીને કપડુ ઉઠાવ્યું અને હજરે અસ્વદ સ્થળ સુધી લઈ આવ્યા, તો આપે હજરે અસ્વદ ઉઠાવીને એને સ્થાને ફીટ કરી આપ્યો. આ પ્રમાણે આપની હિકમતથી કુરૈશના કબીલાઓ ખૂનરેજીની ઘટનાથી બચી ગયા.

### ★ મસ્જિદના બાંધકામમાં જાતે પથ્થરો ઉઠાવતા ★

સરકારે દો આલમ ﷺ નાં એલાને નબુવ્વત પહેલાં જ્યારે કુરૈશે બયતુલ્લાહ શરીફનું બાંધકામ કર્યું તો આપ તથા આપના કાકા હઝરત અબ્બાસ رضي الله عنه બાંધકામના માટે પથ્થર ઉઠાવીને લાવ્યા કરતા હતા. એ જ પ્રમાણે જ્યારે હિજરત પછી મસ્જિદે કુબા બાંધવામાં આવી તો આપે જાતે પોતે તેમાં ભાગ લીધો. સૌ પ્રથમ પથ્થર કિબ્લાની તરફ આપે રાખ્યો. બીજો પથ્થર હઝરત અબૂબક્ર رضي الله عنه એ રાખ્યો, ત્યારબાદ સહાબાએ કિરામ બાંધકામમાં વ્યસ્ત ગઈ ગયા. નબી કરીમ ﷺ એટલા ભારે પથ્થર ઉઠાવીને લાવતા કે સહાબાએ કિરામ એને ઉઠાવવાથી લાચાર રહી જતા અને જ્યારે મસ્જિદે નબવી શરીફ બાંધવામાં આવી તો આપે એમાં પણ અમલી રીતે હિસ્સો લીધો.

### ★ આકસ્મિક મુસીબતમાં મખ્લૂકની નિગરાની ★

હઝરત અનસ رضي الله عنه ફર્માવે છે કે એક રાત્રે મદીનાવાળાઓ (કોઈ અવાજ સાંભળીને) ભયભીત થઈ ગયાં. લોકો અવાજની દિશામાં ગયા તો જોયું કે નબી ﷺ એ બાજુથી આવી રહ્યા છે અને ફર્માવી રહ્યા છે કે ડર તથા ગભરાહટની કોઈ વાત નથી.

નબી અકરમ ﷺ ઉમ્મહાતુલ મોમિનીનની જરૂરતોનો ખૂબ ખયાલ રાખતા હતા. અસ્ર પછી એકે એક ઉમ્મુલ મોમિનીનના ઓરડામાં તશરીફ લઈ જતા અને તેમની ખૈરિયત પૂછતા. હઝરત અસ્વદે હઝરત ઉમ્મુલ મોમિનીન આઈશા رضي الله عنها ને પૂછયું કે નબી કરીમ ﷺ ઘરમાં શું કરતા રહેતા હતા ? તેમણે જવાબ આપ્યો, આપ આપના ઘરવાળાંઓનાં કામકાજ તથા સેવામાં વ્યસ્ત રહેતા હતા, જ્યારે નમાઝનો સમય થતો તો નમાઝના માટે તશરીફ લઈ જતા.

### ★ તકલીફો વેઠીને સૌને સહાયરૂપ થતા ★

હઝરત અનસ رضي الله عنه ફર્માવે છે કે જ્યારે નબી કરીમ ﷺ સવારની નમાઝથી પરવારતા તો મદીનાવાસીઓના ખાદિમો (બરકત તથા શિફા હાંસલ કરવા માટે) વાસણોમાં પાણી લઈને હાજર થઈ જતા. આપ દરેક વાસણમાં હાથ મુબારક ડૂબાડી આપતા. કેટલીકવાર ઠંડી સવાર હોતી તેમ છતાં તે વાસણોમાં હાથ મુબારક નાખતા. (કોઈને ફયઝ તથા બરકતથી વંચિત ન રાખતા.) આપના ઉચ્ચ અખ્લાક તથા મેહરબાની અને કરમનો એ આલમ હતો કે હઝરત અનસ رضي الله عنه ના કથનાનુસાર મદીનાવાસીઓની

લોંડીઓમાંથી કોઈ બાળકી આપનો હાથ પકડીને જ્યાં ઈચ્છતી લઈ જતી. એમનાથી જ રિવાયત છે કે એક ખાતૂનની બુધ્ધિમાં કાંઈક ઉણપ હતી. તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને આપનાથી એક કામ છે ! આપે ફર્માવ્યું, હે ફલાણાની મા ! તમે જે ગલીમાં ચાહો હું તમારુ કામ કરવા માટે તૈયાર છું. તે આપને એક રસ્તા પર લઈ ગઈ અને તેણે પોતાની દરખાસ્ત પેશ કરી.

### ★ તબ્લીગનો એક ઉમદા તરીકો ! ★

નબી અકરમ ﷺ ની આદત મુબારક હતી કે બીમારની અયાદત (ખબર લેવી) કરતા, જનાઝાની સાથે તશરીફ લઈ જતા અને લોકોની દાવતનો સ્વીકાર કરતા. એક યહૂદી બાળક નબી ﷺ ની ખિદમત કર્યા કરતો હતો. તે બીમાર થઈ ગયો તો આપ તેની ખબર લેવા તશરીફ લઈ ગયા. તેના સિરહાને ઉભા રહ્યા અને તેને કહ્યું, ઈસ્લામ લઈ આવ ! તેણે પોતાના બાપની તરફ જોયું તો તે પણ નજીક હતો. બાપે કહ્યું, અબુલ કાસિમ (ﷺ)ની આજ્ઞાનું પાલન કરો ! તે ઈસ્લામ લઈ આવ્યો. નબી કરીમ ﷺ એવું કહેતા બહાર તશરીફ લાવ્યા કે સર્વ તારીફો અલ્લાહ માટે છે જેણે તેને આગથી નજાત અતા કરી. (સુબ્હાનલ્લાહ !) આ બનાવથી અંદાઝો કરી શકાય છે કે ઈસ્લામની દાવતનું મિશન આપની નિગાહથી કોઈ સમયે ઓઝલ નથી થયું.

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم નાં મા હઝરત ફાતિમા બિન્તે અસદ رضی اللہ عنہا નો ઈન્તેકાલ થયો તો આપ તેમની કબ્રમાં સૂઈ ગયા તો તેમના માટે દુઆ ફર્માવી, હે અલ્લાહ ! મારી મા ફાતિમા બિન્તે અસદની મગફિરત ફર્માવ અને તેમની કબ્રને ખુલાસાવાળી (પહોળી) ફર્માવ તારા નબીના તુફૈલ, અને મારાથી આગલા અંબિયાના તુફૈલ, બેશક ! તું સૌથી અધિક રહમ ફર્માવનારો છે.

### ★ કોઈ સવાલ કરનાર ખાલી ન જતો ★

હુઝૂર સૈયદે આલમ ﷺ ની આદતે કરીમા હતી કે કોઈ સવાલ કરનારને મના કરતા ન હતા. એક ખાતૂને બારગાહે રિસાલતમાં ચાદર લાવીને પેશ કરી જેના કિનારા પર તેમણે ભરત કરેલી હતી. નબી અકરમ ﷺ એ કબૂલ ફર્માવી લીધી. જ્યારે બહાર તશરીફ લાવ્યા તો તે ચાદર શરીર પર ઓઢેલી હતી. એક સહાબીએ અર્ઝ કરી, આ કેટલી સરસ ચાદર છે ! મને અર્પણ કરી આપો ! સહાબાએ કિરામે તેમને કહ્યું કે, તમે સારું નથી કર્યુ ! નબી અકરમ ﷺ ને એની જરૂરત હતી અને આપ તેને ઉપયોગમાં પણ લાવી ચૂક્યા હતા. તમને ખબર છે કે હુઝૂર ﷺ (કોઈ સવાલીને) રદ નથી કરતા ? ! તેમણે કહ્યું, અલ્લાહની કસમ ! મેં ચાદર પહેરવા માટે નથી માગી, મેં તો એટલા માટે માગી છે કે મારું કફન બને. (આપે તેને ચાદર અતા કરી આપી) અને તે એમનું કફન જ બની.

અને જો કોઈ ચીજ હાજર ન હોતી તો કરજ લઈને સવાલ કરનારની હાજત પૂરી કરી આપતા. એક શખ્સે સવાલ કર્યો તો આપે ફર્માવ્યું કે, અત્યારે મારી પાસે કોઈ ચીજ મૌજૂદ નથી, મારા નામ પર જરૂરતની ચીજ ખરીદી લો, જ્યારે માલ આવશે ત્યારે હું અદા કરી આપીશ. હઝરત ઉમર رضی اللہ عنہ એ અર્ઝ કરી, અલ્લાહ તઆલાએ આપને શક્તિ બહારની તકલીફ નથી આપી. (એટલે શક્તિ બહારની તકલીફ ઉઠાવવા નથી કહ્યું) એ વાત આપને પસંદ ન આવી. એક અન્સારીએ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! આપ ખર્ચ કરો અને આપ એ વાતનો ખૌફ ન કરો, કે અર્શનો રબ આપને કમી આવવા દેશે ! આ સાંભળીને આપ મુસ્કુરાયા અને ચહેરા મુબારક ખુશીના ભાવો દેખાવા લાગ્યા.

### ★ પોતે વિશિષ્ટ થઈને બેસવું પસંદ ન કરતા ★

એક સફરમાં આપે સહાબાએ કિરામને બકરીનો ગોશ્ત રાંધવાનો હુકમ આપ્યો. એક સહાબીએ કહ્યું, હું એને ઝબહ કરીશ. બીજાએ કહ્યું, હું એનું ચામડુ ઉતારી આપીશ. ત્રીજાએ કહ્યું, હું એનો ગોશ્ત રાંધીશ. નબી અકરમ ﷺ એ ફર્માવ્યું, હું બળતણ ભેગુ કરી લાવીશ. સહાબાએ કિરામે અર્ઝ કરી કે એ કામ કરવા માટે તો અમે હાજર છીએ ! ફર્માવ્યું, મને ખબર છે પરંતુ મને તમારી વચ્ચે અનોખા બનીને બેસવું પસંદ નથી, અલ્લાહ તઆલા એ શખ્સને પસંદ નથી કરતો જે પોતાના દોસ્તોમાં અનોખો થઈને બેસે.

### ★ લોંડીની સહાય અને તેણીની આઝાદી ★

આપની નવાઝિશોથી દરેક મોહતાજ હાજતમંદ ફયઝયાબ થતો હતો. આપે એક લોંડી જોયી જે રસ્તામાં

બેસીને રડી રહી હતી. આપે પૂછયું, શા માટે રડી રહી છે ? તેણીએ બતાવ્યું કે મારા માલિકે આટો ખરીદવાના માટે બે દિરહમ આપ્યા હતા તે મારાથી ખોવાઈ ગયા છે. આપે તેને બે દિરહમ આપી દીધા. થોડીકવાર પછી એ તરફથી પસાર થયા તો તેણી એ જ પ્રમાણે બેસીને રડી રહી હતી. આપે ફર્માવ્યું, હવે શા માટે રડી રહી છે ? તેણીએ કહ્યું, ડરું છું કે મોડેથી ઘરે પરત થઈશ તો માર પડશે. આમ તેણી સાથે તેના માલિકના ઘરે તશરીફ લઈ ગયા અને દરવાજા પર પહોંચીને સલામ કહી. ઘર માલિક હાજર થયો અને કહેવા લાગ્યો, અમારાં મા–બાપ આપના પર કુર્બાન ! આપ કઈ રીતે તશરીફ લાવ્યા ?! આપે બિના વર્ણવી તો તેમણે કહ્યું કે, આપના આગમનની ખુશીમાં (લોંડી) અલ્લાહની રઝાના ખાતર આઝાદ છે !

### ★ મુશ્રિકો પણ અમાનતો આપને જ સોંપતા ! ★

નબી અકરમ ﷺ રહમતુલ્ લિલ્આલમીન છે એટલા માટે આપની રહમત તથા એહસાનથી કેવળ મુસલમાન જ નહીં પણ ગૈર મુસ્લિમ પણ ફાયદો પામતા રહેલા હતા. આપની અમાનત તથા પ્રમાણિક્તના ન કેવળ ગૈર મુસ્લિમ માનનારા હતા, બલ્કે તેનાથી ફાયદો પણ ઉઠાવતા હતા. એનો અંદાઝો આ બાબતથી લગાડી શકાય છે કે તેઓ પોતાની અમાનતો મક્કાના મુશ્રિકોની પાસે રાખવાને બદલે હુઝૂર ﷺ ની પાસે રાખતા હતા, ત્યાં સુધી કે આપ મક્કા મુકર્રમાથી હિજરત કરીને મદીના મુનવ્વરાના માટે રવાના થયા તો ત્યારે પણ મુશ્રિકોની અમાનતો આપની પાસે રાખેલી હતી. આપે હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ને મક્કા મુકર્રમામાં રોકાવાનો હુકમ આપ્યો અને ફર્માવ્યું, એકે એક અમાનત તેના માલિકને સુપ્રત કર્યા પછી મદીના તયબહ ચાલ્યા આવજો. જેથી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ત્રણ દિવસ અને ત્રણ રાતો મક્કા મોઅઝ્ઝમામાં રહ્યા અને અમાનતો અદા કરીને મદીના તયબહ પહોંચી ગયા.

### ★ દુશ્મનોની પણ મુશ્કેલી દૂર કરતા ★

હઝરત ષમામા ઈબ્ને અષાલ رضی اللہ عنہ ઈસ્લામથી પાવન થયા બાદ ઉમરા કરવા માટે મક્કા મોઅઝ્ઝમા ગયા તો મુશ્રિકોએ તેમને પકડી લીધા અને કહેવા લાગ્યા, ષમામા ! તમે સાબી થઈ ગયા ?! એટલે પોતાના બાપદાદાઓનો ધર્મ છોડીને નવા ધર્મમાં જતા રહ્યા ?! તેમણે કહ્યું, નહીં ! બલ્કે મેં શ્રેષ્ઠ ધર્મ દીને મુહમ્મદની પયરવી (અનુસરણ) કરી છે. હઝરત ષમામાએ એ પણ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ ની ઈજાઝત વિના અમામાથી અનાજનો એક દાણો પણ તમારા સુધી નહીં પહોંચે. યમામા પહોંચીને પાબંદી લગાડી દીધી કે યમામાથી અનાજ મક્કા મુકર્રમા ન પહોંચવા પામે. મક્કા મોઅઝ્ઝમામાં દુકાળ પડી ગયો. મજબૂર થઈને મુશ્રિકોએ રસૂલુલ્લાહ ﷺ ને લખ્યું કે આપ સગાં સાથે સદ્વર્તાવ (સિલએ રહમી)નો હુકમ આપો છો અને તમે અમારી સાથે કતએ રહમી કરી છે ! બાપદાદાઓને તલ્વારથી કત્લ કર્યા અને પુત્રોને ભૂખ વડે ! નબી ﷺ એ હઝરત ષમામાને હુકમ આપ્યો તો તેમણે અનાજ પરથી પાબંદી હટાવી લીધી.

સારાંશ કે નબી અકરમ ﷺ એ પોતાની શાને રહમતુલ્ લિલ્આલમીની વડે પોતાનાં તથા પરાયાં સૌને ફયઝયાબ (લાભાવંત) કર્યા અને અલ્લાહ તઆલાના ફર્માંબરદાર બંદા બન્યા અને ખુદાની મખ્લૂકની સેવાને જિંદગીનું પ્રતીક બનાવી લીધી. અલ્લાહ તઆલા આપણને પણ તૌફીક અતા ફર્માવે. (આમીન)

*(અઝ : મૌલાના અબ્દુલ હકીમ શરફ કાદરી,*
*સુન્ની દાવતે ઈસ્લામી ઉર્દૂ મંથલી, જાન્યુ.–૨૦૧૧, મુંબઈ)*

## લેખ હરીફાઈમાં ભાગ લો

### કરજ લેનાર તથા આપનાર અને ઈસ્લામી શરીઅત

વર્તમાનકાળમાં સામાન્યતઃ લોકો કરજ ઉધાર–ઉછીના લઈને આપનારને પરત કરતા નથી. તો આમ કરવું શરીઅતની રૂએ કેવું છે ? સાથોસાથ કરજ આપવાની ફઝીલત શું છે ? તથા કરજદારને મોહલત આપનાર તથા માફ કરનાર માટે શી ફઝીલતો છે ? તથા કરજ લઈને ખોટા કરનાર પર શરીઅતનો શું હુકમ લાગે છે તેની વિગતો સાથે લેખ મોકલવો.

**તા. ૧૦–૦૨–૨૦૧૧ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.** *–તંત્રી*



# ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

## અને કડક વલણ વિશે નિષ્પક્ષ પરીક્ષણ

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

મુજદ્દિદે આ'ઝમ, ઈમામે એહલે સુન્નત, આ'લા હઝરત અઝીમુલ બરકત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ (હિ.સ. ૧૨૭૨–૧૩૪૦) એ મુક઼દ્દસ હસ્તીનું નામ છે જેમાં એક સાથે ઈલ્મો, અમલ, તક઼વા, પરહેઝગારી, અખ્લાક઼ો–કિરદાર, સાદગી તથા નર્મી, દયા અને કૃપા તથા પ્રેમભાવ જેવા સદ્‌ગુણો એકત્ર હતાં તે છતાં વિરોધીઓ આપને શિદતપસંદ (કડકાઈવાળા), મુકફ્ફિરુલ મુસ્લિમીન (મુસલમાનોને કાફિર કહેનાર), બિદઅતો ફેલાવનાર વગેરે જૂઠા આક્ષેપો લગાડીને સામાન્ય લોકોમાં આપની મક઼બૂલિયતને ઘટાડવાના નિરર્થક પ્રયાસો કરતા રહ્યા પરંતુ હક઼ીક઼ત એ છે કે જે રીતે સૂર્ય તરફ મોઢું કરીને થૂકનાર પોતે જ ખરડાય છે અને સૂર્યનું તેજસ્વ ઓછુ થવાના બદલે વધતુ જ જાય છે બિલ્કુલ એ જ રીતે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની મક઼બૂલિયત વધતી જ ગઈ અને ન કેવળ અખંડ ભારત બલ્કે અરબ તથા અજમના સામાન્ય લોકોથી લઈ મહાન ઉલમાએ કિરામ અને બુદ્ધિવાનોએ આપને સન્માન આપ્યું, અક઼ીદતોના ગુલદસ્તા પેશ કર્યા, ખાસ તથા આમ લોકોમાં આપની મક઼બૂલિયત એક અલગ વિષય છે. અત્રે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પર જે આક્ષેપો લગાડવામાં આવતા રહ્યા છે એમાં કેટલી સચ્ચાઈ છે તે આપના લખાણો, કિતાબો તથા ફત્વાઓની રોશનીમાં જાણવાની કોશિશ કરીશું.

ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ જે મઝહબે મુહઝ્ઝબ દીને ઈસ્લામના પ્રચારક હતા એ ઈસ્લામ કોઈ પણ સંજોગોમાં સખ્તી અને કડકાઈની તા'લીમ નથી આપતો, બલ્કે ઈસ્લામ તો દરેક સ્થિતિમાં નર્મી, આસાની, દયા અને કૃપાનો સંદેશ આપે છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**لَآ اِكْرَاهَ فِى الدِّيْنِ** "દીનમાં કોઈ જબરદસ્તી નથી." *(સૂ. બક઼રહ, ૨/૨૫૬)*

**يُرِيْدُ اللّٰهُ بِكُمُ الْيُسْرَ وَلَا يُرِيْدُ بِكُمُ الْعُسْرَ**

"અલ્લાહ તઆલા તમારા માટે આસાનીઓ ઈચ્છે છે, મુશ્કેલીઓ નથી ઈચ્છતો." *(સૂ. બક઼રહ, ૨/૧૮૫)*

**وَمَا جَعَلَ عَلَيْكُمْ فِى الدِّيْنِ مِنْ حَرَجٍ**

"અને તમારા પર દીનમાં કોઈ તંગી ન રાખી." *(સૂ. હજ્જ, ૨૨/૭૮)*

**لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا** "અલ્લાહ તઆલા કોઈ જાન પર એની શક્તિથી અધિક ભાર નથી નાખતો." *(સૂ. બક઼રહ, ૨/૨૮૬)*

હદીષોમાં પણ આ બાબતે તાક઼ીદ કરવામાં આવી છે : **اِنَّ الدِّيْنَ يُسْرٌ** "બેશક ! આ દીન આસાન છે." *(બુખારી શરીફ, ૧/૨૩, રક઼મ : ૩૯)*

હઝરત મુઆઝ બિન જબલ અને હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہما ને ફિલિસ્તીન તરફ રવાના કરતી વેળા આપ صلی اللہ علیہ وسلمએ એમને હિદાયત ફર્માવી :

**يَسِّرَا وَلَا تُعَسِّرَا وَبَشِّرَا وَلَا تُنَفِّرَا وَتَطَاوَعَا** "આસાની પેદા કરજો, તંગી ન કરતા, ખુશખબરી આપજો, (લોકોને) ધૃણિત ન કરતા, પરસ્પર ખુશદિલી સાથે કામ કરજો." *(બુખારી શરીફ, ૨/૧૦૬૩, રક઼મ : ૬૮૮૭, કિતાબુલ અહકામ)*

**يَسِّرُوْا وَلَا تُعَسِّرُوْا وَبَشِّرُوْا وَلَا تُنَفِّرُوْا** "આસાનીઓ

પેદા કરો, તંગીઓ ન કરો, ખુશખબરીઓ ફેલાવો નફરતો ન ફેલાવો.'' *(બુખારી શરીફ, ૧/૧૬, રક્મ, ૭૦ કિતાબુલ ઈલ્મ)*

હવે ઈન્સાફની સાથે કહો કે જે દીન સખ્તીથી રોકતો હોય અને નર્મી તથા આસાનીનો આદેશ આપતો હોય એનો પ્રચારક સખ્તી કરનાર હોય શકે છે ? હરગિઝ નહીં !

ઈસ્લામની આ જ નમ્રતા તથા પ્રેમભાવની વિચારશૈલીને અપનાવી ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃاللہ علیہએ પોતાની તા'લીમાત દ્વારા મુસલમાનોને ગુમરાહી અને બેદીનીથી બચાવવાની ભરપૂર કોશિશ કરી. આપની લેખનકૃતિઓમાં ઠેક ઠેકાણે એનાં અસંખ્ય ઉદાહરણો જોઈ શકાય છે. ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہ દીને ઈસ્લામ અને શરીઅતે મુસ્તફા ﷺના અઝીમ પાસબાન તથા એક મહાન સુરક્ષક હતા. તો ભલા આપની વાણી તથા વર્તણુક અને સોચ વિચાર તથા સ્વભાવમાં વળ ી સખ્તી, તેજી, કડકાઈ અને કડવાહટ હોઈ શકે ?!

અહીંયા અમુક ઉદાહરણો રજૂ કરવામાં આવે છે જેને વાંચી, જાણી તથા સમજીને સાહિબે ખુલ્કે અઝીમ, રહમતે આલમ ﷺના આશિકે સાદિક અને સાચા નાયબ ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہની નરમી તથા પ્રેમભાવથી આપણા દિલો દિમાગ અને રૂહ સુદ્ધાં પ્રભાવિત થઈ જાય છે.

જુઓ ! ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہ લખે છે : ''શરીઅતના (મકાસિદ) હેતુઓનો માહિર સારી રીતે એ વાત જાણતો હોય છે કે શરીઅતે મુતહ્હરા નર્મી અને આસાનીને પસંદ ફર્માવે છે, ન કે મઆઝલ્લાહ ! તંગી અને સખ્તી.'' *(ફતાવા રઝવિય્યહ્, ૫/૧૦૭, પ્રકાશક : રઝા એકેડમી–મુંબઈ)*

એક બીજા ઠેકાણે ઘણી સ્પષ્ટતા સાથે લખે છે : **''જુઓ ! નર્મીના જે ફાયદા છે તે સખ્તીમાં હરગિઝ નથી મળી શક્તા.** જો તે વ્યક્તિ સાથે સખ્તી કરવામાં આવતી તો હરગિઝ આવુ ન થાત, **જે લોકોના અકીદા મુઝબઝબ (ઢુલમુલ) હોય એમની સાથે નર્મી કરવામાં આવે જેથી તેઓ સુધરી જાય, આ જે મોટા મોટા વહાબીઓ છે શરૂઆતમાં એમની સાથે પણ ઘણી નર્મી કરવામાં આવી પરંતુ એમના દિલોમાં વહાબિયત દ્રઢ થઈ ગઈ હતી અને** ثُمَّ لَا يَعُوْدُوْنَ **ના મુજબ તેમણે હક્ક ન સ્વીકાર્યું ત્યારે સખ્તી કરવામાં આવી.** રબ ફર્માવે છે :

**يَآ يُّهَا النَّبِيُّ جَاهِدِ الْكُفَّارَ وَالْمُنٰفِقِيْنَ وَاغْلُظْ عَلَيْهِمْ**

''હે નબી ! જેહાદ ફર્માવો કાફિરો અને મુનાફિક સાથે અને એમના પર સખ્તી કરો.'' અને મુસલમાનોને ફર્માવે છે : وَلْيَجِدُوْا فِيْكُمْ غِلْظَةً ''જરૂરી છે કે તેઓ તમારામાં સખ્તી પામે.'' *(અલ્ મલ્ફૂઝ, ૧/૩૨, રઝા એકેડમી)*

પ્રિય વાંચકો ! કેટલુ સ્પષ્ટ ફર્માવ્યું કે નર્મી અને સહજતામાં ફાયદા છે. છતાં આપને મુતશદ્દિદ (કડક મિજાઝી) અને સખ્તગીર (સખ્તી કરનાર) કહેવું હાસ્યસ્પદ જણાય છે. જયારે કોઈ આપના જીવનચરિત્રનો અભ્યાસ કરે છે તો એક પ્રશ્ન એના દિમાગમાં વારંવાર ઊભો થાય છે કે આખરે ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہની જ ટીકા ટીપ્પણી શા માટે કરવામાં આવે છે ?!

આ પ્રશ્નનો જવાબ માહિરે રઝવિય્યાત, પ્રોફેસર મસ્ઊદ અહમદ નક્શબંદી (કરાંચી) આ રીતે આપે છે : **ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہના વિરોધનું સૌથી મોટુ કારણ પૂર્વજ બુઝુર્ગોના મસ્લક પર આપની અડગતા, તેના ફેલાવા માટે આપની કોશિશો અને આ મસ્લકના વિરોધીઓ પર આપની સખ્ત ટિપ્પણીઓ જણાય છે.** સારાંશ કે આપની મુસ્લેહાના, મુજદ્દિદાના અને નાકેદાના કોશિશોની સખ્ત પ્રતિક્રિયા એ થઈ કે આપના પર ભાત ભાતના આક્ષેપો મૂકવામાં આવ્યા અને તેના પ્રોપેગન્ડા માટે સંપૂર્ણ બળ વાપરવામાં આવ્યું. અને જ્યાં સુધી યકીન ન થઈ ગયું કે ઈલ્મી ક્ષેત્રે ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہની છબી બગડી ગઈ છે ત્યાં સુધી તેમણે દમ ન લીધો. કદાચ ! ઉપલક દષ્ટિ

રાખવાવાળાઓની નજરમાં આવા આક્ષેપોનું કાંઈક મહત્વ હોય પરંતુ ઈતિહાસ પર જેમની ગેહરી નજર છે તેઓ જાણે છે કે આ આક્ષેપો પાયા વગરના છે અને અમુક રાજનૈતિક તથા ધાર્મિક પોલિસીઓના આધારે પણ લગાડવામાં આવ્યા છે." *(ઈમામ અહમદ રઝા ઔર રદ્દે બિદઆતો મુન્કિરાત, પેજ–૮૮)*

મહબ્બતે રસૂલ ﷺ કેવળ ઈમાન નહીં, જાને ઈમાન અને અસ્લે ઈમાન છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની અસંખ્ય ખૂબીઓ અને કમાલાતમાં એક વિશેષતમ ખૂબી અને કમાલ ઈશ્કે રસૂલ ﷺ છે જે આપની વિશિષ્ટ પહેચાન બન્યું.

આપ ફર્માવે છે : **"હે અઝીઝ ! ઈમાન રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત સાથે જોડાયેલ છે અને જહન્નમની આગથી નજાત આપની ઉલ્ફત પર આધારિત છે. જે આપની સાથે મહોબ્બત ન રાખે વલ્લાહ ! (અલ્લાહની કસમ!) ઈમાનની ખુશ્બૂ તેના અંતર સુધી નથી પહોંચી.**

**જાને બિરાદર ! તેં કદી સાંભળ્યું છે કે જે વ્યક્તિને તારા સાથે સાચી મહોબ્બત છે એ તારા વિશે સારી વાત સાંભળી મોં બગાડે અને તેને મિટાવવાની કોશિશ કરે ?** અને મહૂબબ પણ કેવો ?! જાને ઈમાન તથા એહસાનની ખાણ ! આપના જમાલે જહાંઆરાનું દૃષ્ટાંત ક્યાંય નહીં જડે, અને કુદરતની કલમે આપની તસ્વીર બનાવી હાથ ખેંચી લીધો કે હવે કદી આવું નહીં આલેખે." *(મજમૂઅએ રસાઈલ, મસ્અલા નૂર વ સાયા–૮૪, રઝા એકેડમી)*

મહબ્બતે રસૂલ ﷺનો પયગામ કેટલા પ્રેમભર્યા અંદાજમાં પાઠવે છે, આવા મીઠા બોલ પણ કોઈને તીખા અને કડવા લાગે તો એમાં વાંક કોનો ?! એની આંખનો....! એના દિલ અને દિમાગનો....!

આકા સાથે ગુલામનો અંદાજ કેવો હોવો જોઈએ ! ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની જબાની સાંભળો !

**"હે અઝીઝ** ! સમજ તથા બુદ્ધિની આંખમાં ઈન્સાફનો સુર્મો આંજ અને સ્વીકારના કાનોમાંથી નકારનાં પુમડાં કાઢી નાખ, પછી સર્વ મુસલમાનો બલ્કે દરેક ધર્મ અને જાતિના વિદ્વાનોને પૂછતો ફર કે પોતાના મહબૂબ સાથે આશિકોનો તરીકો શું હોય છે ? અને ગુલામોએ મૌલા (આકા) સાથે શું વર્તાવ કરવો જોઈએ ? (પોતાના મહબૂબ અને આકાની) ફઝીલતોને ફેલાવવી, પ્રશંસાઓની અધિક્તા કરવી, અને તેમના હુસ્ન (સુંદરતા)ની ખૂબી સાંભળીને બાગ બાગ થઈ જવું અને ફુલ્યા ન સમાવું જોઈએ, કે પછી ખૂબીઓને રદ કરવી, કમાલાતનો ઈન્કાર કરવો અને તેમના સદ્‌ગુણોને જૂઠલાવવા જોઈએ ?! જો એક પણ ન્યાયપ્રિય બુદ્ધિવાન તને કહી દે કે ન તે (મહબૂબની ખૂબીઓ સાંભળી ખુશી થવું વગેરે) દોસ્તીનો ચૂકાદો છે ન આ (ખૂબીઓ અને કમાલાતનો ઈન્કાર વગેરે) ગુલામીના વિરુદ્ધ છે, તો તને ઈખ્તિયાર છે, નહીં તો અલ્લાહ અને રસૂલની શરમ રાખ અને આ અયોગ્ય કૃત્યથી રોકાય જા ! યકીનની સાથે જાણી લે કે મુહમ્મદ ﷺની ખૂબીઓ તારા મિટાવવાથી મિટશે નહીં." *(નૂર વ સાયા–૭૬, રઝા એકેડમી)*

જયારે ઈસ્લામમાં તશદુદ (તુંડમિજાઝી) અને સખ્તી છે જ નથી તો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જેઓ શરીઅતના અનુકરણ અને સુન્નીઓની પેરવી કરવામાં અજોડ હતા, તો પછી કઈ રીતે આપ સખ્તી કરનાર હોઈ શકે છે ? એ તો સ્વભાવિક છે, તેમ છતાં હજી સંતોષ ન થયો હોય તો આપના એક ફત્વાના આ ભાગને જરા ઠંડા દિલે પઢશો, હકીકત શું છે તે આપમેળે જાહેર થઈ જશે.

ઈમામે ઈશ્કો મહબ્બત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ લખે છે : "હે અઝીઝ ! બિહમ્દિલ્લાહ ! દીન આસાની અને નર્મી સાથે આવ્યો, જે પણ (એ દીન)ને આસાની અને સરળતાની સાથે અનુસરશે તેના માટે હમેશાં નર્મી અને આસાની છે અને જે તંગી તથા સખ્તીને રસ્તો અપનાવશે, આ દીન તેના માટે સખત થતો જશે, ત્યાં સુધી કે એ જ થાકી જશે અને પોતાની સખ્તીનો પસ્તાવો પોતે ઉઠાવશે." નબી ﷺ ફર્માવે છે : "બેશક ! આ દીન આસાન છે અને જે પણ દીનમાં સખ્તી અપનાવશે દીન તેના પર ગાલિબ

આવી જશે, એટલા માટે મધ્યમ માર્ગ અપનાવો અને પાસપાસે થઈ જાવ, અને ખુશખબરી દેતા રહો.''
*(ફતાવા રઝવિય્યહ્, ૨/૧૦૬)*

જેની વાણીમાં આટલી મધૂરતા અને સંબોધનમાં આટલો પ્યાર હોય એ સખ્તી કરનાર હોય એ વાત સમજ બહારની વાત છે.

હુઝૂરે અક્દસ ﷺની અઝમત તથા ઈઝ્ઝત અને રિફઅત તથા તા'ઝીમના સંબંધે કેટલા અનોખા અંદાજમાં ઉમ્મતે મુસ્લિમાને પયગામ આપે છે :–

**''જાને બિરાદર !** પોતાના ઈમાન પર રહમ કર ! ખુદાએ કહ્હારો જબ્બાર ﷻની સાથે લડાઈ ન વહોર ! તારા અને તમામ મખ્લૂક્ના સર્જન પહેલાં તે લખી ચૂક્યો.''

ફર્માવવામાં આવે છે : وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ ''હે મહબૂબ મારા ! મેં તારા માટે તારૂં ઝિક્ર બુલંદ કરી દીધું'' કે જ્યાં મને યાદ કરવામાં આવશે ત્યાં તારો પણ ચર્ચો થશે અને તારી યાદ વિના ઈમાન સંપૂર્ણ નહીં થાય. આસ્માનોના તબક્। અને ધરતીના પાતાળોમાં તારા પવિત્ર નામથી ગુંજી ઉઠશે, મોઅઝ્ઝિન અઝાનોમાં, ખતીબ ખુત્બાઓમાં, ઝાકિરીન પોતાની મજલિસોમાં અને વાઈઝીન પોતાના મિમ્બરો પર મારા ઝિક્રની સાથે તારી યાદ કરશે, સર્વ વૃક્ષો તથા પથ્થરો, હરણો તથા ગોહ તથા અન્ય જાનદારો, દૂધ પીતાં બાળકો તથા કાફિરોના (બનાવટી) મઅબૂદો જે રીતે મારી તૌહીદ બતાવશે એ જ પ્રમાણે સ્પષ્ટ રીતે તારી રિસાલતનું ચોખ્ખી સહીહ બોલીમાં વર્ણન સંભળાવશે, દુનિયાના ચારે ખૂણામાં لَا اِلٰهَ اِلَّا اللّٰه محمد رسول الله નો શોર થશે, અઝલી બદ્બખ્તોના સિવાય દરેક વસ્તુ કલ્મએ શહાદત પઢતી હશે, મલએ આ'લામાં તસ્બીહ કરવાવાળાઓને અહીંયાં પોતાની તસ્બીહ તથા પાકીમાં વ્યસ્ત રાખીશ તો ત્યાં (ધરતી પર) તારા પવિત્ર આગમનની ખુશી મનાવવાનો હુકમ આપીશ, અર્શ, કુર્સી, સિદ્રાના સાતવે વરક્, જન્નતના મહેલો પર જ્યાં ''અલ્લાહ'' લખીશ ત્યાં ''મુહમ્મદુર્રસૂલુલ્લાહ'' (ﷺ) પણ લખીશ, પોતાના પયગંબરો અને ઉલૂલ અઝ્મ રસૂલોને ફર્માવીશ, હર વક્ત તારૂં ઝિક્ર કરે અને તારી યાદથી પોતાની આંખોને રોશની, જિગરને ઠંડક, દિલને આરામ અને પોતાની મેહફિલોને ઝીનત આપે, જે કિતાબ ઉતારીશ એમાં તારા વખાણ, તારી પ્રશંસા તથા ખૂબસૂરતી અને કિરદારના કમાલને એવી સ્પષ્ટતા સાથે વર્ણવીશ કે સાંભળનારાઓનાં દિલ બેઈખ્તિયાર તારા તરફ ઝુકી જશે અને તારા ઈશ્ક્ની શમ્અ એમના કાનો તથા સીનાઓમાં ભડકી ઉઠશે. એક જગત તારૂં દુશ્મન થઈ તારી શાનને ઘટાડવા અને ફઝાઈલને મિટાવવાની કોશિશ કરે તો હું કાદિરે મુત્લક (સર્વ શક્તિમાન) છું ! મારી સામે કોઈનું શું ચાલવાનું ?! (અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺની સાથે કરેલા) આ જ વાયદાનું પરિણામ હતું કે યહૂદીઓ પોતાની કિતાબોમાંથી સેંકડો વરસોથી આપનું ઝિક્ર (વર્ણન) કાઢી ચંદ્ર પર માટી નાંખે છે ! તો ઈમાનવાળાઓ એટલા ઊંચા અવાજે આપની નઅત (પ્રશંસાઓ) સંભળાવે છે કે સાંભળનાર જો ઈન્સાફ કરે તો આપો આપ પોકારી ઉઠે, લાખો બેદીનોએ આપના ફઝાઈલને મિટાવવાની કોશિશ કરી, પરંતુ મિટાવવાળા પોતે મિટી ગયા જ્યારે આપની ખૂબીઓ દિન પ્રતિ દિન વધતી રહી છે, પછી તો (યહૂદીઓએ ઝિક્રે મહબૂબ ﷺને મિટાવવાના) પોતાના મક્સદથી નિરાશા અને નાઉમ્મીદી કરી લેવી યોગ્ય છે. નહીં તો રબ્બે કા'બાની કસમ ! (આપ ﷺના ઝિક્રને મિટાવવાના પ્રયાસોથી) આપને કાંઈ નુકસાન નથી, છેવટે એક દિવસ તું નહીં રહે, તારૂં ઈમાન નહીં રહે.''

ઝિક્ર મુસ્તફા ﷺની અઝમત તથા રિફઅતનું વર્ણન કરી નસીહત કરતાં લખે છે :–

''હે અઝીઝ ! પૂર્વજ બુઝુર્ગોનો માર્ગ અપનાવ અને એમના ડગ પર ડગ રાખ ! દીનના ઈમામોનો તરીકો આવી બાબતોમાં હમેશાં સ્વીકાર્ય રહ્યો છે. જ્યારે કોઈ ભરોસાપાત્ર ઈમામે કોઈ મો'જિઝો અથવા વિશિષ્ટતાનું વર્ણન કર્યું તો એને સ્વીકારીને કર્યું, અને પોતાના અંતરમાં દિલથી સ્થાન આપ્યું ત્યાં

સુધી કે હદીષોમાં પોતે તેની અસ્લ ન પામ્યા તો વાંક પોતાની દષ્ટિનો સમજ્યા, એ પણ ન કહ્યું કે ગલત છે, બાતિલ છે, કોઈ હદીષમાં નથી આવ્યું. એવું પણ ન બન્યું કે જ્યાં સુધી હદીષથી સબૂત ન મળ્યું હતું તેને વર્ણન ન કરતાં બલ્કે એ ભરોસાપાત્ર ઈમામ પર ભરોસો રાખી પોતાની કિતાબોમાં એ જ રીતે લખતા રહ્યા, અને કેમ ન હોય, અકલે સલીમનો ચૂકાદો આ જ છે.'' *(મજમૂઅએ રસાઈલ, મસ્અલા નૂર વસાયા, ૭૬, ૭૭)*

નજાત પામનાર જમાઅત એટલે કે અહલે સુન્નત વલ જમાઅતના અનુસરણ સરવા સંબંધે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અલ્લામા સૈયદી અહમદ મિસ્રી તહ્તાવી رحمۃ اللہ علیہના હવાલાથી લખે છે :–

**''હે મુસલમાનોના ગિરોહ !** તમારા પર નાજી ફિર્કા (નજાત પામનાર ફિર્કા) અહલે સુન્નત વલ જમાઅતનું અનુસરણ અનિવાર્ય છે એટલા માટે કે અલ્લાહની મદદ અને તેનું હાફિઝો કારસાઝ રહેવું એહલે સુન્નતના અનુસરણમાં છે, અને તેનું છોડી દેવું અને ગઝબ ફર્માવવું અને દુશ્મન બનાવવું સુન્નીઓની વિરુદ્ધમાં છે. અને એ નજાત પામનાર ગિરોહ હવે ચાર મઝહબોમાં એકત્ર છે, હનફી, માલિકી, શાફઈ, હંબલી, અલ્લાહ તઆલા એ સર્વ પર રહમત ફર્માવે, આ જમાનામાં એ ચાર (મઝહબો)થી બહાર નીકળનાર બિદઅતી જહન્નમી છે.'' *(ફતાવા રઝવિય્યહ્, ૩/૨૯૨)*

હકીકત તો એ છે કે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہને ત્યાં સખ્તી, તેજી, કડકાઈ અને કડવાહટ જેવી કોઈ વસ્તુ છે જ નથી, સખ્તી અને તશદુદ (તુંડ મિજાઝી) ક્યાં અને કોની કિતાબોમાં છે એ હઝરત ખ્વાજા હસન નિઝામીની જબાની સાંભળો :–

''મૌલાના અહમદ રઝા ખાન જે કહે છે એ જ કરે છે, અને આ એક એવો ગુણ છે જેની આપણે સૌએ પૈરવી કરવી જોઈએ. તેમના વિરોધી વાંધો ઉઠાવે છે કે મૌલાના (ઈમામ અહમદ રઝા)ના લખાણોમાં સખ્તી બહુ છે. તેઓ બહુ જલ્દી બીજાઓ પર કુફ્રનો ફત્વો લગાડી દે છે, પરંતુ એ લોકોએ મૌલાના ઈસ્માઈલ દહેલ્વી અને તેમના ચેલાઓની દિલ આઝાર (દિલને ઠેસ પહોંચાડતી) કિતાબો કદાચ નહીં વાંચી હોય જેમને વરસોથી સૂફીયાએ કિરામ બરદાશ્ત કરતા રહ્યા. એ કિતાબોમાં જેવી સખત બદ્કલામી આચરવામાં આવી છે એને જોતાં જ્યાં સુધી મારો ખ્યાલ છે મૌલાના અહમદ રઝા ખાન સાહબે અત્યાર સુધી ઘણુ ઓછુ લખ્યું છે. સૂફીઓની જમાઅત ઈલ્મી સ્તરે મૌલાના મૌસૂફ (ઈમામ અહમદ રઝા)ને પોતાનો બહાદૂર સફ શિકન અને સૈફુલ્લાહ (અલ્લાહની તલ્વાર) સમજે છે અને ઈન્સાફ એ છે કે બિલ્કુલ બરાબર સમજે છે.'' *(સેહમાહી અફકારે રઝા–મુંબઈ, ટાઈટલ, એપ્રિલ–જૂન ઈ.સ. ૨૦૦૬)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ મુસલમાનોના એક મહાન ખેરખ્વાહ અને હમદર્દ હતા. અને જે હમદર્દ હોય છે એના સીનામાં દર્દ હોય છે, લાગણી હોય છે, ચિંતા હોય છે. હવે કોઈ એ જ હમદર્દી અને લાગણીને સખ્તી સમજે તો એના માટે સારી સમજની દુઆ સિવાય બીજો તો શું ઈલાજ કરી શકાય છે ?

બદ્મઝહબોની સાથે મેલજોલ અને રિશ્તાના વિશે એક મહાન હમદર્દ પોતાની કૌમ માટે દીની દર્દ કેટલા લાગણીભર્યા શબ્દોમાં વ્યક્ત કરે છે :–

''મુસલમાનો ! જરા ખુદા વ રસૂલની તરફ ધ્યાન આપી ઈમાનની સાથે દિલ પર હાથ રાખી જુઓ, કે અમુક લોકો તમારા મા બાપને વિના કારણે ગંદી અત્યંત ખરાબ ગાળો ભાંડવાને પોતાની આદત બનાવી લે, બલ્કે તેને પોતાનો દીન ઠરાવી લે ! શું તમે એમની સાથે હસતા મૂખે મળશો ?! હરગિઝ નહીં ! જો તમારામાં નામ માત્રની પણ ગૈરત હશે, તમારામાં માનવતા હશે, જો તમે પોતાની માને મા સમજતા હશો, જો તમે બાપને બાપ સમજતા હશો તો એમને જોઈ તમારાં દિલ ભરાઈ જશે, તમારી આંખોમાં લોહી ઉતરી આવશે, તમે એમની તરફ જોવાનું પણ પસંદ નહીં કરો. અલ્લાહના વાસ્તે ઈન્સાફ કરો ! સિદ્દીકે અકબર અને ફારૂકે આ'ઝમ رضی اللہ عنہما વધારે કે તમારાં મા બાપ ?! ઉમ્મુલ

મુ'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا વધારે કે તમારી મા ?! આપણે સિદ્દીક઼ તથા ફારૂક઼ (رضی اللہ عنہما)ના અદના ગુલામ છીએ અને અલ્હમ્દુલિલ્લાહ ! કે ઉમ્મુલ મુ'મિનીનના બેટા કહેવાઈએ છીએ, તેમને ગાળો આપનારાઓ સાથે જો એ વર્તાવ ન કરીએ જે આપણે પોતાની મા બલ્કે આપણને પોતાને ગાળો ભાંડવાવાળાઓ સાથે કરો છો તો આપણે ઘણા જ નમક હરામ અને અત્યંત બુરા, નાલાયક બેટા છીએ ! ઈમાનનો ચૂકાદો તો આ જ છે, પછી તમે જાણો અને તમારું કામ.'' *(અલ્ મલ્ફૂઝ, ૧/૯૮)*

આ સર્વ વિગતોને જાણવા પછી એ હક઼ીક઼તને સમજવું તથા સ્વીકારવું મુશ્કેલ નહીં રહે કે ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ ઘણા જ રહમ દિલ, દયાળુ તથા મુસલમાનોના એક મહાન ખૈરખ્વાહ અને અખ્લાક઼ી ખૂબીઓથી માલામાલ હતા, સખ્તી કરનાર હરગિઝ ન હતા.

મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી (એડિટર માહનામા અશ્રફિયા, મુબારકપુર) અશ્રફિયા, માર્ચ–૨૦૦૮ લખે છે :–

''ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પોતાના આક઼ા મદની તાજદાર ﷺના સાચા ગુલામ અને પાકા વફ઼ાદાર હતા. તેમણે આક઼ા ﷺની સુન્નતોનું સહેજ ઉલ્લંઘન ન કર્યુ, આપ જાહેર જીવનથી લઈ એકાંત સુધી શરીઅત તથા તરીક઼તના પાબંદ રહેતા. જેની આંખોમાં અખ્લાકે નબવીની તસ્વીર ફરતી હોય તે કદી સખત મિજાઝ નથી હોઈ શકતો, તે કદી સખ્તીને પસંદ કરનાર નથી હોય શકતો. તે માનવતાના પ્રતીક હતા, ઈન્સાની હક્ક઼ને અદા કરવું એ આપની વિશેષ ખૂબી હતી, આજિઝી અને ઈન્કેસારી આપનો સદ્‌ગુણ હતો, તેમની મનમોહક જિંદગીનો અભ્યાસ કરો મહોબ્બત જ મહોબ્બત નજર આવશે.'' *(માહનામા અશ્રફિયા–મુબારકપુર, ૩–માર્ચ–૨૦૦૮)*

પેજ નં. **૧૫** નું ચાલુ...

ફર્માવનાર છે.

**મિટ ! કે ગર યૂં હી રાહ ક઼ર્ઝે હયાત**
**જાન કા નીલામ હો હી જાએગા**

*(મિટ = ફના થઈ જા, ક઼ર્ઝે હયાત = ઝિંદગીનો કર્ઝો, નિલામ = હરાજી)*

**અર્થ :** ઈશ્કે રસૂલમાં ફના થઈ જા, જો એવી રીતે નહીં મિટે તો જિંદગીનો કર્ઝો રહી જશે અને તારા જાનની હરાજી થઈ જશે કે એક દિવસ ફરિશ્તો તારી રૂહ લઈ જશે.

**આક઼િલો ! ઉન્કી નઝર સીધી રહે**
**બૌરોંકા ભી કામ હો હી જાએગા**

(આક઼િલો = બુધ્ધિમાનો, બૌરોં = મંદબુધ્ધિઓ)

**અર્થ :** અય અકલમંદો ! તમે પોતાના ઈલ્મ અને બુધ્ધિ પર નાઝ કરો છો અને અમને મંદબુધ્ધિ અને હકીર સમજો છો, પણ યાદ રાખો જો તેમની એક નજર અમારા પર પડી ગઈ તો અમારો બેડો પાર થઈ જશે.

**અબ તો લાઈ હે શફાઅત અફ્વ પર**
**બળ્હતે બળ્હતે આમ હો હી જાએગા**

**અર્થ :** હવે તો હુઝૂર ﷺની શફાઅત માફીના દરવાજા પર લઈ આવી, માફી વધતાં વધતાં આમ (સર્વ વ્યાપી) થઈ જશે, એટલે આખી ઉમ્મત બખ્શાઈ જશે.

**અય 'રઝા' હર કામ કા એક વક઼્ત હૈ**
**દિલકો ભી આરામ હો હી જાએગા**

**અર્થ :** અય રઝા ! (આ'લા હઝરત) દરેક કામનો એક વખત હોય છે, જો તારું દિલ હુઝૂર ﷺની યાદમાં બેચેન છે તો ગભરા નહીં ! એક દિવસ મદીના જઈશું તો તેને પણ આરામ થઈ જશે.

**હિંમતનગરમાં ''બરકાતે ખ્વાજા'' (માસિક) નોંધાવવા સંપર્ક કરો**

**૧.** ડૉ. મુહમ્મદ નઝીર અહમદ દેવલા, ૫/૮૫૬ દારૂશિફા, તસ્નીમ હાઉસ, મુસ્તફા મસ્જિદ પાસે, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર, મો. ૯૮૨૫૬ ૩૨૭૮૧

**૨.** મૌલાના અબ્દુલગની રાજેભાઈ, પોલોગ્રાઉન્ડ, ૫–આસિફ સોસાયટી, અલિફ મસ્જિદ સામે, મો. ૯૯૨૪૭ ૮૦૧૯૧

# દીની મદ્રસાઓ પર અમેરિકાની કૃપાદૃષ્ટિ શાથી ?!

રજૂકર્તા : **હઝરત મુફતી મુઝમ્મિલ બરકાતી** *(દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

ઈસ્લામી ઈતિહાસથી માહિતગારો આ વાત સારી રીતે જાણે છે કે ઈસ્લામને જેટલું નુકશાન યહૂદીઓએ પહોંચાડેલ છે તેની સરખામણીમાં બીજી કોમોથી ઈસ્લામને નુકસાન ઓછું થયેલ છે. દરેક જમાના અને દરેક કાળમાં ઈસ્લામ દુશ્મનીમાં યહૂદીઓ સૌથી મોખરે રહેતા અને વર્તમાનકાળમાં પણ ઈસ્લામના સૌથી મોટા દુશ્મન તરીકે યહૂદીઓ જ જગ જાહેર છે. કેમ કે અરબ તથા અજમના સરદાર હુઝૂર ﷺ ના આ દુનિયામાં તશરીફ લાવ્યા પછી તેમની સરદારી અને નેતૃત્વનો સદંતર અંત આવી ગયો. એટલે કે જે પવિત્ર નબીના આગમનથી તેમની સરદારીનો ખાતમો બોલી ગયો, એમને અને એમના પવિત્ર ધર્મને દુનિયામાંથી નામશેષ કરવા તથા મુસલમાનોના દિલોમાંથી ઈશ્કે રસૂલ અને ઈસ્લામી રૂહ કાઢવા તે વખતથી જ તેઓ લગાતાર પ્રયત્નો કરી રહ્યા છે અને અલગ અલગ પ્રકારનાં ષડયંત્ર બનાવી તેને અમલમાં લાવી રહ્યા છે. અને તેમાં ઘણી હદે સફળ થઈ ચૂકયા છે.

આવા જ પ્રકારની એક યોજના હેઠળ અમેરિકા હવે હિન્દુસ્તાની મદ્રસાઓ ઉપર કૃપાની દ્રષ્ટિ કરતો જોવા મળે છે કેમ કે તેણે હાલમાં ઘણા બધા ઉલમા અને મદ્રસાઓના જિમ્મેદારોને વિઝિટ કરવા તથા મોજ માણવા અમેરિકા બોલાવ્યા છે તથા મદ્રસાઓની માલી સહાયતા પણ ખુબ જ કરી છે. પાક્ષિક છાપા ''નવી દુનિયા''ના લેખ મુજબ **મદ્રસાઓમાં પાંચ હજારથી વધારે કોમ્પ્યુટર દેવામાં આવ્યાં** છે. તો બીજી તરફ અમેરિકા અને બ્રિટનના એલચીઓ ધીરે ધીરે મદ્રસાઓના દોરા કરી રહ્યા છે. જેમ કે થોડા દિવસો પહેલાં ''ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોન્ફરન્સ''માં અમેરિકાના એલચી ''રાશિદહુસૈન'' હિન્દુસ્તાનના દૌરા પર નવ દિવસ માટે આવેલ હતા. ત્યારે તેમણે અહિંની કોલેજો, યુનિવર્સિટીઓ અને દારુલ ઉલૂમ દેવબંદ સહિત ઘણા મદ્રસાઓની મુલાકાતો લીધી. જ્યાં તેમનું ભવ્ય અને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. જેનાથી પ્રભાવિત થઈને ''રાશિદ હુસૈને'' દારુલ ઉલૂમ દેવબંદની માલી સહાયતાની જાહેરાત કરી સાથોસાથ ત્યાંના ઝિમ્મેદારો અને મૌલ્વીઓને અમેરિકાના દૌરાની દાવત પણ આપેલ. એટલું જ નહીં પરંતુ તેમણે હિન્દુસ્તાનના ગૃહમંત્રીને એવો પ્રસ્તાવ પર મૂકયો કે હવે મદ્રસામાં ઈંગ્લિશ તથા આધુનિક શિક્ષણ માટે પોતાના ટીચરો મોકલશે અને તેના માટે મંજૂરી માંગી છે.

**આશ્ચર્યની વાત છે કે આ જ અમેરિકા કે થોડા સમય પહેલાં મદ્રસાઓને આંતકવાદીઓનું મથક કહેતાં કહેતાં જેનું ગળુ સૂકાઈ ગયું અને ત્યાંના શિક્ષકોને અને સંચાલકોને આતંકીય પ્રવૃત્તિ રચનારાઓ તરીકે દુનિયામાં બદનામ અને અપમાનિત કર્યા હતા, તે જ અમેરિકા હવે આવા આતંકવાદીઓનું સન્માન કરી રહી છે ! તેમને પોતાના મહેમાન બનવાની ઓફરો આપે છે ! તેમના અડ્ડાઓની સહાયતા કરી રહી છે ! પોતાના કાબેલ અને ઉચ્ચ કેટેગરીના ટીચરોને તેમને ત્યાં શિક્ષણ આપવા માટે મંજૂરી માંગી રહી છે.** ચોક્કસ તેમાં તેનું કોઈ છળકપટ છુપાયેલું છે. અને જો તેની ભીતરમાં ડોકિયું કરીએ

તો તેનું કારણ નજર સમક્ષ આવી જાય છે કે યહૂદીઓ જાણે છે, હિન્દુસ્તાનમાં રૂઢીચુસ્ત મુસલમાનોની વસ્તી સૌથી વધારે છે. (અને એમાં કોઈ બેમત નથી કે ઈસ્લામ ઉપર અડગતા અને દઢતા એ જ મુસલમાનોની સફળતાની સીડી છે.) જે પોતાના પયગંબરને પોતાની જાનથી પણ અધિક ગણે છે અને અમેરિકા સહિત બીજા યહૂદી દેશોના વિરોધમાં પ્રદર્શનો પણ સહૂથી પહેલાં ત્યાં જ થાય છે. આ પહેલાં અફઘાનિસ્તાનમાં યહૂદીઓએ પોતાના શિક્ષકો આપીને ધર્મના નામ પર ત્યાંના લોકોને ઉશ્કેરીને અને આતંકીય પાઠ ભણાવીને રશિયાના વિરોધમાં તૈયાર કર્યા હતા. જો કે આ જ તાલિબાનો આજે અમેરિકા માટે માથાનો દુઃખાવો બની ગયા છે. પણ તેઓ હિંદુસ્તાનના મદ્રસાઓમાં પોતાના શિક્ષકો આપીને ઈસ્લામના શુરવીર સિપાહીઓ અને વિદ્યાર્થીઓમાંથી ઈસ્લામની ભાવના કમજોર કરવા માંગે છે. અંગ્રેજી શિક્ષણના નામ પર ધાર્મિક શિક્ષણને નામશેષ તથા વિનાશ કરવાની તેમની નાપાક યોજના છે, જેના પરિણામે આ દીની મદ્રસાઓ કેવળ નામના મદ્રસાઓ રહી જાય અને દીન નામની કોઈ વસ્તુ તેમાં ન રહે. ત્યાર પછી યહૂદીઓના વિરોધમાં તેઓ બંડ પોકારી ન શકે તથા તેમની દરેક પોલિસી પર આંધળા બનીને હામી ભરી આપે જબાન દાઢી ટોપીવાળાઓની હોય પણ વાત બીજાઓની હોય, કલમ આપણી હોય પણ લખાણ બીજાઓનું હોય.

મારી સમજ પ્રમાણે તેઓની વર્તમાનકાળની પોલીસી કોઈ નવી પોલીસી નથી. જો આપણે હિંદુસ્તાનના ભૂતકાળને જોઈએ અને એ વખતના ઈતિહાસને વાંચીએ જ્યારે અંગ્રેજોનું આપણા દેશ ઉપર શાસન હતું તો આ હકીકત વાંચતાં આંખો ચાર થઈ જાય છે કે જ્યારે અંગ્રેજોએ પારખી લીધું કે હિંદુસ્તાનમાં મુસલમાન એવી કોમ છે કે જ્યાં સુધી તેમને વશમાં ન કરી લેવામાં આવે ત્યાં સુધી હિંદુસ્તાન ઉપર કબજો અને શાસન કરવાનું વિચારવું સ્વપ્ન જોવા સમાન છે, ત્યારે આ લુચ્ચી કૌમે આવું જ કાવત્રું ઘડયું હતું કે મુસલમાનોના કહેવાતા ગરૂ ઘંટાલોને પૈસા, રૂપસુંદરીઓ અને સત્તાની લાલચ આપીને પોતાના નમકહલાલ ગુલામ બનાવી લીધા, અને એ ગુલામોએ ગુલામીનો એવો હક્ક અદા કર્યો કે મદ્રસાઓમાં કુર્આન અને હદીષના દર્સની જગ્યાએ અંગ્રેજોના પાઠ ભણાવવા લાગ્યા. દિલ્હીની જામેઅ મસ્જિદમાં ભર પબ્લિક વચ્ચે અંગ્રેજો સાથે જેહાદ કરવાનું હરામ હોવાનો ફત્વો બહાર પાડયો, અને કુર્આનની આયાતે જેહાદનો આખો મતલબ બદલી નાખ્યો. અંગ્રેજોની સહાયતા અને મદદ કરવાની મુસલમાનોને સલાહ આપી. એટલું જ નહીં પરંતુ અંગ્રેજોની તરફેણમાં પંજાબ અને અફઘાનિસ્તાનના મુસલમાનો સામે લડાઈ કરી. બીજી તરફ અંગ્રેજોની બક્ષિસ અને ઈનામની વર્ષા પણ તેમના ઊપર ખૂબ જ થઈ અને આ વર્ષાથી તેઓ એવા ભીંજાઈ ગયા કે આજ સુધી ભીંજાયેલા છે અને આજે એમની નસ્લો એના છોડ અને પુષ્પ સ્વરૂપે જોવા મળે છે. તેમની લખાયેલી કિતાબો *(જેમ કે દેવબંદી પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કુખ્યાત કિતાબ 'તકવિયતુલ ઈમાન' –તંત્રી)* લંડનથી છપાઈને ફ્રી વહેંચવામાં આવી. લેફટન્ટ ગવર્નમેન્ટ તરફથી તેઓને દર મહિને પગાર આપવામાં આવતો, મોટા મોટા ઈલ્કાબોથી તેમને નવાઝવામાં આવ્યા. કોઈને "શૈખુલ હિંદ"નું ટાઈટલ આપવામાં આવ્યું, કોઈના નામ આગળ "શમ્સુલ ઉલમા"નું થીંગડું લગાડી દેવામાં આવ્યું. આ કહેવાતા મુસલમાનોના ગુરૂઓએ મુસલમાનોની એકતાને છિન્નભિન્ન કરી નાખી અને આખા દેશમાં મુસલમાનોની અંદર ફૂટ પડી ગઈ અને અંગ્રેજો સામે લડાઈની જગ્યાએ તેઓ આંત્રિક લડાઈમાં મશગૂલ થઈ ગયા, જેનાં પરિણામો આજ સુધી જોવા મળે છે.

આજે પણ આ જ પોલિસીને લઈને તેઓ પોતાનું મિશન આગળ વધારવા માંગે છે, તફાવત એટલો જ છે કે પહેલાં કહેવાતા મુસ્લિમ મોલ્વીઓ અંગ્રેજોનો પાઠ ભણાવતા અને હવે અમેરિકનો પોતાના શિક્ષકો વડે આ પાઠ ભણાવશે, વસ્તુ એક જ છે માત્ર પેકિંગ બદલાઈ ગયું છે !

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

**★ બરકાતે ખ્વાજાના ગ્રાહક વધારો ! ★**

મુજાહિદે અહલે સુન્નત, નાશિરે મસ્લકે આ'લા હઝરત, મુહિબ્બે ગિરામી પટેલ શબ્બીર અલી રઝવી સાહબ, સલામો રહમત, આપનો તંત્રી લેખ વાંચીને આપણા (ધર્મોમાં ભેળસેળ કરતા) કહેવાતા કેટલાક પીર સાહબોની હાલત જાણવા મળી કે તેઓ પોતે દિન બદિન જહાલતના અંધકારમાં ડૂબતા જાય છે સાથે સાથે સુન્ની અવામને પણ ગરક કરવામાં પડેલા છે. ખુદા પાક સમજની તૌફીક આપે. (આમીન) આપની કલમથી અહલે સુન્નતનું અજોડ કામ થઈ રહ્યું છે. સર્વ સુન્ની ભાઈઓને નમ્ર ગુઝારિશ કરું છું કે આપના ગામ, શહેરમાં, સગા વહાલામાં બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બને બનાવે જેથી સાચા સુન્ની કોણ છે તેની સૌને ખબર પડે. – રજૂ: *અબ્દુલસત્તાર રઝવી નૂરી બરકાતી, દા.ઉ. ફૈઝે મુફતીએ આ'ઝમ (વઢવાણસીટી)*

**★ મૌલા નઝરે બદસે બચાયે ! ★**

આલી જનાબ પટેલ શબ્બીર અલી રઝવી તંત્રી : બરકાતે ખ્વાજા–દયાદરા, સલામ મસ્નૂન, માહે ડિસે. ૨૦૧૦ ઔર જાન્યુ. ૨૦૧૧ કે રિસાલે આજ હી મૌસૂલ હુએ, શુક્રિયા ! માશા અલ્લાહ ! બરકાતે ખ્વાજા કાફી માલૂમાત પર મુસ્તમિલ અનમોલ ખજાના હૈ ઔર દિન બદિન તરક્કીકી મંઝિલેં તય કર રહા હૈ ઔર ઈસ દૌરમેં ઈતના ખૂબસૂરત રિસાલા નિકાલના આપકા હી કામ હૈ ! વરના કિતને રિસાલે નિકલે ઔર બંદ હો ગએ. મૌલા તઆલા ઈસ હસીન ઔર તમામ ખૂબીઓં પર મુસ્તમિલ રિસાલેકો નઝરે બદસે બચાએ. (આમીન) *–મૌલાના મઝહરુલ હક્ક઼ રઝવી, પચેગામ (તારાપુર)*

**★ કવરપેજ લાજવાબ હય ! ★**

શબ્બીર અલી રઝવી, સલામ મસ્નૂન, ઈસ બાર "બરકાતે ખ્વાજા" (માસિક) જાન્યુ.૨૦૧૧ કા કવર પેજ બહૂત લાજવાબ હૈ. અલ્હમ્દુલિલ્લાહ ! દિલ ખુશ હો ગયા. ઝાકિર નાયક કે ખિલાફ આર્ટિકલ અચ્છા હૈ ઔર જો લોગ કૌમી એકતા કે નામ પર ડબલ પોલિસી કરતે હૈં ઈસ બારેમેં આર્ટિકલ ભી અચ્છા લગા. અહલે હદીષ કે ઔર ઉન્કે ખયાલકી (રદમેં) આર્ટિકલ લિખ્ખેં.....

*–રજૂ. શાહિદ મિર્ઝા (ધોળકા)*

barkate khawaja team, subhanallah..subhanallah december-2010 bahut...bahut... pasand aaya..mostly i like on ashraf jahangir simnani and written on muharram.. you all people doing great job ...allah kamyabi ata kare ...allah hafiz . Muhammad Soheb m Qureshi

*E-MAIL:soheb.kureshi@gmail.com*

**★ હોસ્ટેલ માટે જોઈએ છે ★**

**મૂળજ** : (તા. મહુધા, જિ. ખેડા) મુકામે સ્કૂલની હોસ્ટેલમાં રહેતી છોકરીઓની પ્રાથમિક દીની તા'લીમ માટે તથા છોકરીઓની દેખરેખ માટે આધેડ વયની દીની મામૂલાત ધરાવતી બહેનની જરૂરત છે. સંપર્ક કરો : ઈબ્રાહીમ મેમણ (મો. ૯૯૧૩૬૦૫૧૫૨)

**★ મેહફિલે સુલ્તાને કર્બલા ★**

**મોડાસા** : થી જનાબ આરિફભાઈ હુક્કાવાલા જણાવે છે મુહર્રમ શરીફ ચાંદ ૧ થી ૧૨ સુધી ઈમામે હુસૈન رضی اللہ عنہ તથા શોહદાએ કર્બલાની યાદમાં મેહફિલ સજી જેમાં મૌલાના મુહમ્મદ યાકૂબ સુબ્હાની મેહલજવી (મુદર્રિસ : દા.ઉ.મુસ્તફાઈયા– હલદરવા) તેમજ હઝરત મૌલાના સૈયદ મુહમ્મદ અહમદમિયાં અશરફી જીલાનીનો શાનદાર ખિતાબો થયા.

**★ મદદ માટેની અપીલ ★**

**જામનગર** : ગામ જામખંભાલિયામાં મતવા મસ્જિદનું નવેસરથી બાંધકામ કરવાનું છે જેનો અંદાજિત ખર્ચ ૧૪ લાખ રૂા. થાય તેમ છે. આવકનું કોઈ સાધન નથી જેથી સખીદાતાઓને નમ્ર અપીલ છે કે અલ્લાહનું ઘર બનાવવામાં મર્હૂમોના સવાબ અર્થે હિસ્સો લઈ જન્નતમાં ઘર બનાવો. સંપર્ક કરો : હારૂનભાઈ ખત્રી, મતવા મસ્જિદ કડીયાવાડ, જામખંભાલિયા–૩૬૧ ૩૦૫ જિ. જામનગર

**★ જશ્ને સંગે બુન્યાદ ★**

**ખેડા** : મોમિનનગર, તવક્કલનગર પાસે "ઈમામ

અહમદ રઝા ટ્રસ્ટ'' થકી ''મસ્જિદે ઈમામ અહમદ રઝા''ની સંગે બુન્યાદ તા. ૧૨–૧–૨૦૧૧ના બુધવારે સવારમાં હઝરત મુફતી અહમદ રઝા સાહબ (દારુલ ઉલૂમ રતનપુર)ની સદારતમાં હઝરત મૌલાના ગ્યાસુદ્દીન સાહબની નિઝામત હેઠળ સૂફીએ બા સફા હઝરત સૈયદ દાદામિયાં બાપુ સાવરકુંડલાવાળાના મુબારક હસ્તે રાખવામાં આવી. જેમાં હઝરત સૈયદ અ. કાદિરબાપુ નાપાવાળાએ તથા હઝરત હાફિઝ હબીબુલ્લાહ વસોવાળા સાહબે નઅત તથા મન્કબતે રઝા પેશ કરી મજમાને ગરમાવી દીધો હતો. છેવટમાં ખલીફા તાજુશ્શરીઅહ્ હઝરત અલ્લામા મુફતી હાફિઝ અશરફ સાહબે (દારુલ ઉલૂમ રતનપુર) ઈમાન અફરોઝ બયાન કર્યું હતું છેવટમાં ન્યાઝ જમાડવાની વ્યવસ્થા થઈ હતી. હાજી હાફેઝ ઈબ્રાહીમ કહાનવાળા, પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક) તેમજ વિવિધ ઉલમા, હુફ્ફાઝની હાજરી હતી. સખીદાતાઓને આ નેક કામમાં સહાયની અપીલ છે.

### ★ જશ્ને મખ્દૂમ અશરફ رحمۃاللہ علیہ ★

**દયાદરા** : નૂરાની મસ્જિદ ઉર્ફે મુખ્તારુલ મસાજિદ ખાતે ૨૬ મુહર્રમ અસરની નમાઝ બાદ હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની رحمۃاللہ علیہની યાદમાં એક શાનદાર જશ્ન મનાવાયો જેમાં આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી રઝવી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) એ શાને મખ્દૂમ અશરફ પર ઈમાન અફરોઝ બયાન કરી આપની કરામતો તથા તબ્લીગે ઈસ્લામ પર રોશની વેરી હતી. –રજૂ *: નૂરી જલસા કમિટી (દયાદરા)*

### ★ જશ્ને શોહદાએ કર્બલા ★

દયાદરા : ખાતે મોટા ચકલા પર ૧૦ મુહર્રમની રાત્રે ઈશા બાદ જશ્ને શોહદાએ કર્બલા મનાવાયો જેમાં હઝરત મૌલાના મુહમ્મદ સાદિક઼ સાબરી દહેગામી સાહબે ઈમામે હુસૈન رضی اللہ عنہની શાનમાં શાનદાર બયાન કર્યું હતું. બીજા દિવસે સવારમાં દયાદરા મસ્જિદમાં હઝરત મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી દહેગામી (મુબલ્લિગ સુન્ની દા'વતે ઈસ્લામી)એ શોહદાએ કર્બલાની યાદમાં નૂરાની બયાન કર્યું હતું. ત્યાર બાદ વ્યક્તિગત રીતે નફ્લો પઢયા બાદ દુઆએ આશૂરા સામૂહિક રીતે હઝરત મૌલાના શાહજહાં મિસ્બાહીએ પઢાવી છેવટમાં દુઆ સલાતો સલામ બાદ પ્રોગ્રામ પૂર્ણ થયો હતો. *–રજૂ. નૂરી જલસા કમિટી (દયાદરા)*

**દયાદરા** : મસ્જિદ ખાતે ૧૪ મુહર્રમ અસર બાદ હુઝૂર મુફતીએ આ'ઝમ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃاللہ علیہની યાદમાં ''જશ્ને મુફતીએ આ'ઝમ'' મનાવાયો જેમાં હઝરત મૌલાના મુહમ્મદ સાદિક સાબરી દહેગામીએ આપના તક઼વા તથા વિલાયત પર રોશની વેરતુ શાનદાર બયાન કર્યું હતું.

### ★ દયાદરામાં ઉર્સે અઝીઝી મનાવાયો ★

**દયાદરા** : ખાતે ''ઉર્સે અઝીઝી'' તા. ૧૩–૧૪ ડિસે. ૨૦૧૦ના મનાવાયો. હઝરત મૌલાના સૈયદ અઝીઝ અહમદ તિર્મિઝી, ચિશ્તી ઉર્ફે બડાસાહબ رحمۃاللہ علیہના મઝાર શરીફ પર તા. ૧૩–૧૨–૨૦૧૦ના રોજ સંદલ ચઢાવવામાં આવ્યું. ૭–મુહર્રમ શરીફ, તા. ૧૪–૧૨–૨૦૧૦ના રોજ દરગાહ શરીફ પર કુર્આન ખ્વાની બાદ, ચાદર તથા ગુલપોશીની રસ્મ, ફાતેહાખ્વાની, શજરા શરીફ પઢી આપના જાનશીન હઝરત સૈયદ નૂરાનીબાવાની બાબરકત દુઆઓ થઈ હતી. ત્યારબાદ મુરીદો અક઼ીદતમંદોને ન્યાઝ શરીફ જમાડવામાં આવી હતી.

### ★ વેરાવળમાં સુન્ની ઈજતેમા ★

તા. ૧૫–૧–૨૦૧૧ના રોજ વેરાવળ મુક઼ામે સુન્ની દા'વતે ઈસ્લામીનો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા ઈશાની નમાઝ બાદ થયો. સ્થાનિક ઉલમા કાઉન્સિલના ઉલમા તેમજ અન્ય બહારના ઉલમાએ કિરામ, હુફ્ફાઝથી સ્ટેજ ભરચક હતું. હજારોની સંખ્યામાં સુન્ની અવામે હાજરી આપી હતી જેમાં મૌલાના સરફરાઝ નૂરી (ખલીફા હઝરત મુજીબ અશરફ)એ બયાન કર્યું

★ ફ્રી દીની મેસેજ ★

મોબાઈલમાં લખો : **JOIN FAIZERAZA** અને નં. **9223492234** પર **Send** કરો. તેમજ લખો: **JOIN SDIPRO** અને નં. **9219592195** પર **Send** કરો. અને દીની માલૂમાતમાં વધારો કરો.

છેવટે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી અતાએ મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરીએ ''ખૌફે ખુદા અને આપણી હાલત'' એ વિષય દિલ વલોવનારું બયાન કરી મજમાને જિંદગીમાં સુધાર લાવવા પીગળાવી દીધો હતો.

### ★ શાદી મુબારક ★

**નબીપુર** : મુકામે તા. ૨–૧–૨૦૧૧ રવિવારે ઝહોરબાદ જનાબ ઈસ્માઈલ આદમ મૂસા કડુજી (તંત્રીના મામા)ના નેક ફરઝંદ ''નઈમ''ની શાદી નબીપુર નિવાસી હાજી સઈદ ઈબ્રાહીમ મોલ્વીની નેક દુખ્તર ''અસ્મા'' સાથે રાખવામાં આવી. ઝોહરની નમાઝ બાદ કસીદા બુર્દા શરીફ તથા નઅતે પાક પઢતા પઢતા સરઘસ પગપાળા નીકળી દુલ્હનને ત્યાં પહોંચ્યું જ્યાં નિકાહ પેશઈમામ હઝરત મૌલાના સૈયદ ગુલામરસૂલ કારંટવી સાહબે પઢાવ્યા. છેવટમાં સલાતો સલામ બાદ દુઆ થઈ હતી. દુલ્હા–દુલ્હન તથા બંનેના કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

**વડોદરા** : (તાંદલજા રોડ) ખાતે તા. ૬–૧–૨૦૧૧ના રોજ રાઠોડ યાકૂબખાન સિકંદરખાન (વડીઆવાલે)ની નેક દુખ્તર તબસ્સુમબીબીના નિકાહ લંડનવાસી મૌલાના રાજ બશીર અહમદ અમાનુલ્લાહના નેક ફરઝંદ ફૈઝ અહમદ સાથે રાખવામાં આવ્યા. મુબારકબાદ ! *–તંત્રી*

**નબીપુર** : ઈસ્માઈલ અલી ઘાસવાલા જણાવે છે કે મર્હૂમ ગુલામભાઈ ઘાસવાલાની નેક દુખ્તર–નઝમાની શાદી ગફુર યૂસુફ બંગડીવાળા (નબીપુર)ના નેક ફરઝંદ રફીક સાથે તા. ૩૦–૧૨–૨૦૧૦ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ ! *–તંત્રી*

**લાતૂર** : હાજી ઉમર કચ્છી જણાવે છે કે મુહમ્મદ યૂનુસ હાજી ઉમર કચ્છી (અલીયાબાડાવાળા)ની નેક દુખ્તર સલમાબાનુની સગાઈ તા. ૨૮–૧૨–૨૦૧૦ જાલના (મહારાષ્ટ્ર) હાજી અન્વરભાઈ નાગોદેરીયા (ઉપલેટાવાળા)ના ફરઝંદ મુહમ્મદ આસિફ સાથે નક્કી થઈ. તેની ખુશીમાં રૂા. ૫૦/– લિલ્લાહ ''બરકાતે ખ્વાજા''ને મોકલ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ આ સંબંધોમાં બરકાતે રાખે. (આમીન) *–તંત્રી*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**લંડન** : ખાતે અમારા મામા અહમદ સુલેમાન કડુજી (તંત્રીના મામા)ના અહલિયા મરયમબેનનો ઈન્તેકાલ થઈ ગયો છે. મર્હૂમાના ઈસાલે સવાબ અર્થે નબીપુરથી આઈશા સુલેમાન કડુજી (મર્હૂમાના સાસુમા) તરફથી રૂા. ૧૦૦૦/– અંકે એક હજાર રૂપિયા પૂરા ''બરકાતે ખ્વાજા'' (માસિક)ને લિલ્લાહ મળ્યા છે. *(જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. –તંત્રી)*

**ઉમલ્લા** : થી મર્હૂમ અબ્દુલભાઈ ઈસપજી ખત્રીના સવાબ અર્થે દારુલ ઉલૂમ ''બરકાતે ખ્વાજા–આમોદ''માં રૂા. ૫૦૦/– લિલ્લાહ મળ્યા છે. *(જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. –તંત્રી)*

**લુવારા** : થી હાફેઝ મુબારક સાહબ જણાવે છે કે એમના ભત્રીજા ઈબ્રાહીમ હાજી ઈલ્યાસ આદમનો ઈન્તેકાલ તા. ૨૧–૧૨–૨૦૧૧ના રોજ ૧૧ મહિનાની નાની વયે થઈ ગયો. મર્હૂમના સવાબ અર્થે રૂા. ૧૫૧/– ''બરકાતે ખ્વાજા'' (માસિક)ને લિલ્લાહ મળ્યા છે. *(જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. –તંત્રી)*

**ભાણવડ** : અશરફ મુહમ્મદના મોટાભાઈ હાજી અ. વાહિદભાઈના એહલિયા કુલષૂમબાઈ આફ્રિકા મોઝામ્બિક ખાતે ૨૯–૧૨–૨૦૧૦ બુધવારે ઈન્તેકાલ કરી ગયાં. *(રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. –તંત્રી)*

**દયાદરા** : ખાતે ઈમ્તેયાઝ ઈબ્રાહીમ દિવાનનો ૨૩–૧૨–૨૦૧૦ જુમેરાતના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે. *(રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. –તંત્રી)*

**નબીપુર** : ખાતે અમીનાબેન આદમ ઘાસવાલા તા. ૫–૧–૨૦૧૧ના રોજ લાંબી માંદગી બાદ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં તેમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*

## અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમીનો કા'બા શરીફમાં પ્રવેશ !



મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાખાં આ'ઝમીને ૧૪–મુહર્રમ શરીફના રોજ ગુસ્લે કા'બાના અવસરે કા'બા શરીફની અંદર પ્રવેશવાની સદ્‌નસીબી મયસ્સર થઈ હતી અને જ્યાં હુઝૂરે અકરમ ﷺએ નમાઝ પઢી ત્યાં નમાઝ પઢવાનું નસીબ થયું હતું. આ નેકનસીબી પર ''બરકાતે ખ્વાજા'' (માસિક) દયાદરા તથા ''સુન્ની દા'વતે ઈસ્લામી'' (ગુજરાત ઝોન) તરફથી અમો દિલના ઊંડાણથી મુબારકબાદ પેશ કરીએ છીએ. હાલ ઈન્ડિયામાં આપનો તબ્લીગી દૌરો ચાલી રહ્યો છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં આપને લાંબી ઉંમર તંદુરસ્તી સાથે આપે અને આપ દીર્ઘકાળ સુધી અહલે સુન્નતની રહનુમાઈ કરતા રહો એવી દુઆ છે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ઉર્દૂ માસિક ''સુન્ની દા'વતે ઈસ્લામી''ના ગ્રાહક બનો !


આલમી તેહરીક ''સુન્ની દા'વતે ઈસ્લામી'' થકી અતિશય મેઅયારી તથા ઈલ્મી ઉર્દૂ મંથલી શરૂ થઈ ગયેલ છે જેમાં અહલે સુન્નતના ઉચ્ચ કોટીના ઉલમા તથા મુફતીઓના લેખો તથા ફતાવા પ્રસિદ્ધ થઈ રહ્યા છે જેનાથી આપની ઈલ્મી માલૂમાતમાં વધારો કરવા આજે જ રૂા. ૧૫૦/– મની ઓર્ડર કરી ગ્રાહક બની બનાવી દીનો સુન્નિયતના પ્રચાર કાર્યમાં સહકારી થશો. સંપર્ક સરનામુ :–

**SUNNI DAWATE ISLAMI MONTHLY**

**Syed Ashiq Shah Bukhari Masjid, 128-Shaiyda Marg, Char Nal, Dongri, Mubia-09, Phoe. 022-23451292, 23434366**


## ★ કિતાબ મંગાવો ★


**તવારીખની તલ્વાર** (પેજીસ : ૧૦૪, કિંમત : રૂા. ૪૦/– )

સંપાદક : મર્હૂમ અબ્દુલ ગફ્ફાર ચોલા સાહબ

પ્રકાશક : મુહમ્મદ અમીન એ. ચોલા (નૂરી) ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ, જામનગર–૩૬૧ ૦૦૧, મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦

આ કિતાબમાં તુર્કી ઉષ્માની સુન્ની હુકૂમતનો ઈતિહાસ રજૂ થયો છે કે તેમણે મક્કા શરીફ તથા મદીના શરીફની કેવી અદબ કરી હતી. મસ્જિદે નબવી, રોઝા મુબારકની શું અદબ થતી હતી અને હાલના નજદી વહાબીઓએ કેવી કેવી બદ્‌તમીઝીઓ બેઅદબીઓ કરી છે તેને વાંચો અને જાલિમોની અસલ હક઼ીક઼તથી વાકેફ થઈ તમારા ઈમાનને બચાવો.

## ★ ફક્ત પોસ્ટકાર્ડ લખી મંગાવો ★

પોકેટ સાઈઝ પુસ્તિકા : **''મહબ્બતે રસૂલ ﷺનો તકાઝો''** પ્રકાશક : મસ્લકે આ'લા હઝરત પ્રચાર સમિતિ C/o. મેટ્રીક્સ ડીઝીટલ આર્ટ, ગેલેક્સી ચોક, જૂની કન્યા વિદ્યાલય સામે–ધોરાજી, મો. ૯૮૭૯૭ ૩૩૧૦૦

## ★ રૂા. ૫/–ની ટપાલ ટિકિટ મોકલી મંગાવો ★

કિતાબ : **(૧) રોશન સિતારા (''યાદે કર્બલા''નો લેખોનો સંગ્રહ) (૨) ઈસ્લામમાં જૂઠ તથા વાદા ખિલાફીની બુરાઈ** પ્રકાશક : ગરીબ નવાઝ કમિટી, C/o. ઉષ્માનભાઈ મન્સૂરી, મુ. હાપા, જિ. જામનગર

## ભાવનગરમાં સુન્ની ઈજતેમા કામયાબ

''સુન્ની દા'વતે ઈસ્લામી'' (ભાવનગર શાખા) થકી તા. ૮–૯ જાન્યુ. ૨૦૧૧ બે દિવસ માટે અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા કુંભારવાડા–હઝરત લિયાકતઅલી બાપુ દરગાહ કંપાઉન્ડ ખાતે યોજાયો. શનિવારે ઝહોરબાદથી રાત્રે સાડા નવ સુધી બહેનોની ઈસ્લાહ માટે ઔરતોના સંબંધે બયાનો મકામી ઉલમા તથા મુબલ્લિગો જનાબ હાફિઝ અબ્દુર્રહીમ ભોલાવવાળા, જનાબ ઈમ્તયાઝ ભીવંડીવાળા વગેરએ બયાનો કર્યા. છેવટે બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબે પોતાના અનોખા અંદાઝમાં નઅતે પાકની સાથોસાથ ઔરતોની ઈસ્લાહ માટે બયાન પેશ કર્યુ હતું. રવિવારે ૧૧ વાગે શરૂ થયેલ મર્દોના ઈજતેમામાં હજારોની સંખ્યામાં મસ્લકે આ'લા હઝરતના શયદાઈઓની ભીડ જામી હતી જેમાં વિવિધ ઉલમા મુબલ્લિગોનાં બયાનો થતાં રહ્યાં. છેવટમાં હઝરત મૌલાના ગુલામ ગૌષ અલ્વી સાહબે વરાસતના સંબંધે ઈલ્મી બયાન કર્યુ ત્યારબાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી સાહબે ખૌફે ખુદા અને મહબ્બતે રસૂલ (ﷺ) વિષયે હૃદયદ્રાવક વલવલાઅંગેઝ બયાન કુર્આનની આયતો તથા હદીષોના ભરમાર સાથે કરી હાજરજનોનાં દિલો પીગળાવી દીધાં હતાં. અંતમાં મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી (સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન, યુ.કે.) સાહબે રસૂલે પાક ﷺથી રિશ્તાને મજબૂત કરવા સંબંધે અતિ અસરકારક બયાન કર્યું, છેવટમાં ઝિક્ર બાદ રિક્કતઅંગેઝ દુઆ બાદ કામયાબી સાથે ઈજતેમા પૂર્ણ થયો હતો.

## બહેરા મૂંગા ભાઈઓનો દીની ઈજતેમા

મકતબાએ રઝા ટ્રસ્ટ–સૂરતના સંચાલન હેઠળ તા. ૬ ફેબ્રુઆરી ૨૦૦1 રવિવારે સવારે ૧૦ થી ૨ સુધી બહેરા મૂંગા ભાઈઓ માટે દીની ઈજતેમાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં ઈશારાની ભાષામાં દીની તા'લીમ આપવામાં આવશે. બહારગામથી આવનાર માટે જમવાની વ્યવસ્થા છે. સ્થળ : જાલીવાળી મસ્જિદ, ગોપીપુરા, મોમનવાડ, સૂરત, વધુ વિગત માટે સંપર્ક કરો : મો. ૯૩૭૬૬ ૭૦૩૧૦

## છે કોઈ હદીષોના પ્રચારનો ચાહક ?!

**નુઝહતુલ કારી શરહે બુખારી** એટલે **''બુખારી શરીફની શરહ (ભાગ–૩)''** હાલમાં છપાવવા માટે જઈ રહી છે. તો પોતાના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ કામમાં કોણ છે જે અમારી મદદ કરે ?! અંદાજીત ખર્ચ **રૂા. ચાર લાખ** (૫૦૦૦ કોપી)નો ખર્ચ થશે. તો અમારા આ સાહસમાં અલ્લાહ વ રસૂલની મહોબ્બતને ખાતર કોણ છે જે અમને ટેકો કરે ?! **રૂા. ૩૦૦/–** ભરી **''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા''**ના **મેમ્બર** થનારને આ કિતાબ તથા વરસભર છપાતી અન્ય કિતાબો ફ્રીમાં ઘેર બેઠાં મળશે.

**સંપર્ક કરો :–** તંત્રી બરકાતે ખ્વાજા, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**અલ્લાહ જઝાએ ખૈર અતા કરે !**

**સરખેજ** : મકરબાથી મર્હૂમા ઝુલેખાંબાનુ રફીકભાઈ વૈદના ઈસાલે સવાબ અર્થે **બુખારી શરીફ**ની શરહ **નુઝહતુલ કારી (ભાગ–૩)**ના છાપકામમાં સહાય અર્થે **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ને રૂા. ૨૧૦૦/– મળ્યા છે.

**પેટલાદ** : મર્હૂમ કાસમભાઈ અલીભાઈ અજમેરી (પેટલાદ)ના ઈસાલે સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી રૂા. ૧૦,૦૦૦/– **બુખારી શરીફ**ની શરહ **નુઝહતુલ કારી (ભાગ–૩)** છપાવવા લિલ્લાહ મળ્યા છે.

★ જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબ ના સદકામાં મર્હૂમોની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા*